

# પૂર્ણાષ્ટક

ચિત્રભાનુ

# જ્ઞા ન સા ર

: પ્ર વ ચ ન કા ર :

પૂ. મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ

ચિત્રભાનુ

પ્રકાશક :
કાન્તિલાલ નહાલચંદ
દિવ્ય જ્ઞાન સંઘ
ક્વીન્સ વ્યૂ, વાલકેશ્વર
મુંબઈ-૬

મુલ્ય : રૂા. ૧=૫૦

મુદ્રક :
હિંમતલાલ લલ્લુભાઈ શાહ
બીપીન પ્રિન્ટરી
ગોંડલ રોડ,
રાજકોટ.

પરમ યોગી આનંદઘને સાચું જ કહ્યું છે. "પરમનિધાન પ્રગટ મુજ આગળ જગત ઓળંગ્યું જાય" ખજાનો તો સામે જ પડ્યો છે પણ વૃત્તિઓમાં અંધ બનેલ જગત આ નિધાનને ઓળંગીને જાય છે. એને દેખાડનાર કોઇ જ્યોતિ કે દૃષ્ટી મળે તો જ દેખાય.

જ્ઞાનસારનો ખજાનો અસીમ છે. પુ. મુનિશ્રી ચિત્રભાનુએ કૃપા કરી એનો પ્રથમાંશ પૂર્ણાષ્ટ દેખાડવાનો પ્રયત્ન ચોપાટીના ચાતુર્માસમાં કર્યો હતો તેની આ નોંધ છે.

સંવત
૨૦૨૭

લી.
દિવ્યજ્ઞાન સંઘના
ટ્રસ્ટીઓ

# પૂર્ણાષ્ટક (૧)

ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥

તત્ત્વને શોધવા શાંતિ, એકાંત અને સ્થિરતાની અનિવાર્ય આવશ્યકતા છે. જેટલી વિશાળતા એટલો જ પ્રકાશ અને એટલી જ હવા મળે છે. તત્ત્વગવેષણને ક્ષુદ્ર, મર્યાદિત, સંકુચિત મન કામ ન લાગે, મન અને વિચારની વિશાળતા જ કામ લાગે.

મનને મનન દ્વારા વિશાળ કરવા અને વિચારોને વ્યાપક કરવા જ્ઞાનસાર જેવો ગ્રંથ જરૂર સહાયક બને.

આ ગ્રંથનો પ્રારંભ જ પૂર્ણથી થાય છે. આપણને પ્રતીતિ થાય કે હું પૂર્ણ છું તો આપણી અપૂર્ણ પ્રત્યેની દોટ ઓછી થાય. જ્યાં સુધી આપણી ઓળખ આપણને થાય નહિ ત્યાં સુધી આપણી વસ્તુને સાચવવા માટેની અભિરુચિ પણ ન જાગે.

પ્રથમ અષ્ટકમાં આત્માની પૂર્ણતાનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

દરેક શકિતનું બીજમંત્ર હોય છે, એ શકિતને નિમંત્રવા બીજમંત્ર કામ લાગે છે. "ऐं" એ સરસ્વતીનો બીજમંત્ર છે. માતા સરસ્વતી દેવીને નિમંત્રણ આપીને ગ્રંથકાર આગળ વધે છે.

ऐन्द्रનો બીજો અર્થ આ પણ થાય. ભૌતિક સુખની છેલ્લામાં છેલ્લી પરાકાષ્ઠા એટલે ઈન્દ્ર. પણ એ ઈન્દ્રને ય આંતરિક શ્રી –લક્ષ્મી છે કે નહિ તે તો એક પ્રશ્ન જ છે.

અહીં તો આંતરિક શ્રીની વાત ચાલે છે. એટલે ચેતનાની આંતરિક લક્ષ્મીના સુખમાં મગ્ન એવો આ આત્મા પૂર્ણ જ જુએ. આપણો આત્મા કેવો છે? આંતરિક શ્રીના સુખમાં મસ્ત છે. એ સામાન્ય કે તુચ્છ નથી. આંતરિક શ્રી આપણા આત્મામાં ભરેલી છે પણ એ શ્રીની કોને અનુભૂતિ થાય છે?

જે આત્મા સત્, ચિત્ અને આનંદની પૂર્ણ અનુભૂતિ સ્વમાં કરે છે તેને થાય છે.

આ ત્રણ શબ્દો આપણા આત્માની ઓળખ આપે છે. તું કેવો છે? તારું સ્વરૂપ શું છે?

સત્, ચિત્ અને આનંદ એ મારું રૂપ છે, મારૂં સ્વરૂપ છે. મારામાં એ છે અને હું એનો સ્વામી છું.

માણસ જ્યારે પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે ત્યારે એ બીજી જ વસ્તુને વળગી પડે છે. જે વસ્તુનો માણસ લાંબા કાળથી વિચાર કરતો હોય તે ધીમેધીમે એવો થઈ જાય છે.

હું સત્ છું, શાશ્વત છું. વિશ્વની બધી વસ્તુઓ બદલાઈ જાય તો ય હું નહિ બદલાઉં, બધી વસ્તુઓ જલી જાય તો ય હું નહિ જલું, બધું ખતમ થઇ જાય ત્યારે પણ હું રહેવાનો. સત્‌ને કોઈ નષ્ટ કરી શકતું નથી, ભાંગી શકતું નથી, ખલાસ કરી શકતું નથી, મારી શકતું નથી. ત્રણે કાળમાં રહે તેનું નામ સત્.

કેવી રીતે રહે? આકાર બદલાઈ જાય; દેહ બદલાઇ જાય; નામ, ગામ અને મુકામ બદલાઈ જાય પણ સત્ રહે.

આત્મા આ શરીરમાંથી ગયો પણ ક્યાં ગયો ? એક ઠેકાણેથી ગયો, પણ બીજે ઠેકાણે થયો! વિશ્વમાંથી નથી ગયો. ચૌદરાજલોકમાં જ છે.

આ જગતમાં આપણે આ બધું નવું સગપણ ઊભું કર્યું છે. બાળપણથી એ શીખવાડવામાં આવે છે. આ એક આરોપણ છે, આપણે આ બધું લઈ બેઠા છીએ. આ સંસ્કાર ધીરેધીરે તીવ્ર બની ગયા છે. સંસ્કારને કારણે આપણે એ દેહમય બની ગયા છીએ. અને એટલે જ આખો દહાડો મર્યા કરીએ છીએ; જાતના નામે, ગામના નામે, કોમના નામે, કે પંથના નામે.

જે દિવસે આત્મા સત્ છે, શાશ્વત છે, રહેવાનો છે એ સમજાય પછી સ્વજનના મૃત્યુમાં પણ નવાઇ ન લાગે. એ જાણી ગયો કે જન્મ પહેલાં પણ જીવન હતું અને મરણ પછી પણ જીવન છે. જીવન મરતું નથી, દેહ મરે છે. જીવન તો શાશ્વત છે. એ જે જાણે છે એને કાંઇ અફસોસ નથી.

જે ઘડીએ તમે આ સમજી જાઓ પછી તમને આંચકો લાગે જ નહિ. સંસારના બનાવોથી વધારે વૈરાગ્ય આવે.

આંચકો કે આઘાત લાગે એવા બનાવો બને, ત્યારે ચેતના વધારે પ્રાજ્ઞ બને. મનમાં થાય કે જ્ઞાનીઓ જે કહેતા હતા એ સાચું પડયું. અત્યાર સુધી પુસ્તકિયું જ્ઞાન હતું, હવે મને દર્શન થયું.

હું સત્ છું, મરવાનો નથી, આ વિવેક જાગતાં આ દેહની મમતાને કારણે આજે જે દુઃખ થાય છે તે દૂર થશે. ખ્યાલ આવશે કે આત્માનું સ્વરૂપ દેહથી જુદું જ છે.

જે મર્યો છે તે જન્મ લેવાનો જ છે. મર્યો એટલે કાંઈ જતો નથી રહ્યો. "પાછો થયો", અહીંથી ગયો પણ ક્યાંક પાછો થઈ ગયો, બીજે ઠેકાણે જન્મ લઈ લીધો, એમાં દુઃખી થવાનું શું? સત્નો અનુભવ થાય એટલે જીવન પ્રત્યેની મૂર્છા ઓછી થાય અને મૃત્યુનો ભય નીકળી જાય.

સોનું એ સત્ છે. દાગીનાને ભાંગી નાખો, ઓગાળી નાખો પણ સોનું તો રહે જ ને? જૂનો દાગીનો તોડાવી નવો બનાવો. જૂનું ગયું, નવું થયું પણ સોનું તો રહ્યું જ. સોનું ત્રણે કાળમાં છે.

એમ આપણા દેહ બદલાતા જાય છે. જન્મ જન્માંતરમાં અનંત આકાર લેતા આવ્યા, પણ અંદરનું તત્ત્વ તે જ તટસ્થ સ્વરૂપે છે.

મૂળતત્ત્વનો સ્પર્શ થતાં હું કેવો કે કેવી નથી રહેતું: આત્મા સ્વસ્થ છે. પુઃ એટલે શહેર અને ઉષ એટલે વસવું. પોતામાં વસે તે પુરુષ. આત્મા સ્ત્રી નથી. પુરુષ નથી, નાન્યતર નથી. આત્મા તો આત્મા છે.

આત્માને પુરુષ કહ્યો છે એટલે પુરુષનો આકાર નહિ. આત્માના ગુણોને ખીલવવા માટે, વિકસાવવા માટે, મેળવવા

માટે જે કોઇ વ્યકિત પ્રયત્ન કરે એ પુરુષાર્થવાન વ્યકિત પુરુષ કહેવાય છે. આત્માના ગુણો માટે પુરુષાર્થ કરે તે પુરુષ. જે કોઇ આત્મા મહેનત કરે, આત્મા તરફ જવા માટે ઉદ્યમવંત બને, પોતાના પુરુષાર્થને પ્રકટ કરે એ બધા જ પુરુષ કહેવાય છે.

આનંદઘનજીએ ઠીક જ કહ્યું :
"જેણે તેં જિત્યા રે તેણે હું જીતીયો,
પુરુષ કીષ્યો મુજ નામ ?"

હે ભગવાન, જે કષાયને, જે કામને તેં જીતી લીધા એનાથી તો હું જીતાઇ ગયો છું; તો પછી મારું નામ પુરુષ શેનું ?

જેને તમે જીત્યા એને હું જીતું તો પુરુષ કહેવાઉં.

આ પુરુષાર્થ પ્રગટતાં, સામાન્ય માણસ અસામાન્ય બની જાય. આપણે સદ્‌ગુણમાં સંકોચ પામ્યા અને મહાપુરુષો સદ્‌ગુણમાં વિસ્તાર પામ્યા છે. જેમ જેમ સદ્‌ગુણનો વિસ્તાર કરતા જઈએ તેમ તેમ અંદરથી મોટાઇ આવતી જાય. મોટાઇ માટે ભીખ માગવી નથી પડતી. માગેલી મોટાઇ ચિરકાળ નહિ રહે.

સત્ પછી આવે છે ચિત્. ચિત્ એટલે જ્ઞાન. હું અજ્ઞાની નથી. અજ્ઞાન તો એક આવરણ છે. અજ્ઞાન એ મોહની પરાકાષ્ઠાઓનું પરિણામ છે. જ્યારે જ્યારે અજ્ઞાન વધી જાય છે ત્યારે સ્મૃતિ સરકી જાય છે.

ચિત્તમાં ઊભી થતી વિકલતા સામે પડેલી વસ્તુને પણ જોવા દેતી નથી. જેટલા જેટલા અથડાય છે એ વિકલતાવાળા માણસો છે. સ્વસ્થ તો જોઇને આવે, વિચારીને ચાલે.

આ વિકલતાને દૂર કરવા મૂળ સ્વરૂપને સમજવાનું છે. હું જ્ઞાનમય છું, અજ્ઞાનનું આવરણ બહારનું છે.

જ્યોત કાળી નથી પણ ચીમની કાળી થઈ છે. ચીમની ઉપર મેશ લાગી છે. આત્મા ઉપર જ્ઞાનાવરણીયની મેશ ચઢી છે. જેમ જેમ જ્ઞાનાવરણીય કર્મ ચઢતાં જાય તેમ તેમ ચૈતન્યની જ્ઞાનની શકિત ઢંકાતી જાય, અને એ જ્ઞાનની શકિત જેટલી જેટલી ઢંકાતી જાય તેમ તેમ માણસને લાગે કે હું અજ્ઞાની છું.

Christianity કહે છે: "તું પાપી છો અને જગતનો તારણહાર તને પાપમાંથી મુકત કરશે."

જૈન દર્શન કહે છે: "તું ચિન્મય છો, જ્ઞાનમય છો, પ્રકાશમય છો, પરમાત્મા છો."

હું તો જ્ઞાની છું એ પ્રતીતિ થતાં વાનરવેડા નીકળી જવાના, વ્યસનો ભાગી જવાનાં.

તું તો જ્ઞાનથી ભરેલો છું, તું પાપી શેનો? પાપી તો પેલી ચીમની છે, એને તોડી નાખ, વાસનાઓને કાઢી નાખ, વૃત્તિઓને છોડી નાખ, મનને શુદ્ધ કર.

કર્મ એ આવરણ છે, આત્મા એ કર્મ નથી. કર્મ જડ છે, આત્મા ચૈતન્ય છે. ચૈતન્ય અને જડને ભાગીદારી થઇ છે. આ ભાગીદારી જ નુકશાનકારક છે.

આત્મા આનંદ સ્વરૂપ છે.

આપણી અંદર તો આનંદ જ આનંદ છે. પણ કોઈ બહારનું આવીને કાંઇ કહે એટલે દુઃખ થાય છે, દુઃખ બહારથી આવે છે. એ અંદર નથી.

તમે શાંતિથી બેઠા હો અને બહારથી તારમાં (ટેલિગ્રામમાં) ખરાબ સમાચાર આવે અને તમે દુઃખી થઈ જાઓ. બહારની વસ્તુ આવી અને દુઃખ ઊભું થયું, દુઃખ બધું બહાર છે, અંદર તો આનંદ છે.

બહારના ધક્કાઓ અને પરના આંચકાએ તમે ન લો તો તમે સદા આનંદમાં છો.

જે માણસ બહુ બહાર નથી રહેતો અને સદા અંદર રહે છે તે જ સુખી છે.

દુનિયાના બહારના વિષાદમય અને દુઃખમય સમાચાર આવીને આનન્દ પૂર્ણ ચેતનાને દુઃખપૂર્ણ બનાવી દે છે.

સત્, ચિત્ અને આનંદથી પૂર્ણ એવા આત્માને આખું જગત પૂર્ણ લાગે છે. પોતે પૂર્ણ છે એટલે જગત આખાને જ્ઞાન, દર્શન અને ચરિત્રયમાં ઊંચું આવતું હોય તેવું પૂર્ણ દેખે; પણ અત્યારે કર્મવશ બની બાળચેષ્ટા કરતું લીલામાં લાગ્યું હોય, એવું એને દેખાય.

રાજાનો દીકરો નાનો હોય ત્યારે ધૂળમાં રમે પણ ઝરૂખામાંથી જોતો રાજા તો જાણે જ છે કે ગામના બાળકો સાથે ધૂળમાં રમતો આ કુંવર જ મારા સિંહાસન ઉપર બિરાજવાનો છે.

એમ જે સચ્ચિદાનંદથી પૂર્ણ છે એમને સમગ્ર જગત લીલામાં લાગેલું ન હોય તેમ લાગે છે. કોઇ કામમાં તો કોઇ ક્રોધમાં; કોઈ મોહમાં તો કોઈ માયામાં; કોઇ વિનોદમાં તો કોઇ વિકારમાં–જીવો રમી રહયા છે. પણ મૂળે તો બધા સત, ચિત્ અને આનંદથી પૂર્ણ છે.

તમારામાં પૂર્ણતા હોય તો આખું જગત તમને પૂર્ણ દેખાય, તમારામાં અપૂર્ણતા હોય તો જગત ખામીઓથી, ત્રુટીઓથી, દોષોથી જ ભરેલું લાગે, ક્યાંય સારું ન દેખાય.

સંસારને જોઈ જીવ બાળવા જેવું નથી. જગતમાં પૂર્ણ પણ છે અને અપૂર્ણ પણ છે. જે પૂર્ણ છે તે ઊઘડી ગયેલું છે, જે અપૂર્ણ છે તે ઢંકાયેલું છે. આત્માના ગુણો જેમ જેમ ઉઘડતા જાય તેમ તેમ પૂર્ણ બનતો જાય, જેમ જેમ આત્માનાં ગુણો ઢંકાતા જાય તેમ.તેમ અપૂર્ણ બનતો જાય. અપૂર્ણ ધૂળથી ઢંકાઈ ગયો છે, ધૂળ ખંખેરીને ઊભો થાય તો એ પણ પૂર્ણ છે, quality એ જ છે, ફેર અવસ્થાનો છે.

એટલે જ પૂર્ણ માને છે કે એક દિવસ બધા જ મારે પંથે આવવાના છે. મોક્ષે જનારા, સર્વજ્ઞ થનારા, તીર્થંકર થનારા આત્માઓ આ ખાણમાંથી જ બહાર આવે છે, ઉપરથી નહિ આવે.

એવી કોઈ પળ આવતાં આજનો ખરાબમાં ખરાબ માણસ કાલે સારો થઈ જાય. આપણને ખબર નથી કે કયો આત્મા, કયા પ્રભાતની કઈ ક્ષણે જાગી જવાનો છે. એ જોવાની શકિત અપૂર્ણમાં નથી. જે સત્, ચિત્ અને આનંદથી પરિપૂર્ણ હોય તેને જ આ પૂર્ણતા દેખાય. બાકી કાગડાને તો ચાંદા સિવાય શું દેખાય ?

તો એવું કેમ ન બને કે આપણે બધા આજે ક્રોધમાં, મોહમાં, માનમાં, મમતામાં પડેલા—બાળકોની જેમ ધૂળમાં આળોટતા આત્માઓ—કોઈક દિવસ પરમાત્માના પંથે પ્રયાણ કરીએ ?

આત્માની કેવળશ્રીના સુખમાં મગ્ન અને દર્શન, જ્ઞાન અને ચારિત્રથી પૂર્ણ—એવા સચ્ચિદાનંદથી પરિપૂર્ણ આત્માને આખું જગત જાણે લીલામાં લાગ્યું ન હોય તેવું પૂર્ણ લાગે.

## પૂર્ણાષ્ટક (૨)

पूर्णता या परोपाधेः, सा याचितकमण्डनम् ।
या तु स्वाभाविकी सैव जात्यरत्नविभानिभा ॥

પૂર્ણતા બે પ્રકારની છે, ભૌતિક અને આધ્યાત્મિક. ભૌતિક પૂર્ણતા દેખાય છે, આધ્યાત્મિક સ્થૂળબુદ્ધિથી દેખાતી નથી. જે દેખાતી હોય એની પાછળ દુનિયા દોડે છે, જે દેખાતી નથી એ લોકોના સમજમાં જલદી નથી ઊતરતી.

દેખાય છે એની કિંમત બહુ સ્થૂળ છે, જે નથી દેખાતી એની કિંમત સૂક્ષ્મ છે.

રૂપિયાનું પરચૂરણ ભેગું કરો તો આખો હાથ ભરાઈ જાય, હજારની નોટ હાથમાં હોય તો ખબરે ય ન પડે. બાળકને હજારની નોટ આપવા જાઓ તો કહેશે કે મારે કાગળિયું નથી જોઈતું! મને બે આના આપો. મારે આઈસક્રીમ કેન્ડી લેવી છે! એને હજારની નોટ નકામી છે. એ બે આનીમાં રાજી છે.

જેને માત્ર વિષયોમાં; આહાર, નિદ્રા, ભયમાં જીવન પૂરું કરવું છે એને માટે આધ્યાત્મિક વાતો હજારની નોટ જેવી છે.

પણ હજારની નોટના ચાહકો પણ છે જ. એને તમે બે આના આપો તો ફેંકી દેશે અને કે કહેશે હું કાંઇ આઇસ-

ક્રીમ કેન્ડી ચૂસું એવો બાળક નથી. આ વર્ગ આગળ નિદ્રાની, ભોગની, તૃષ્ણાની વાત કરો તો એને કંટાળો આવે, એને થાય એમાં છે શું ? એ તો પશુઓ પણ કરી શકે છે હું એ માટે નથી જન્મ્યો, મારો જન્મ શ્રેષ્ઠ હેતુ માટે છે. આ વાત જેને સમજાઇ જાય છે એ શરીરની તૃષ્ણા જેનાથી પૂરી થાય એવા વિષયો અને વિકારોમાં જ જીવનને પૂરું કરતા નથી.

બે પ્રકારના માણસ છે. બે પ્રકારની પૂર્ણતાના ચાહક છે. આધ્યાત્મિક અને ભૌતિક. ભૌતિક પૂર્ણતા પારકી ઉપાધિથી લદાયેલી છે જ્યારે આધ્યાત્મિક પૂર્ણતા સ્વાભાવિક છે.

પારકી ઉપાધિથી ઊભી થયેલી પૂર્ણતા માગી લાવેલાં ઘરેણાં જેવી છે.

રૂપ, યૌવન, ધન, ઐશ્વર્ય, સત્તા, પ્રતિષ્ઠા, પદવી–આ બધી બહારની ઉપાધિઓ છે. બીજાઓ દે તો તમને મળે. ઘડીભર માણસ એનાથી સારો લાગે. શ્યામમાં શ્યામ માણસ પણ make-up કરે ત્યારે પ્રકાશના ઝગમગાટમાં સુંદર લાગે; વામણો માણસ પણ મિનિસ્ટર બને તો બીજે દહાડે છાપામાં ફોટાઓ આવે; આ બધી, વિશેષણો થી ઊભી થયેલી પૂર્ણતા છે.

માગી લાવેલો દાગીનો ગમે તેટલો સુંદર હોય તો પણ પરકીય ચીજ છે. એને સાચવવાની બહુ બીક રહે છે, આખો દિવસ હાથ ગળા ઉપર જ રહે. સાચા હીરાનો હાર કોઇનો લાવ્યા હો અને એકાદું નંગ પડી જાય તો તમારી મૈત્રીમાં જ વિષનાં બિંદુ પડે, સંબંધની મીઠાશ કડવાશમાં ફેરવાઇ જાય. એક દિવસની શોભાખાતર જીવનભર રોવાનું ઊભું થાય.

દાગીનાઓથી સરસ દેખાશે પણ મનમાં શાંતિ કે નિર્ભયતા નહિ હોય, એ મુક્તિથી વિચારી નહિ શકે; કારણ કે અંદર તો ધબકારા થયા જ કરે છે કે કોઇને ખબર ન પડી જાય, કોઈ કહી ન જાય !

વર્ષો પહેલાની વાત છે, ગામડામાં ઘસાઈ ગયેલા નગરશેઠને ત્યાં લગ્નપ્રસંગ આવ્યો. શેઠને થયુંઃ ઠઠેરો તો કરવો જોઈએ. પોતાની પાસે હોય નહિ અને pomp રાખવો એમાં દુઃખ બહુ થાય. શેઠે બધેથી આભૂષણો ભેગાં કરવા માંડ્યાં, એક હજામને ત્યાં રાજાએ આપેલી જરીની કીમતી શાલ હતી, શેઠે એ માગી લીધી અને કહ્યું : "પણ કોઇને કહેતો નહિ." દીકરાને શાલ ઓઢાડી, મોટો વરઘોડો કાઢ્યો, બધા કહેવા લાગ્યા "ભાંગ્યું તો પણ ભરૂચ ! શેઠ ખલાસ થઈ ગયા તો ય અંદરથી જૂની જૂની વસ્તુઓ કેવી નીકળે છે ? શાલ કેવી સરસ છે?" હજામને પણ વરઘોડામાં નિમંત્રણ આપેલું. એ કાન દઇને સાંભળે. હજામથી રહેવાયું નહિ, બોલી ઊઠ્યો, "શાલ સારી છે ? આપણી છે, શેઠને આપી છે, પણ તમારે કોઇને વાત નહિ કરવી, મેં શેઠને વચન આપેલું છે કે હું કોઇને નહિ કહું," એમ કહેતો એ આખા વરઘોડામાં ફરી વળ્યો !

બાહ્ય ઉપાધિથી એ સારો લાગે પણ એને તો ચિંતા રહ્યા કરે. પારકી વસ્તુઓની રાતદિવસ ચિંતા રહે. કોઈ લઈ ન જાય, દંડી ન જાય, ખાઇ ન જાય. સ્વજનોથી ય સાવધાન રહે.

બાપને થાય કે દીકરો લક્ષ્મી ખાઇ ન જાય, ભાઇને થાય કે મારો ભાઈ પૈસા હડપ કરી ન જાય.

પૈસાથી સુખી દેખાય, પણ તમને ખબર નથી કે એની ચિંતા કેટલી મોટી છે. ? આ તો મૃગજળ જેવું છે. સારું છે

કે કરોડાધિપતિ અને અબજોપતિની આંતરિક દુનિયામાં તમને પ્રવેશ મળતો નથી. અંદર જાઓ, ઊંડા ઊતરો, અંદર એકબીજા માટેની લાગણીઓનું વિશ્લેષણ કરો, એકબીજા માટે ઊભો થતો તિરસ્કાર જુઓ અને સ્વાર્થની લૂંટાલૂંટ જુઓ તો લાગે કે આપણે ખરાબ નથી; પણ લક્ષ્મી, સત્તા અને પ્રભુતા આવીને માણસનાં મનને જુદાં પાડી નાખે છે.

માણસો કદી ખરાબ નથી. જેવા ગરીબ હોય એવા જ શ્રીમંત હોય. માણસો બધા સરખા જ છે. દોષ માણસ કરતાં વસ્તુનો વધારે છે. જે વસ્તુ આપણી પાસે આવે છે એ વસ્તુને લીધે જીવનમાં વિષ આવી જાય છે. કેટલીકવાર સામાન્ય સ્થિતિમાં જે સુખ હોય છે, એ વસ્તુઓ ભેગી થતાં ચાલ્યું જાય છે. વસ્તુ તરફ સહુ કેન્દ્રિત થાય પછી વ્યક્તિ તરફ કોનું લક્ષ જાય ?

બહારથી આણેલી પૂર્ણતા પછી એ રૂપની હોય, સત્તાની હોય, ડિગ્રીની હોય કે પદવીની હોય–એ ઉપાધિરૂપ છે. મનમાં સતત ચિંતા રહે, હરીફાઈ કરીને એમાં કોઈ આગળ નીકળી ન જાય એની જ ચિંતા રહે. આ ચિંતાને લીધે બહારની પૂર્ણતાને માગી લાવેલાં ઘરેણાં જેવી કહી છે.

પણ માણસની સ્વાભાવિક પૂર્ણતા, અંદરની પૂર્ણતા એ જાતિવંત રત્નની પ્રભા જેવી છે. જાતિવંત રત્નના ચૂરેચૂરા કરો, કટકા કરો પણ દરેક કટકાની અંદર જાતિવંત રત્નની કાંતિ; વિભા ભરેલી જ હોય છે. અંતરના ગુણોની પૂર્ણતા આવી જ છે.

માણસની પાસે જે આત્મિક જ્ઞાન છે, એ ભાડૂતી કે માગી લાવેલું નથી, કોઇએ આપ્યું પણ નથી અને કોઈ ચોરી જાય એમ પણ નથી.

માટે જ તત્ત્વજ્ઞાનીઓ, વિના અંલકારે પણ જગતમાં શોભે છે.

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥

રાજા તો પોતાના દેશમાં પુજાય, પણ વિદ્વાન તો દુનિયાના ગમે તે છેડે જાય પણ એ પુજાય. વિદ્યાની ઉપાસના કરવા માટે સર્વ તૈયાર છે. જ્ઞાનની આ શક્તિ છે.

દસાડાના મારા ચોમસામાં દરબાર સાહેબ આવે, દિવાન આવે, નગરશેઠ આવે એટલે ગામનાં બધા જ આવે. રાજા આવે ને આખું સભાગૃહ ઊભું થઈ જાય. ત્યાંથી હું અમદાવાદ ગયો અને દરબાર ત્યાં મળવા આવ્યા. પોળોમાં ફરી ફરીને થાકયા, અંતે એક કલાક પછી ઉપાશ્રયે આવ્યા. કહે : "આપને શોધવામાં કલાક નીકળી ગયો." મેં પૂછ્યું : "કેમ ? કોઇ બતાવવા ન આવ્યું ?" "એક કહે : "ડાબી બાજુ જાઓ," બીજો કહે : "જમણી બાજુ જાઓ કોઈ બતાવવા ન આવે," મેં કહ્યું : "તમે તો દરબારશ્રી છો ને ?" એ કહે, "દરબાર દસાડાના, અહીં કોણ પૂછે ?"

કેટલાક માણસો કોઇ ઠેકાણે everything હોય, બધાથી પુજાય, પુછાય. ત્યાંથી થોડેક દૂર જાય એટલે something થોડાક એમને જાણે. એથી દૂર જાય એટલે nothing કોઇ જ ન જાણે.

ધનની, સત્તાની પ્રતિષ્ઠાની આ મર્યાદા છે.

પ્રેમમાંથી, વાત્સલ્યમાંથી, એકબીજાના ભાઇચારામાંથી, ધર્મમાંથી, સમજણમાંથી આવતી પૂર્ણતા અમર્યાદ છે. આ

બધી અંદરની વસ્તુઓ છે એમાં કાંઈ અણસમજ નહિ, ઉપદ્રવ નહિ. અંદરની પૂર્ણતા આવે છે સમજણથી.

બે સમર્થ, જ્ઞાની પંડિત બંધુઓ રહેતા હતા. વૃદ્ધાવસ્થામાં એકે કહ્યું, "જમીન છે, પૈસો છે એ વહેંચી છોકરાંઓને આપી દઈએ, જેથી છોકરાંઓ શાંતિથી રહે." મોટાભાઈને ત્રણ દીકરા અને નાનાભાઈને એક દીકરો. મોટાભાઈએ વહેંચણી કરી, બરાબર અડધા બે ભાગ પાડયા, કહ્યું: "અડધી લક્ષ્મી તારાને, અડધી મારાને." નાનાભાઈએ કહ્યું: "આજ સુધી તમારા ન્યાય પર મને વિશ્વાસ હતો, પણ આજ મને દુઃખ થયું છે." મોટો ડઘાઈ ગયો, "મારી વહેંચણીમાં અન્યાય?" નાનાભાઈએ કહ્યું: "ભાઈ, આ વહેંચણી તમારા કે મારા માટે નથી. આ વહેંચણી કોના માટે છે? છોકરાઓના ભાગની વહેંચણી છે. મિલ્કતના ચાર ભાગ થવા જોઈએ. તમે બે ભાગ કેવી રીતે કર્યા? જૂદા આપણે નહિ, દીકરાઓ પડે છે, એના ચાર ભાગ થાય તો જ ન્યાય થાય."

જ્યાં આવી અંદરની સમજણ આવે છે ત્યાં મળેલી લક્ષ્મી છોડવામાં પણ આનંદ આવે છે. સમજુ માણસ વિચારે કે હું બહાર જઈને દાન કરું, તો ઘરમાં વહેંચણી વખતે શા માટે દ્વેષ કરવો?

અંદરની સમજણ, અંદરનું જ્ઞાન રત્નની પ્રભા જેવું છે; આ જ્ઞાનપ્રકાશથી આ લોકમાંય અજવાળું થાય.

આ લોક બગડયો છે. ઝઘડા થાય છે. અંદર અંદર લોકો બાઝે છે, એક ખોળામાં ઊછરેલા ભાઈઓ સત્તા, ધન, પદવીઓ આવે ત્યારે જુદા પડી જાય છે કારણ કે અંદરની સમજ નથી, અંદરનો આવો કોઈ પ્રકાશ પ્રગટયો નથી.

અંદરની પૂર્ણતા એ પોતાની પૂર્ણતા છે, એ પોતાના હૃદયના પૂર્વ આકાશમાં જ ઉદય પામે છે. જ્યાં આ જ્ઞાનનો ઉદય થયો ત્યાં વ્યક્તિમાં ત્રુટીઓ, ભૂલો જોઈને પણ કરુણા આવશે.

અજ્ઞાન એ પક્કડ છે. જ્ઞાન એ મુક્તિ છે. દુઃખ કયાં છે? પકડવામાં. છોડયું તે સુખી થયો.

પ્રભુ મહાવીરે શિષ્યોને આ જ વાત કહીઃ "જે પકડી રાખે છે એ દુઃખી થાય છે, છોડે છે એ સુખી થાય છે."

શિષ્ય આ વાતને યાદ કરતો આહાર લેવા જાય છે.

એક વાત જ્યાં સુધી હૈયે જચે નહિ, ત્યાં સુધી બહુ વાતોને ન પકડવી. એક વાતને ઘૂંટયા કરીએ તો એ વાત આપણી બની જાય છે.

એકનો કબજો કર્યા પછી બીજાની વાત.

શિષ્ય આ વાકય વિચારતો વિચારતો જાય છે. રસ્તામાં એક હાડકાનો ટૂકડો પડ્યો હતો, એના ઉપર પંદર કૂતરાં તૂટી પડયાં. એક જબરજસ્ત કૂતરાએ હાડકું મોઢામાં લીધું તો બાકીનાં ચૌદ એક થઈ એક પર તૂટી પડયાં. પેલો કૂતરો હેરાન હેરાન થઈ ગયો, થાકી ગયો. હાડકું મૂકીને ખૂણામાં ભાગ્યો. ત્યાં ચૌદમાંના જં એકે હાડકું પકડયું. એટલે તેર એના પર તૂટી પડયાં, એણે પણ થાકીને હાડકું મૂકયું. ખૂણામાં ભાગ્યો, હવે જે હાડકાનો કટકો પકડે એના ઉપર બાકીનાં તૂટી પડતાં. હાડકું પકડે એ ગયો. બાકીનાં એક. લૂંટમાં જે મિત્ર એ જ વહેંચણીમાં વેરી. લેવાનું આવે તો એક, વહેંચવાનું આવે ત્યાં ઝઘડો.

આધ્યાત્મિક પુરુષને જ્ઞાનની, ચારિત્ર્યની, સુવિચારોની, ભક્તિની, શુભકાર્યો કર્યાની પૂર્ણતાનો સંતોષ છે. આ કાર્યોની તો હરીફાઈમાં પણ મજા આવે.

દુનિયાની વસ્તુઓની હરીફાઈમાં ઝઘડો થાય પણ આત્માની વાતમાં તો આનંદ થાય. આરાધના સાથે કરતાં કેવો અપૂર્વ આહ્લાદ થાય છે! પણ તમારી જેમ બીજા કોઈને પૈસા મળી જાય તો તમને કેવું થાય? હું થયો એવો એ કેમ થઈ ગયો? હવે એનામાં અને મારામાં ફેર શું?

ભૌતિક વસ્તુઓ પ્રાપ્ત થતાં ઈર્ષા અને પરસ્પર સૂક્ષ્મ તિરસ્કાર જાગે જ.

પર્યુષણમાં પ્રતિક્રમણ કરો, મિચ્છામિ દુક્કડં દો, પણ મનમાંથી કાંઈ નીકળતું નથી, મોઢામાંથી ઘણું નીકળે છે. મનમાંથી વિષ, ધિક્કાર અને તિરસ્કાર દૂર કરવા તો પૂર્ણતા જ કામ લાગે.

અંદરની પૂર્ણતા આવે છે ત્યારે બીજાએ શું કર્યું તે નથી જોવાતું પણ મેં શું કર્યું તે જોવાય છે.

થોડાં વર્ષો પહેલાં બે શંકરાચાર્યો મઠનો અધિપતિ કોણ?–એ માટે કોર્ટે ગયા. ન્યાયાધીશે પૂછ્યું: "આવી નાની અને તુચ્છ વસ્તુ માટે શું કરવા લડો છો?" કહે: "હક્કનો પ્રશ્ન છે." પેલાએ હસીને કહ્યું: "એ તો આત્માની વસ્તુથી પર છે. આત્મા માટે કંઇ કરવું નથી અને ગાદી માટે લડવું છે?"

છોડે તે જ્યાં બેસે ત્યાં ગાદી ઊભી થાય. તમને તમારામાં વિશ્વાસ હોય તો આવા સો મઠો ઊભા કરી શકો. પણ માણસને મોહ છે, કારણ કે માણસને પોતાનામાં વિશ્વાસ નથી. તમે તમારી ભૂલ શોધવાને બદલે વિચારો છો: "સામો

માણસ કેમ ક્ષમા માગતો નથી ? એ કેમ સુધરતો નથી ? એ ભૂલ કેમ કબૂલ કરતો નથી ?" સામાને તો હજી ઉપદેશ ઊતર્યો નથી, સામો હજી સમજ્યો નથી, પણ તું તો સમજ્યો છે ને ! જે અપેક્ષા રાખે એના કરતાં તું જો સમજ્યો તો તું જ શરૂ કરે તો શું ખોટું ?"

છેલ્લે તમને એવું ન થાય કે જે વસ્તુને હું રાખવા માગતો હતો એ તો છોડવી પડે છે અને જે લેવાની હતી એ તો ભૂલી જ ગયો. લાંબી મુસાફરીએ જતી વખતે પેક કરેલા ડબ્બાઓમાંથી લઈ જવાનો રહી જાય અને રાખવાનો લઈ જવાય તો કેવી પરિસ્થિતિ ઊભી થાય ? માર્ગમાં ભૂખ લાગે ત્યારે ડબ્બો ખોલો અને એમાંથી પૂરી, ખાખરા ને બદલે દળાવવા માટે કાઢેલા ઘઉં નીકળે તો કેવી હાલત થાય ?

તેમ આ આત્મા પણ માત્ર પુણ્યના ઉદયે મળેલી આ ભૌતિક પૂર્ણતામાં જ રાચે અને રત્નની કાંતિ જેવી આત્મિક પૂર્ણતા પ્રાપ્ત ન કરે તો પરલોકમાં પસ્તાવવું પડે ને ?

## પૂર્ણાષ્ટક (૩)

अवास्तवी विकल्पैः स्यात्, पूर्णताऽब्धेरिवोर्मिभि :।
पूर्णानन्दस्तु भगवांस्तिमितोदधिसन्निभ : ॥

સંકલ્પો અને વિકલ્પોથી, મનમાં આવતા સારાં અને ખરાબ તરંગોથી આપણા અંદરની સ્થિરતા, શાંતિ અને સ્વસ્થતા ડહોળાઇ જાય છે. જીવન એક દરિયો બની જાય છે જેમાં ભરતી અને ઓટનાં તોફાનો ચાલ્યા કરતાં હોય છે.

તરંગોમાં તળિયું ન દેખાય. જીવનમાં સંકલ્પ અને વિકલ્પના તરંગ જ તરંગ હોય ત્યાં સ્વનું દર્શન કયાંથી થાય ? પાણી પારદર્શક હોવા છતાં તરંગો હોય ત્યારે એનું તલ ન દેખાય.

એવી જ રીતેં ઊભરો આવે છે ત્યારે માપ નીકળતું નથી. મારા પિતાશ્રીએ કહેલો આ પ્રસંગ છે. એ નાના હતા, ઘરમાં ચાર ભેંશો હતી; મારાં દાદીમા સવારે દૂધ દોહવા બેસે ત્યારે લોટો લઈને એ જતા. દાદીમા દૂધ ભરીને આપતાં, મેડી ઉપર જઈને એ પીવા બેસતા, એટલીવારમા ઉપરનાં બધાં ફીણ બેસી જતાં, ભરેલો લોટો પોણો થઇ જતો. લોટો ભરીને દૂધ કેમ ન આપ્યું એમ કહી એમણે એકવાર લોટો પછાડયો; ત્યારે દાદીમાએ કહેલું : " દીકરા.! ફીણ હોય ત્યારે માપ નીકળતું નથી. લોટો ખાલી થાય ત્યારે પાછો આપે તો ભરી આપું પણ ઊભરો હોય ત્યારે માપ કેમ નીકળે ?"

આપણા ચિંતનમાં આ વચન અનુભવને સહકાર આપે છે. ઊભરો હોય ત્યારે માપ કેમ નીકળે ? ગોટા હોય ત્યાં મનનું તો શું, દૂધનું પણ માપ નીકળતું નથી; માણસ કયાં છે એ ખબર પડતી નથી. વસ્તુ છે એના કરતાં ચોગણી દેખાય છે. પણ જ્યારે ઊભરો બેસી જાય છે, ફીણ બેસી જાય છે ત્યારે જ એ વસ્તુનું સ્પષ્ટ દર્શન થાય છે. જ્યાં સુધી ઊભરો છે ત્યાં સુધી વસ્તુનું માપ નહિ નીકળે.

અહીં વિકલ્પ શબ્દ વાપર્યો છે. વિકલ્પ એ તરંગ છે. તરંગ આવે છે ત્યારે તળિયું દેખાતું નથી. તરંગ ડહોળાણને લીધે આવે છે.

સિમેંટથી બાંધેલો જળકુંડ હોય, તમે નાહવા ગયા હો અને આંગળીમાંથી હીરાની વીંટી સરકી એમાં પડી જાય અને પાણી તરંગવાળું હોય, તરંગો ચાલતા જ હોય તો તળિયે પડેલી વીંટી પણ દેખાતી નથી. વીંટી કાઢવા માટે કાં તો જળકુંડ ખાલી કરવો પડે અગર તો પાણીને સ્થિર કરવું પડે. પાણી પારદર્શક હોય અને તરંગો શમી જાય તો તળિયે પડેલી વીંટી તરત દેખાય.

વીંટી ત્યાં છે, પાણી પણ ચોખ્ખું છે, દેખનારી આંખો પણ ત્યાં છે, તેમ છતાં દેખાતું નથી, કારણકે વચ્ચે તરંગો છે.

એમ આપણા ખજાનામાં જ્ઞાન. દર્શન અને ચારિત્ર-રૂપી ત્રણ રત્નો છે, દેખનારો આત્મા છે, જોવું છે, પણ તરંગો ના અંતરાય obstacle ને લીધે દેખાતું નથી. એક તરંગ જાય ત્યાં બીજો આવે, બીજો જાય ત્યાં ત્રીજો આવે. તરંગ તરંગને લાવે છે.

ભગવાનની ભક્તિમાં કે માળાના જપમાં, પુસ્તકના વાચનમાં કે ધ્યાનની એકાગ્રતામાં, ડહોળાણુ કોને લીધે થાય છે ? તરંગોને લીધે જ ને ? પ્રભુનો વિચાર કરો ત્યાં ઑફિસનો તરંગ, માળામાં મીલનો તરંગ, પરમાત્મામાં પગારનો તરંગ એમ અનેક તરંગો એક પછી એક આવ્યા જ કરે.

જેમ જેમ તરંગ અવસ્થા વધતી જાય તેમ મન અશાંત બનતું જાય છે. મનની અશાંતિ સમગ્ર શરીર ઉપર અસર કરે છે. તમને થાક લાગે છે. સાંજ થાય એટલે શરીર તૂટે છે, કેમ તૂટે છે ? આ શરીરમાં તૂટવા જેવું કાંઈ નથી. જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચાલે, ન ચાલે ત્યારે લાંબું થઈ જાય. પણ શરીરમાં થાક લાગે છે, બગાસાં આવે છે, કંટાળો આવે છે. એનું કારણ શું છે ? મનને જે દિશામાં જવું છે, એને એકસરખી દિશા મળતી નથી, માર્ગમાં અવરોધ આવ્યા કરે છે, ઘડીએ ઘડીએ એને ટકરાવું પડે છે, ઠુકરાવું પડે છે, અથડાવું પડે છે. જે વેગવંતી ગતિથી જાય છે એ જ વેગથી પાછા આવવું પડે છે. મનને બહુ ધક્કા લાગે છે.

કોઈ વાર દીકરા તરફથી લાગે, કોને કહો ? કોઈવાર પત્ની તરફથી લાગે ત્યારે થાય કે આ પચાસ વર્ષે છૂટાછેડા પણ કેમ લેવાય ? કોઈવાર ભાગીદારથી ઈચ્છા વિરુદ્ધ થાય, મન અસ્વસ્થ થઈ જાય.

આમ ઘણી ઘણી આઘાતોની થપાટો લાગતી હોય છે, એ થપાટોને લીધે થાકી જાઓ છો. મોઢું લાલ રાખવા માટે દુનિયામાં બોલો, હસો, ખુશી કરો પણ એ હાસ્ય અંદરથી નથી આવતું. અંદર તો અસ્વસ્થતા છે, અંદર તરંગોની હારમાળા છે. માણસ ગમે ત્યાં જાય પણ દુઃખ સાથે જ છે.

જેટલી ભૌતિક ઉપાધિઓ વધારે, એટલાં માન, સન્માન અને પ્રતિષ્ઠા વધારે. પણ એ બિચારો જાણતો હોય છે કે હું અંદરથી કેટલો દુઃખી છું. કોઈને કહેતો નથી, કહેવાથી મોભો status ઓછું થાય. દુનિયામાં દુઃખને સાંભળીને આંસુ વહાવનારા થોડા છે, પાછળથી હસી લેનારા ઘણા છે. મનમાં દુઃખો પડયાં છે, અશાંતિ છે.

એમાં પણ કેટલાકને તો દુઃખ છે, અશાંતિ છે એની ખબર જ નથી. સવારથી ઊઠીને દોડ લગાવે. એને તો યાદ પણ ન આવે કે હું છું. યાદ આવે કે ન આવે, પણ મનના ઉપર તો બધી જ અસરો થતી જ જાય છે.

મન ટેપ-રેકોર્ડર જેવું છે. જાણતાં કે અજાણતાં ગમે તે બોલો; શું બોલો છો એની ખબર હોય કે ન હોય તેની સાથે ટેપ-રેકોર્ડર tape-recorder ને કાંઈ લેવા દેવા નથી. એ તો એનું કામ કરે જાય છે, એ તો બધું જ પકડવાનું. એ નથી વિચારતું કે આ શબ્દ બાદ કરવો અને આ પકડી લેવો. વિવેક કરવાનું કામ એનું નથી.

કોઈ કહેતું હોય કે મન નથી, તો એ અણસમજ છે મન નામની શકિત બહુ જબરજસ્ત છે. માનવીને આગળ પાછળ કુદાવનાર મન છે. મન નથી એમ કહે એને આત્માનું જ્ઞાન જ નથી. મન શકિતશાળી છે, પણ આત્માની દૃષ્ટિએ ઊતરતું subordinate છે. જ્યાં સુધી આત્મા જાગૃત ન થાય ત્યાં સુધી મનની શકિત બહુ કામ કરે છે.

દુનિયાના બધા બનાવોની અસર મન ઉપર પડતી જાય છે. એ સુખરૂપે હોય કે દુઃખ રૂપે; આનંદરૂપે કે શોક

રૂપે; અસરો ચાલુ જ છે. એનો સંગ્રહ તમારા દિવસ ભરના કાર્યો ઉપર પડયા કરે છે.

માણસો બહાર ગામ હવા ખાવા જાય છે. ત્યાંથી ઘણીવાર સ્વસ્થ થઈને આવે છે, કારણ કે ત્યાં તાર નહિ, ટપાલ નહિ, બજારનાં લફરાં નહિ, અનિચ્છનીય વાત નહિ, કોઈનું વ્યવહારિક દબાણ નહિ; માણસ પોતાની રીતે જીવી શકે. મન relax થાય છે એટલે સ્ફૂર્તિ આવે છે, મોઢા ઉપર સુરખી આવે છે. મન સ્વતંત્ર વાતાવરણમાં રહે છે, માણસ તંદુરસ્ત થઈને આવે છે. ત્યાં પોતાને, પોતાના વિચારોને અનુકૂળ જીવન જીવવાની સગવડતા મળે છે. આવે ત્યારે લોકો પૂછે : કેમ, હવા ખાઈ આવ્યા ? તો શું હવા બીજે ઠેકાણે નહોતી ? હવા તો ઉત્તરથી દક્ષિણ દોડયા જ કરે છે.

હવા બધે છે; પણ એ હવા ઝીલવા માટે મનની જે અવસ્થા જોઈતી હતી એ અવસ્થા અહીં નહોતી.

અહીં પોતાના વિચારોને અનુરૂપ જીવન જીવવાની સગવડતા નથી. ઘરથી નીકળે, ઑફિસે જાય, બે–ચાર ટપાલ જુએ, એમાં કોઈ પીળું કાગળિયું આવે, મન ખાટું થઈ જાય. આટલું બધું assessment ? સુખને બદલે દુઃખનો અનુભવ થાય; ખાધેલું, શાંતિ અને આનંદ બધું બળી જાય.

જેને પાંચથી સાત હજાર રૂપિયા રળીને રહેવાનું છે એને ધનપતિઓના દુઃખની ભયંકર ભઠ્ઠી કેવી ચાલે છે એની કલ્પના પણ નથી. ઇન્દ્રિયો ઉપર કેટલું દબાણ આવતું હશે ? આખા શરીરની અવસ્થા, માનસિક અવસ્થા જ upset થઈ જાય.

ચિંતકોએ આ અવસ્થા જોઇ અને કહ્યું કે જે અમારા માનસિક વાતાવરણને નષ્ટ કરે એ વાત જ નહિ જોઇએ. સુખેથી જીવશું. ચારિત્ર્યપદની પૂજાની એક કડી આવે છે:

"તૃણ પરે ષટ ખંડ છોડીને ચક્રવર્તી પણ વરિયો,
એ ચારિત્ર અક્ષય સુખ કારણ, તે મેં ચિત્તમાં ધરિયો."

ચક્રવર્તીઓને પણ આ તોફાનોની અનુભૂતિ થઈ, તરંગોની થપાટો ખાધી અને જોઇ લીધું કે આમાં સુખ નથી. એમને અનુભવ થયો એટલે છ ખંડની સમૃદ્ધિને પણ તણખલું સમજીને છોડી દીધી અને મનમાં એક જ પ્રાર્થના કરી કે અક્ષય સુખ આપનાર ચારિત્ર્ય એ જ પરમ જીવન છે.

જ્ઞાની સમજે છે કે જેમાં લોકાને સુખ દેખાય છે એમાં મારે પોતાને માટે તો દુઃખ જ છે. ઘણી વસ્તુ લોકોને દેખાડવા માટે છે, પોતાને માટે નહિ.

ઉનાળામાં બહેનો દાગીના પહેરે, લોકો રાજી થાય પણ પહેરનારાને ખબર છે કે અંદર કેટલો પરસેવો થઈ રહ્યો છે. હું નાનો હતો ત્યારે મારા પિતાજીએ મને નવા ભારે બૂટ અપાવ્યાં, અને એક જાણીતી વ્યક્તિના લગ્ન સમારંભમાં મને સાથે લઈ ગયા. મને અંદર ડંખ વાગ્યા જ કરતો હતો. મને થયું, આ બૂટ કાઢીને અડવાણો ફરું, પણ બાપુજી કહે : 'કેવા ભારે બૂટ છે? આ તે કઢાતા હશે?' હું અંદર દુભાતો હતો. લોકો મારા બૂટ સામે જુએ અને કહે, કેવી સરસ જોડ પહેરીને આવ્યો છે! પણ મને ખબર કે અંદર શું થઈ રહ્યું હતું.

કેટલીકવાર બીજાના સુખનું કારણ પોતાના દુઃખનું કારણ બની જાય છે. બહાર સારું દેખાય પણ અંદર શું હોય છે એ તો જે અનુભવે છે તે જ જાણે છે.

દુન્યવી સાધનોની પૂર્ણતા, લોકોની દૃષ્ટિમાં દેખાતી પૂર્ણતા આવી જ છે.

તરંગોથી સાગર ક્ષુબ્ધ થાય ત્યારે એ ક્ષુબ્ધતાને લીધે ભરતી ખૂબ દેખાય પણ એમાં સ્વસ્થતા નથી; એમ ઘણાના જીવનમાં ભરતી દેખાય પણ સ્વસ્થતા ન હોય.

રૂપિયા ઉધાર લાવી ઘરનો કોઈ પ્રસંગ ઊજવે ત્યારે એ ખુશ ખુશ લાગે. લોકોને મળે, હાથ મિલાવે, સ્વાગત કરે. બધું પૂરું થયા પછી આઇસ્ક્રીમનું બીલ, મંડપનું બીલ ચૂકવતાં મનમાં થાય: "આ લોકોએ મારો માત્ર જીવ જ બાકી રહેવા દીધો છે. મને ખર્ચાવીને ખોખું કરી નાખ્યો." ગમાર પૈસા ઉધાર લઇ લગ્નમાં ખરચતો હોય ત્યારે વિચારે નહિ કે પચીસ વર્ષ સુધી પૈસા ચૂકવતાં-ચૂકવતાં દમ નીકળી જશે. સાગરમાં ઊર્મિને લીધે ખાલી ભરતી દેખાય છે એમ બે-ચાર દિવસના વિકલ્પોના તરંગોને લીધે ભરતી દેખાય પણ અંતે દુઃખ તો એકલાને જ અનુભવવું પડે.

પાછળથી દુઃખનો આ અનુભવ કરતાં કરતાં એને સંસારના સ્વરૂપનું જ્ઞાન થાય પણ ખરું, પણ એ જ્ઞાન લાંબું રહેતું નથી. તમને કોઈ દિવસ વૈરાગ્ય નથી આવ્યો એ હું નથી માનતો. સંસારીને વૈરાગ્ય કાઇ દહાડો ન આવે એ તો અચ્છેરૂ કહેવાય.

મિત્રો, મિત્રો ન રહ્યા; મારી કોને પડી છેઃ હું કેવી રીતે સહન કરું છું એ તો હું જ જાણું છું, એમ વિચારી ભર્યા ભર્યા કુટુંબ વચ્ચે એકલતાનો અનુભવ કેટલાયને થતો હોય છે.

પણ એ એકલતા કેવી છે ? ઘોડો ચંદી ખાતાં ખાતાં કાંકરો આવે અને ચમકી જાય. બે ઘડી ચાવવાનું બંધ કરી દે. જીભ ફેરવીને કાંકરો કાઢી પાછો ચંદી ખાવા મંડી જાય. પછી એને યાદ પણ ન આવે કે કાંકરો આવ્યો હતો.

એવી રીતે કોઇકવાર તમને સંસાર કડવો લાગે, દુઃખથી ભરેલો લાગે અને વૈરાગ્ય આવે, પણ જ્યાં એ કાંકરો નીકળી ગયો એટલે પાછો હતો તેવો ને તેવો. પૂછો કે કાંઇ થયું હતું ? નહિ, એ તો બધું ભુલાઇ ગયું. ભુલાઇ ગયું એનો અર્થ એ નથી કે ફરીથી નહિ આવે.

સંસારમાં સુખ કરતાં દુઃખ વધારે છે. જેમ પૃથ્વીમાં જમીન કરતાં પાણી વધારે છે એમ સંસારમાં સુખનો ભાગ થોડો છે; દુઃખનો ભાગ મોટો છે. એ ગમે ત્યાંથી છાલક મારીને આવી જાય છે. એટલે જ સતત જાગૃતિમાં રહેવાનું છે, સ્વસ્થતાથી વિચાર કરવાનો છે.

જે બહારની પૂર્ણતા રૂપે પ્રસિદ્ધિ અને પદાર્થો મળ્યાં છે એ ભલે મળ્યાં, વાંધો નથી; પણ હું એનાથી અલિપ્ત રહું એમ જાગૃત રહેવું જોઈએ. અલિપ્ત રહીશ તો સુખના દિવસમાં આનંદથી રહી શકીશ અને દુઃખના દિવસમાં મુંઝાઈશ નહિ. એવા કપરા સમયમાં પણ સ્વસ્થતા ટકી રહેશે.

તરંગો વગરના સ્થિર સરોવરનાં શાંત પાણી, બિલોરીના કાચ જેવાં પારદર્શક હોય. એના કિનારે બેસો તોય

એમાં તમારું પ્રતિબિંબ દેખાય. એમ જ્યારે મનનાં તરંગો શાંત થઈ જાય છે, અને જીવન બિલોરી કાચ જેવું બની જાય છે ત્યારે જે આનંદ અંદરથી આવે છે એ અવર્ણનીય છે. એની અનુભૂતિ થતાં માણસ મનમાં ને મનમાં મલકાય. શાંત તરંગ વગરના સરોવરના જેવી અવસ્થા માણસના ચિત્તમાં થાય છે ત્યારે જ અંદરનો મલકાટ આવે છે.

આ અવસ્થા ઉત્પન્ન કરતાં ઘણીવાર લાગે છે, એને માટે સતત મહેનત કરવી પડે છે, જાગૃત રહેવું પડે છે. એકવાર દિશા જડવી જોઇએ, લાગવું જોઈએ કે હું હવે આગળ વધી શકીશ.

પત્નીના કહેવાથી પતિ વ્યાખ્યાનમાં આવે પણ એને રસ નથી, થાય કે ચાલી જાઉં,ભાગી જાઉં. એમ કરતાં કરતાં એને રસ પડી જાય, પછી કહેવુ પડતું નથી કે ચાલો વ્યાખ્યાનમાં. પછી તો કહે છે કે હું જ જાઉં છું.

રસ્તો જડી જાય, જીવનની શાંતિનો માર્ગ મળી જાય પછી બીજી ગમે તેટલી વસ્તુઓ તમારા માર્ગમાં આવે, તમે નહિ પડો.

કેટલીક વસ્તુઓમાં સુખનું દર્શન થાય પણ હોય નહિ. કેટલાકમાં જલદી દેખાય નહિ પણ હોય છે જ. એવી રીતે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિરૂપ પદાર્થોમાં શાંતિનું દર્શન થાય પણ અનુભવ કરવા જાઓ તો લાંબે ગાળે લાગે કે એમાં માત્ર દુઃખ જ છે.

દુનિયામાં ઘણા ય પુજાય છે, પુછાય છે ભૌતિક પદાર્થોથી. પણ એ ઉપરથી, દેખાતા બનાવોથી સંસારનું માપ

ન કાઢશો, સંસારમાં દરેક વસ્તુની અમુક પ્રસંગે જરૂર પડે, પણ એની જરૂરિયાત એ વાત પૂરતી મર્યાદિત છે, એના ઉપરથી એની મહત્તા ન અંકાય.

રસ્તા ઉપરથી પસાર થતા એક રાજાએ એક ઠેકાણે ગંદકી પડેલી જોઈ. છગનને બોલાવ્યો, કચરો સાફ કરવા કહ્યું. ઘરે જઇને છગન પત્નીને કહેવા લાગ્યો કે મારા વિના રાજાને ચાલતું નથી. હું તો મારી ધૂનમાં ચાલ્યો જતો હતો ત્યાં રાજાએ પોતે જ મને બોલાવ્યો. મને રાજાની શું પડી છે? છગન માની બેઠો કે એ અનિવાર્ય indispensable છે, પણ રાજાએ બોલાવીને કહ્યું શું ? 'આ કચરો કાઢી નાખ,' એટલે દુનિયામાં કોઇ કોઈવાર છગનની પણ જરૂર પડે છે. પણ એના ઉપરથી એ માની લે કે મારા વિના રાજા જીવી ન શકે તો એ હરિજનની વાત બરાબર નથી.

દુનિયામાં ભૌતિક પદાર્થોની જરૂર પડે છે પણ કેટલી ? માટે જ દરેક વસ્તુનું valuation કરો. એની કિંમત ક્યાં સુધી? તમે એને શાશ્વત મૂલ્ય eternal value આપો છો એમાં જ ધર્મનો વિરોધ છે.

જ્ઞાનીઓ એમ નથી કહેતા કે પોતાની કિમ્મત કાંઇ જ નથી, કાયાની કિમ્મત કાંઇ જ નથી, પાંચ ઇન્દ્રિયો મળી છે એને નષ્ટ કરી નાખો. એમણે બધાની કિમ્મત value ગણી છે.

પૈસો પુણ્યથી મળે છે. એમનો એમ નથી મળતો. પુણ્ય એ સારાં કૃત્યોનું પરિણામ છે. પણ એ પુણ્યથી મળેલા પૈસાને મોક્ષની નિસરણી ન માનીશ. જીવ મોક્ષે જાય છે ત્યારે પુણ્ય અને પાપ બન્ને પાછાં વળી જાય છે, એટલે પુણ્યની પણ મર્યાદા limit બતાવી.

તમને જે વસ્તુ મળી છે એ બહુ કામની છે; પણ કયાં સુધી કામની છે એટલું સમજો. તમે એની મર્યાદા limit ભૂલી ગયા છો અને શાશ્વત માનીને બેઠા, ત્યાં જ ભૂલ બાંધી. જ્ઞાનીઓએ કહ્યું કે પાંચે ઇન્દ્રિયો મહાપુણ્યથી મળે છે. સાથે સાથે એમ કહ્યું કે પાંચે ઇન્દ્રિયોને વાળતાં શીખો. 'પંચીદિય સંવરણો' એ ઇન્દ્રિયોને ખલાસ ન કરશો એ ઇન્દ્રિયો કામની છે.

જીવદયા પાળવા આંખ જેવું ઉત્તમ સાધન એક પણ નથી. ઉત્તમમાં ઉત્તમ જીવ હોય પણ એ અંધ હોય તો દીક્ષા એને ન અપાય. કારણ કે દીક્ષામાં મુખ્ય ઉદ્દેશ જીવદયા પાળવાનો છે અને આત્મસાધનામાં નિર્ભર રહેવાનો છે.

ઇન્દ્રિયોની કિંમત મહાપુરુષોએ આંકેલી છે. ઇન્દ્રિયો સાધના માટે છે પણ એ ઇન્દ્રિયોનું લાલનપાલન કરો, બધી જ છૂટ આપો તો એ ઈન્દ્રિયો વિકાસક્રમમાં સાથી થવાને બદલે અવરોધક બને. માટે મહાપુણ્ય કેરા પુંજથી મળેલ આ દેહ અને પાંચ ઇન્દ્રિયોનો ઉત્તમ રીતે ઉપયોગ થાય તે જોવાનું છે.

જંગલમાંથી એક ફિલસૂફ દોડતો આવતો હતો ત્યાં સામે બે વેપારીઓ મળ્યા. પૂછ્યું, "શું છે અંદર ? વાઘ છે, રીંછ છે ?" ફિલસૂફે કહ્યું "માણસમાર છે." વેપારીઓને થયું કે આ માણસમાર કોઈ નવા પ્રકારનું જાનવર હશે. એ સાવધાની-પૂર્વક ઝાડીની અંદર ગયા તો મોટી સોનાની પાટ પડી હતી. એમને થયું : ફિલસૂફ ગાંડો લાગે છે. સોનાની પાટને માણસમાર કહે છે. સુખનું સાધન જોઇ બન્ને ગાંડા થઇ ગયા. ફિલસૂફે જુદી દૃષ્ટિથી જોયું, વેપારીઓએ જુદી દૃષ્ટિથી જોયું. જેવો માણસ એવી એની વસ્તુની કિંમત.

વેપારીઓના મનમાં વિકલ્પો શરૂ થયા. પાટ ઊંચકવા ગયા પણ ખૂબ ભારે નીકળી. બપોરના બે વાગ્યા હતા, લઈ જાય તો ગામમાં સહુને ખબર પડે અને ઉપાડવાની તાકાત નહોતી. નક્કી કર્યું કે એકે ગામમાં જઇ હથોડી, છીણી લઇને આવવું. પાટના ત્રણ કટકા કરી ગામમાં લઈ જવી. છીણી આવે તે પહેલાં જ આ બન્નેના વિચારોમાં ભંગાણ પડ્યું. એક ગામમાં ગયો, બીજો પાટ આગળ બેઠો. ગામમાં ગયો તેને વિચાર આવ્યો : આવડી મોટી પાટના બે ભાગ થાય તો મારા ભાગમાં શું આવે ? આખી પાટ મળી જાય તો કામ થઇ જાય ના ? બજારમાંથી મીઠાઈ લીધી, એમાં સોમલ ભેળવી દીધું. છીણી, હથોડો અને મીઠાઇ લઇને એ આવ્યો. પેલા વેપારીને થયું કે સાંજનો સમય થવા આવ્યો છે, બાજુમાં કૂવો છે, નિર્જન એકાન્ત છે, મીઠાઇ ખાધા પછી પાણી પીવાના બહાને કૂવા આગળ જઇ ધક્કો મારું તો એ ટળે અને આખી જ પાટ હોઇયાં કરી જાઉં. ચાલાકી ચાલાકીને જન્માવે છે. એકે ઝેર ખવડાવ્યું તો બીજાએ પાણીના બહારને કૂવામાં ધક્કો માર્યો. એક કૂવામાં મર્યો તો બીજો વિષ ચઢવાથી મર્યો.

બીજે દિવસે ફિલસૂફ તપાસ કરવા નીકળ્યો તો એક કૂવામાં અને બીજો સોનાની પાટ ઉપર મરેલો પડેલો. ફિલસૂફને થયું, આ સોનાને સાધન માન્યું હોત અને આત્માને સાધ્ય માન્યું હોત તો કહેત કે થોડું તું ખા અને થોડુંક હું પણ ખાઉં. નીતિથી વહેંચીને ખાઈએ. પણ લક્ષ્મીમાં, વૈભવમાં આવી બુદ્ધિ રહેવી બહુ મુશ્કેલ છે. ધર્મયુગમાં કૈકેયીને રાજ્ય માટે અભીપ્સા જાગે તો સંસારના સામાન્ય માણસોને આવી તૃષ્ણા જાગે એમાં શું નવાઇ ?

પણ જેને આ જ્ઞાન થાય છે, તેના મનમાંથી ભૌતિક પદાર્થો માટેની લાલસા નીકળી જાય છે. એને થાય કે ઊર્મિઓથી આવેલી આ પૂર્ણતા એ કૃત્રિમ છે, બનાવટી છે.

એક નબળો વિચાર આવ્યો એટલે પછી નબળા વિચારોની પરંપરા શરૂ થઈ જાય છે. નાવમાં એક કાણું પડયું પછી તો પાણી અંદરથી આવ્યાં જ કરે છે.

એક ભાઈ કહે : " આ તે કેવું વિચિત્ર ! મારા શયનખંડમાં મેં આ ખીંટી મારી છે તે અહીં રહેવાની અને હું ચાલ્યો જવાનો !" વાત સાચી છે. આટલી મમતાથી ભેગી કરેલી વસ્તુઓ મૂકી દેતાં પરસેવો છૂટે છે. પણ તે પરાયી વસ્તુ છે એટલે મૂકવી જ પડે. પણ જો જ્ઞાનસારની આ વાત પચી જાય તો મૃત્યુ આવે તો જરાય અસ્વસ્થ થયા વિના કહે, "હું તૈયાર છું." આ જ્ઞાન લોહીમાં અવતરી જાય. ચેતનામાં ઊતરી જાય તો સંસાર સાગર તરી જવાય.

દુનિયાની મૂડી મૃત્યુથી ડરાવે છે, જ્ઞાનનો ખજાનો આવે પછી કોઈનાથી ગભરાવાનું નથી. આ એક માનસિક મનોયત્ન છે.

આ શ્રવણ કરતાં કરતાં આપણામાં રહેલી પૂર્ણતાનો અનુભવ કરીએ તો સંસાર પણ મધુર બને.

સાધનોની કિમ્મત સમજનાર પૂર્ણ બને છે ત્યારે અંદરથી આનંદ ઊભરાય છે અને નિશ્ચળ તરંગ વગરના સ્થિર એવા સાગર–સરોવર જેવી માનસિક ભૂમિકા પ્રાપ્ત થાય છે.

સાગરને કિનારે જળ જ્યાં છીછરાં હોય ત્યાં ખૂબ તરંગો દેખાય તે સાગરનું વાસ્તવિક દર્શન નથી. શાંત અને સ્વસ્થ એ હોય ત્યારે જ એની પૂર્ણતાનું સાચું દર્શન થાય છે. તરંગ વગરની નિશ્ચલ અવસ્થા એ જ પૂર્ણાનંદ સ્વરૂપ આત્માની સ્વસ્થતા છે.

## પૂર્ણાષ્ટક (૪)

जागर्ति ज्ञानदृष्टिश्चेत् तृष्णाकृष्णाहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत् किं स्याद् दैन्यवृश्चिकवेदना ॥

સત્, ચિત્ અને આનંદનો અનુભવ કરનાર આત્મા આજે જગતમાં અસત્, અજ્ઞાન અને દુઃખનો અનુભવ કરી રહ્યો છે એનું કારણ શું છે? સ્વરૂપનું વિસ્મરણ થયું છે. **સ્વરૂપનું વિસ્મરણ એ જ દુઃખ અને સ્વરૂપનું સ્મરણ એ જ સુખ.**

આ શ્લોક સ્વરૂપનું સ્મરણ કરાવે છે.

તું કોણ છો? પૂર્ણાનન્દ છો. પણ તું મદિરાના નશામાં આવી ગયો છે અને તારો સ્વભાવ, તારું ઘર, બધું જ ભૂલી ગયો છે. તારો નશો ઊતરી જાય તો તને ખબર પડે કે તું કોણ છો.

એકવાર એક ખાનદાન ઘરનો, સુખી ઘરનો છોકરો ગાડીમાં આવતો હતો. એ કાબૂ ખોઈ બેઠો, ગાડી અથડાઈ અને એ ઊછળીને ખાડામાં પડયો. ભાગ્યયોગે કાંઈ ખાસ વાગ્યું નહિ. ખાડામાં પડયો પણ પાછા ઊભા થવાની શકિત નહિ. વિચારવાની પણ શકિત નહિ. એ જ વખતે હું ત્યાંથી પસાર થતો હતો. એને ઊભો કરવા પ્રયત્ન કર્યો, પણ ઊભો થાય શેનો? દારૂની તીવ્ર ગંધથી મોં ગંધાતું હતું. પૂછ્યું, જવાબ તો એ શું આપે? પણ એને જ ખબર નહિ : 'હું કયાં છું !' ખૂબ મદિરાપાન કરેલું એટલે બાપડો સ્વનું ભાન જ ભૂલી ગયો.

એને જેમ મદિરાનો કેફ ચઢયો હતો તેમ માણસને આજે મોહનો કેફ ચઢયો છે, અને ગમે ત્યાં આળોટયા કરે, ગમે તેમ બોલ્યા કરે, ગમે તેમ વર્ત્યા કરે, મોઢામાંથી ન શોભે એવા શબ્દો ચાલ્યા આવે. મોઢામાં નિંદા, વાતોમાં ગંદકી, આંખમાં ઈર્ષા, આનું કારણ શું ? મોહનો કેફ ચઢયો છે, નહિતર જેનામાં પરમાત્મા બિરાજમાન છે એવો માણસ આવો કેમ ?

માણસ પોતે ખરાબ નથી, નશો ખરાબ છે.

એક ચિંતકે ઠીક જ કહ્યું :

" पित्वा मोहमयी–प्रमाद–मदिरां,
उन्मत्त–भूतं जगत् "

મોહની પ્રમાદ રૂપી આકરી મદિરા પીને માનવ ઉન્મત્ત બન્યો છે. એને પોતાની અવસ્થાનું ભાન નથી. એ ન જોવાનું જુએ છે, ન બોલવાનું બોલે છે અને ન કરવાનું કરે છે. એને ભાન જ નથી. આ ભાન કેમ આવે? જ્ઞાનદૃષ્ટિ ઊઘડી જાય તો.

તૃષ્ણારૂપી કાળી નાગણ સમસ્ત દુનિયાને ડંખી રહી છે. એમાં ય વાર્ધકયમાં એનું જોર વધી જાય છે. વાર્ધકયમાં ખાવાની, પચાવવાની, જોવાની, ચાલવાની–આ બધી શક્તિઓ ઘટતી જાય, પણ તૃષ્ણા વધતી જાય.

થાય કે મારા પુત્ર માટે ભેગું કરું, પૌત્રો માટે મૂકી જાઉં. બિચારો પૌત્રોનો વિચાર કરે છે, પોતાનો નહિ. આના જેવો ગમાર કોણ ? જે, અવસ્થા થવા છતાં પણ પોતાનો વિચાર ન કરે તેને શું કહેવું ? તું પોટલાં બાંધીને આપીને જાય પણ એનું ભાગ્ય નહિ હોય તો રહેવાનું નથી

અને તું નહિ આપે તો ય એનું ભાગ્ય હશે તો એ ભૂખ્યો રહેવાનો નથી. તમે નથી જોયું ? બાપા માળા બંધાવી ગયા, કહેતા ગયા : " બેટા! માળાનું ભાડું ખાજો. " પણ એ જ માળા ગીરે મુકાયા અને બેટા ભાડાની ઓરડીમાં રહે છે. અને બીજી બાજુ થોડાં વર્ષો પૂર્વે નાની ઓરડીમાં રહેનારા, મોટા ફ્લેટોમાં રહે છે. જીવનના બે પાસાં છે, ભાગ્યના પ્રકાર છે.

આ તત્ત્વજ્ઞાન જાણ્યા પછી તમારા વિના પાછળના દુ:ખી થશે એ અશ્રદ્ધા નીકળી જશે. જેવું ભાગ્યનું નિર્માણ હશે એવું જ થવાનું છે. કોઈ કોઇને જીવાડી શકતું નથી. જેને કર્મવાદ ઉપર વિશ્વાસ છે એ પોતાના છોકરાઓને અપંગ માનવાની ભૂલ કદી કરતો નથી.

ઘણાખરાં મા-બાપ દીકરાઓને અપંગ કરે છે અગર માનીને બેઠાં છે. ' મારા છોકરાંનું શું થશે ?' શું લૂલાં-લંગડાં છે? આજે તો લૂલાં-લંગડાં પણ જીવી રહ્યા છે. જ્યારે આને તો પાંચે ઈન્દ્રિયો છે, તું શું કરવા એની ચિંતા કર્યા કરે છે?

જેને પોતાનામાં વિશ્વાસ નથી એને જગતમાં ક્યાંય વિશ્વાસ નથી.

નક્કી કરો કે ભાગ્ય પ્રમાણે, કર્મ પ્રમાણે થવાનું છે; લેણદેણ પ્રમાણે ભોગવવાનું છે. ઋણાનુબંધ પૂરાં થતાં બધું સમાપ્ત.

આ વિશ્વાસ ઉત્પન્ન થાય પછી પોતે બીજાના વિચારે હેરાન થતો નથી.

જુવાનીમાં રળવાની શકિત હોય પણ ઘડપણમાં એ શકિત ઓછી થતાં ભેગું કરવાની આસકિત વધે.

તૃષ્ણાને જ્ઞાનીઓએ કાળી નાગણ કહી છે. બીજા સર્પની પકડમાંથી માણસ કદાચ છૂટી જાય પણ કાળી નાગણના ભરડામાંથી ન છુટાય. એના ભરડામાંથી છૂટવાનો માર્ગ છે : જાંગુલિ મંત્ર. મદારીઓ પાસે જાંગુલિ નામનો મંત્ર હોય છે. આ મંત્રના પ્રભાવથી સર્પ વશ થઇ જાય છે અને કરડયો હોય તો એનું ઝેર ઊતરી જાય. તૃષ્ણારૂપી કાળી નાગણને વશ કરવા માટે જાગૃત જ્ઞાનદૃષ્ટિ એ જાંગુલિમંત્રનું કામ કરે છે.

આ જાગૃત જ્ઞાનદૃષ્ટિ શું છે? માણસને વિચાર આવે કે મારી વાસના આ વસ્તુઓમાં રહી જશે તો ભટકીને, ફરીને, રખડીને પાછા અહીં આવવું પડશે; મારું ભવભ્રમણ વધી જશે; તૃષ્ણાના તાંતણે તણાવું પડશે.

જીવને વારંવાર જન્મ લેવા પડે છે, એનું કારણ છેઃ તૃષ્ણા. મોક્ષે જાય છે એમને જન્મ લેવા નથી પડતા, કારણ કે એમની તૃષ્ણા છૂટી ગઇ છે. જન્મ લેવાનું કારણ તૃષ્ણાનું દોરડું છે. એ માણસને પાછો લઈ આવે છે.

ધર્મસાધનાથી તૃષ્ણાનું દોરડું તોડવાનું છે. એ દોરડું તૂટે તો જ માણસ મુક્ત બને. દોરડું ન છૂટે તો હલેસાં મારવાં નકામાં છે.

કાશીથી બે પંડયાઓ નૌકામાં બેસીને બીજે ગામ જવા નીકળ્યા. દસ માઇલ દૂર જવાનું હતું. ચાંદની રાત હતી. એમને થયું : લાવ, જરા ભાંગ પીએ. ગંગામાંથી પાણી લીધું, ભાંગ પીસી, અને બેબે લોટા ભરી પી ગયા. પછી હલેસાં મારવાનું શરૂ કર્યું. આખી રાત હલેસાં માર્યાં. સવારના પાંચ વાગ્યા, ઘાટ ઉપર લોકોની અવરજવર શરૂ થઇ.

ભાંગનો કેફ પણ ઊતરવા આવ્યો હતો. થયું કે ચાલો ગામ આવી ગયું. પણ જોયું તો પરિચિત માણસો દેખાયા, ઘાટ પણ એ જ લાગ્યો. પૂછયું : "આ કયો ઘાટ છે ?" કોઈએ કહ્યું : "કેમ ભૂલી ગયા? કાશીનો દશાશ્વમેધ ઘાટ છે." "અરે, ત્યાંથી જ તો અમે બેઠા હતા ! આખી રાત નાવ ચલાવી, હલેસાં માર્યાં તેનું શું ?"

દોરડું જ નહોતું છોડયું !

નાકા પ્રવાહમાં તણાઇ ન જાય માટે સો હાથના દોરડાથી એને ઘાટ સાથે બાંધવામાં આવે છે. નૌકા ફરે ખરી પણ સો હાથમાં જ. ગાંઠ ન છોડે તો નાકા કેમ આગળ વધે ?

માણસો પ્રવચનો સાંભળે છે; સમતાની વાતો કરે છે; આત્માની ચર્ચા કરે છે; પણ દોરડું ન છોડે. કહે : "તમે હલેસાં મારી જુઓ, વાંધો નથી. અમે અહીં જ છીએ." દોરડું બાંધીને આવ્યા છીએ, બંદા ખસે જ નહિ. હલેસાં મારનારો રાજી થાય કે નૌકા ચાલે છે, પણ આગળ વધે છે ? કે માત્ર ચક્કર જ માર્યા કરે છે ?

દોરડું તોડવાનું છે, તૃષ્ણાનું દોરડું છોડવાનું છે. જ્યાં સુધી એ મમત્વના ઘાટની સાથે બંધાયું છે ત્યાં સુધી શ્રમ કરો, મહેનત કરો પણ નૌકા કોઈ દિવ્ય ભૂમિ પ્રતિ આગળ ન વધી શકે, કિનારો છોડી ન શકે.

કદીક તો વિચાર કરો ? પચાસ વર્ષમાં કેટલાં સામાયિક કર્યાં ? કેટલી પૂજાઓ કરી ? કેટલી જાત્રાઓ કરી ? હજુ પણ કોઈ કંઈ કહે તો કેવાં ક્રોધથી છંછેડાઈ જાઓ છો ? કોઇ જરાક અપમાન કરે તો ભગવાન ઉપર, મંદિર ઉપર, કહેનાર

ઉપર અને પ્રવચન ઉપર કેવાં રિસામણાં આવી જાય છે ? આ બધું તો એમનું એમ પડ્યું છે કારણ કે દોરડાં છોડયાં નથી. દોરડાં છોડવાં નથી તો સામે ગામ કેમ પહોંચાશે ?

તૃષ્ણાનાં દોરડાંના કારણે જીવો ત્યાં ને ત્યાં જ પરિભ્રમણ કરે છે.

શ્રવણ કરતાં કરતાં ઘરમાં જેની સાથે જીવતા હોઈએ એના સ્વભાવ જાણી લેવા. જે અડધો ગાંડા જેવો હોય એની સાથે શું કરવા ચર્ચામાં ઊતરો છો ? સ્વભાવ જાણીને કલહ કે આત્માને ઉદ્વેગ થાય એવા નિમિત્તમાં ન ઊતરવું.

જીવ કષાયમાં આવે છે ત્યારે ભાન રહેતું નથી. એ એટલો આવેશમાં આવી જાય છે કે બીજાને તો શું, પોતાને નુકશાન કરી બેસે છે. જે પોતાને નુકશાન કરી બેસે એ બીજાને નુકશાન કેમ ન કરે ? "મારું કે મરું; કાં હું નહિ કાં તું નહિ."

ફિટ જેવી કષાયોની હાલત છે. એ વખતે કાંઈ જ ખબર ન પડે. મંદિરમાં હોય કે પ્રવચનમાં; આવેશમાં એ ઊભો થઈ જાય, ન કરવાનું કરી બેસે.

જીતવાનું કોને છે ? કષાયોને. ધર્મનું શ્રવણ કર્યા પછી ગમે તે વ્યક્તિ મળે પણ તમારે એક જ વિચાર કરવાનો : "સમતાથી સહન કરી કર્મ ખપાવવાનો આ અવસર છે." પણ મૃત્યુનો, ભાગી જવાનો, કંટાળી જવાનો કે જીવનને ઝેર કરવાનો વિચાર કદી ન કરવો.

ગમે ત્યાં જશો પણ જ્યાં સુધી કર્મ પૂરાં નથી થયાં, દેવું ચૂકવાયું નથી ત્યાં સુધી એ તમને નહિ છોડે. બીજા ભવમાં પણ પીછો પકડશે. દેવું તો ચૂકવવું જ પડશે.

જે મરવાનો, કંટાળીને આપઘાત કરવાનો વિચાર કરે છે, ઊંઘની ગોળીઓ લેવાનો વિચાર કરે છે એને આ જ્ઞાનદૃષ્ટિ મળી નથી. ધર્મનું શ્રવણ કરતાં કરતાં જેની જ્ઞાનદૃષ્ટિ જાગતી હોય એને દુઃખમાં પણ જીવન જીવવાનું બળ આવે છે.

જેમ જેમ સહન કરતા જાઓ એમ તપોવૃદ્ધિ થતી જાય.

કષાય તો જ્ઞાની અને અજ્ઞાની બધાને આવવાના. જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી બધા કષાયો માણસના મનમાં બેઠા છે. કોઈ કહેતું હોય કે મને કષાય નથી, તો કાં એ દંભી છે, કાં અજ્ઞાની. દંભી જૂઠાથી સ્વીકારતો નથી, અજ્ઞાની જાણતો નથી.

જે કષાયો તમારામાં બેઠા છે, એ જ કષાયો સાધુમાં બેઠા છે. પણ સાધુ શું કરે ? સમજાવી, પટાવીને શાંત કરી બેસાડી દે. જ્ઞાનદૃષ્ટિ અહીં સહાયક બને છે.

પિત્ત અંદર પડયું હોય ત્યાં સુધી વાંધો નહિ; પણ ઉપર આવી જાય ત્યારે માથું ચઢે, ઉલટી આવે. કષાયો પણ ઉપર આવતા આ મુશીબત ઊભી થાય.

જ્યારે જ્યારે કષાયો ઉદયમાં આવે ત્યારે એટલું ન વિચારો ? આ કષાય કેમ આવ્યો ? આ જ્ઞાનદૃષ્ટિ છે.

એક ઘરમાં સાસુ વહુ ક્રોધમાં આવી ન બોલવાનું બોલે, બન્ને લઢી પડે. વહુએ પાડોશીને વાત કરી, પૂછ્યું : "એવો કોઇ મંત્ર છે જેથી મારી સાસુનું મગજ શાંત થઇ જાય ?" નમો અરિહંતાણંનો મંત્ર આપ્યો અને કહ્યું : "મંત્ર સારો છે પણ સાથે પથ્ય પાળવું પડશે. જ્યાં સુધી તારી સાસુનું મગજ ગરમ રહે ત્યાં સુધી મોઢામાં ઠંડા પાણીનો કોગળો ભરી રાખવોઃ મોઢામાં પાણી અને મનમાં

નમો અરિહંતાણં. તારા મોઢામાં રહેલા ઠંડા પાણીને લીધે સાસુના મગજમાં ઠંડક આવશે અને ક્રોધ શાંત થશે." પેલી બાઇ ભણેલી ન હતી પણ શ્રદ્ધાળુ હતી. સાસુ બોલવાનું શરૂ કરે એટલે દોડીને મોઢામાં ઠંડું પાણી રાખે અને મનમાં મંત્ર શરૂ કરે. સાસુ બોલી બોલીને થાકી જાય. કહે "તમે તો કેવાં પથરા જેવાં છો? આટલું બધું કહ્યું તો પણ બોલતાં નથી! જાઓ, તમારી સાથે માથાફોડ કોણ કરે?" જેવાં સાસુ ઠંડા થઈને બેસે એટલે પેલી બાઈ મોઢું ખાલી કરે. પછી પાડોશીને કહે કે તારો મંત્ર બહુ જબરો છે; હવે તો સાસુ બોલીબોલીને ઠંડા થઇ જાય છે.

એને ખબર નહિ કે મોઢામાં પાણી હોય ત્યારે બોલાય જ નહિ. ઝઘડો કરવો હોય તો બે જોઈએ, એકલો માણસ ક્રોધ કરે તો ગાંડામાં ખપે.

કષાયના સમયમાં ઉત્તર નહિ આપવો એ જ સારી વાત છે. જેને કષાય આવે એને ખબર નથી હોતી. એની સાથે આપણે પણ કષાયમાં આવી જઈએ તો આપણી હાલત પણ સામા જેવી જ થાય ને? એ પળ નીકળી જાય પછી બીજી પળે કષાય કરનારો બીજી સ્થિતિમાં જ હોય છે. એને પશ્ચાત્તાપ થાય. "મેં આટલું કહી નાખ્યું! આવું કહી નાખ્યું, ન બોલવાનું બોલ્યો!" કાંઈ નહિ. એને એ વખતે ખબર નહોતી. ન બોલવાનું બોલ્યો! પણ એને આટલું સમજાયું એ પણ સમજની શરૂઆત છે.

જપ કરનારે તપ કરવાનું છે. તપ કરનારને જપ ફળે છે. કયું તપ? જ્ઞાનદૃષ્ટિનું તપ. જ્ઞાન દૃષ્ટિ એ મોટામાં મોટું તપ છે. એના જેવું તપ એકેય નથી. બધી જ પ્રવૃત્તિના

મૂળમાં જ્ઞાનદૃષ્ટિ હોવી જોઈએ. જ્ઞાનદૃષ્ટિ લગાડો તો વસ્તુ તમને જુદી લાગવાની. જ્યાં સંસાર જુદો લાગ્યો પછી તમે ભલે સંસારમાં રહો પણ કર્તવ્યથી રહો, જાગતા રહો, જવાબદારીથી રહો, અદ્ધર રહો, કીચડમાં ડૂબો નહિ. તમારા બધા પ્રશ્નોનો ઉત્તર જ્ઞાનદૃષ્ટિ છે.

જગતમાં બે જ તત્ત્વ છે : આત્મા અને કર્મ. બધા ચૈતન્ય એ આત્મા છે, જડ એ કર્મ છે અને કર્મ અને આત્માના જોડાણને લીધે સંસાર છે. કાંઇ ગૂંચ છે જ નહિ.

જ્ઞાનદૃષ્ટિ આવે છે અને જીવ આ તત્ત્વનો વિચાર કરતો થાય છે. પછી દરેક પ્રવૃત્તિ કરે પણ એ જળકમળની માફક અલિપ્ત રહી સંસારનું આ રીતે અવલોકન કરતો આગળ વધે છે અને જીવન યાત્રા સુંદર રીતે પૂરી કરે છે.

વર્ષો તો પૂરાં થવાનાં, રડતાં રડતાં કે હસતાં હસતાં, માથાં કૂટતાં કે અર્થવિહિન ચર્ચા કરતાં. જો દિવસો પૂરા જ થવાના છે તો શા માટે દુઃખી થઈને પૂરા કરવા ? જાગૃતિમાં પ્રબુદ્ધ થઈ દિવસ કાઢીએ તો એ દિવસ સમતામાં જાય.

સમતાની સમજણ આવે એના જેવું સુખ કોઇ નથી. ખાવા રોટલો મળે, પહેરવા કપડાં મળે, રહેવા ઓટલો મળે એને બીજું કોઇ દુઃખ હોય તો એ ઊભું કરેલું દુઃખ છે. આ ત્રણ દેહની જરૂરિયાતનાં દુઃખો છે. આ ત્રણ હોય તેમ છતાં પણ જો દુઃખ હોય તો એ અજ્ઞાનમાંથી જન્મેલા મોહનું છે. લોકો આ અજ્ઞાનને કારણે વસ્તુઓનો અભાવ કલ્પી દુઃખી થતા હોય છે.

જ્ઞાનદૃષ્ટિ આવતાં આ ભૌતિક દુઃખો પણ ઓછાં થતાં જાય. અંદરથી સુખ આવતું જાય. એ વિચારે : ચાલો,

શરીર ઢાંકવા વસ્ત્ર છે, રહેવા મકાન છે, ખાવા રોટલો છે; હવે માલ પાણીને યાદ કરી આ રોટલાનો આનંદ શાને ગુમાવવો ?

સુખનો વિચાર કરો તો તૃષ્ણા ઓછી થતી જાય. બાકી તો આ તૃષ્ણાનો ખાડો ભરતા જાઓ એમ ઊંડો ઊતરતો જાય.

એક ભાઈએ શેરબજારમાં નવાણું લાખ બનાવેલા પણ કરોડપતિ બનવાની અભિલાષા. ગામના લોકોએ ઘણું સમજાવ્યા પણ ન માન્યા. કહે : નવાણું લાખ ઊભા કર્યા તો એક લાખ શું હિસાબમાં ? જોજો, હું કરોડપતિ થઈને આવું છું." એક લાખ લેવા જતાં નવાણું લાખ મૂકીને આવ્યા. જેનાં કબાટો નોટોની થોકડીઓથી ભરેલાં રહેતાં એને મહિનો કેમ ચલાવવો એ પ્રશ્ન ઊભો થયો; શૂન્ય round figure કરવા જતાં પોતે જ શૂન્ય round થઈ ગયા.

સંસાર એક ચક્કી છે. વ્યસની કે વેઠિયો પોતાની સાધના માટે સમય ન મેળવી શકે તે જરાક માની શકાય. પણ શેઠિયો થઈને કહે કે શું કરું, સમય મળતો નથી. તો આ અનુકૂળ સાધનોનો અર્થ શો ? સુખી માણસ તો ધર્મ વધારે કરી શકે ! આ જ્ઞાન, શ્રવણ, ચિંતન વારંવાર ક્યાં મળવાનું છે ? જ્ઞાનની ગંગા જરૂર વહે પણ સાંભળનારનું જ ભાગ્ય ન હોય તેનું શું ?

જ્યારે સ્વાધ્યાય, ચિંતનનો લાભ મળે ત્યારે એ ન ચૂકો. જ્ઞાનથી, ધ્યાનથી જે પોતાના ચિત્તને તૈયાર કરે છે એની તૃષ્ણા ઓછી થતી જાય છે.

જે જાગૃત છે એ પૂર્ણાનંદી છે, એને દીનતા રૂપી

વીંછણની વેદના થાય જ કેમ ?

દીનતા એ વીંછણ છે. ઓછું આવતાં માણસના મનમાં ને મનમાં ડંખની વેદના થાય.

તમે મધ્યમ વર્ગના હો, સગાને ત્યાં લગ્નમાં જાઓ, તમે ગળામાં સામાન્ય માળા પહેરી હોય અને લગ્નમાં આવેલા તમારા સુખી સ્નેહીએ હીરાનો હાર પહેર્યો હોય તો તમે લગ્નમાં ફરો પણ જીવ અંદર બળ્યા કરે. "આનો હાર કેવો ચળકે છે અને મારો હાર ?"

ભાગ્યયોગે પંગતમાં છેલ્લે બેસવું પડે ત્યારે તો થાય જ કે મારી પાસે દાગીના નહિ, પૈસા નહિ એટલે છેલ્લે જગ્યા મળી. એ બેઠો બેઠો ખાય ખરો પણ જીવ બળ્યા કરે, ડંખ લાગ્યા કરે, દુઃખ થયા કરે.

આ દુઃખ માત્ર દુઃખીનું જ છે એવું નથી. વધારે સુખીનું પણ દુઃખ છે. તમારા સુખનું કોઈ ચોક્કસ ધોરણ નથી. એ માત્ર બીજા સાથેની સરખામણી જ છે. જેણે મૂલ્યો માત્ર સંપત્તિથી કર્યાં છે એવો લાખોપતિ કરોડપતિ આગળ ફિક્કો લાગે. અને એવો કરોડપતિ અબજપતિ આગળ શિયાવિયા થાય. ઝૂકીને કહે અમે શું હિસાબમાં ? કારણ કે એ આત્માની વાત જાણતો નથી.

ગામડામાં રહેતો લાખનો ધણી શહેરમાં આવે, મિલ-માલિકને જુએ અને દીન થઈ જાય. મિલમાલિક એના કરતાં વધુ ધનવાનને જુએ તો એની મિલ એને મિલડી લાગે. અને એ ધનવાન અમેરિકા જાય અને ત્યાં રૉકફેલર Rocke-fellerને જુએ, એનું હેલિકોપ્ટર helicopter જુએ અને થાય કે આપણા જીવનમાં શું મજા છે ? શું

સુખ છે ?

ધનવાન કહેવાતો આ જીવ દુઃખી થઈ જાય. બાપડો બીજાનાં સુખ જોઈ જોઇને દુઃખી થાય. એ દુઃખમાં, એ તૃષ્ણામાં હેરાન થાય.

મરીનડ્રાઇવની પાળ ઉપર બેઠા બેઠા ઘણાં જીવ બાળ્યા કરે, "આ હા હા ! મરીનડ્રાઇવ પર રહેનારા કેવા સુખી છે, મોટી લાઇટો દેખાય, બધું મોટું દેખાય." પણ એ મોટા ઘરમાં નાની વસ્તુઓ માટે કેવો કજિયો થાય એ શું જાણે ?

ઘરમાં પાંચ ગાડી અને સાત મેમ્બરો. એકને બહાર જવા ગાડી ન મળે તો ધમાલ થાય, કજિયો થાય. શું કહે ? "તમે ગાડી લઈ જાઓ અને અમારે ટેકસીમાં મરવાનું ?" ટેકસીમાં જાય પણ કહે કે મરવાનું !

જેને ગાડી જ નથી એ તો ચાલતા ચાલતા આવી ગયા, કોઇ ઝઘડો જ નહિ.

જ્યાં સુધી જ્ઞાન ન આવે, સમજ ન આવે ત્યાં સુધી દીનતારૂપી વીંછણના ઝીણા ઝીણા ડંખ વાગ્યા જ કરે.

સર્પ કરડે તો માણસને ઝેર ચઢે, મૂર્છા આવે, બેભાન થઈ જાય, બોલે નહિ. પણ વીંછી કરડે તો ધાંધલ, ધમાલ કરી નાખે.

જેને તૃષ્ણા લાગી એ બધાનું હડપ કરવાનો વિચાર કરે, પણ જેને દીનતારૂપી વીંછણ કરડે એ અંદરથી, નાની નાની વાત માટે જીવ બાળ્યા કરે.

એને એક યા બીજી રીતે ખોટું લાગતું જ હોય. ધારો કે રવિવારે તમે તમારા સુખી સગાને મળવા જાઓ. પગ

મૂકો અને ભાગ્યયોગે એ બિચારાને બહાર જવાનું હોય. એટલે "માફ કરજો," કહી તમારી સાથે ઊતરી પડે. તમે શું કહો ? "આપણી પાસે પૈસા નથી એટલે ચહાનું પાણી સરખું પણ ન પાયું !" ઘરે આવો, દુઃખી થાઓ, એ માણસ પ્રત્યે ધિક્કાર જાગે. થાય કે પૈસાદારોનાં મોઢાં કાળાં. રવિવારનો હોલીડે હોળીડેમાં ફેરવાઈ જાય ને ?

એમ કેમ માનવું કે એણે જાણી જોઈને ચહા નથી પાઈ ?

અહીં સ્યાદ્‌વાદનો ઉપયોગ કરવાનો છે. સ્યાદ્‌વાદની દૃષ્ટિ હોય તો કહેશો: "હશે, એ પણ કોઈકવાર બિચારો દુઃખી હોય, મારે શું કામ છે ? મેં મારું કર્તવ્ય બજાવ્યું." મોઢા ઉપર કટુતાની રેખા ઉપસી ન આવે. દીનતાના ડંખથી ડંખાયેલા ન હો તો કોઈક દિવસ એ જરૂર પાછો આવીને કહેશે : "એ દિવસે તમે મારે ત્યાં આવ્યા પણ ઉતાવળ હોવાથી મારે નીકળી જવું પડયું, સ્વાગત પણ ન કર્યું, માફ કરશો."

એ કયારે બને ? જો તમારા મોઢા ઉપર દીનતાનો ડંખ ન દેખાય તો.

તૃષ્ણારૂપી કાળી નાગણના ઝેરને ઉતારનાર જાંગુલિમંત્ર સમાન જ્ઞાનદૃષ્ટિ જેની જાગૃત છે એવા પૂર્ણાનન્દીને દીનતારૂપી વીંછીના ડંખની વેદના થાય જ કેમ ?

## પૂર્ણાષ્ટક (૫)

पूर्यन्ते येन-कृपणा स्तदुपेक्षैव पूर्णता ।
पूर्णानन्दसुधास्निग्धा, दृष्टिरेषा मनीषिणाम् ॥

તું દીન ન બન. તારે દીન બનવાનું કોઈ કારણ નથી. તને ગરીબ, કંગાલ કે નિર્ધન કોણ કહી શકે ? કરી શકે ? તું તો ધનપતિનો પણ ધનપતિ છો; તું તો અદ્દભુત સંપતિનો સ્વામી છો; પણ તારી સંપતિનું તને ભાન નથી, તારી સંપત્તિ શું છે એ તું સમજ્યો નથી એટલે તને લાગે છે કે તારી પાસે કાંઈ નથી. પણ તને જો એ સંપત્તિનો ખ્યાલ આવી જાય તો તું કોઈની આગળ દીન કે રાંક નહિ બને, મનમાં ઓછું નહિ આણે.

પુણ્યની પ્રકૃતિ કેવી વિવિધ છે !

શાળીભદ્રને ત્યાં રાજા શ્રેણિક આવે છે, નોકરોના ખંડમાં આરસની જળતરંગવાળી લાદીઓ જોતાં શ્રેણિકને સંશય પડ્યો : આ પાણી છે કે પથ્થર. એ જાણવા માટે એણે વીંટી મારી. વીંટી અથડાઈ ને પાછી આવી ત્યારે જાણ્યું કે આ પાણી નહિ, આરસની શિલાઓ છે. એ ઉપર જાય છે. શાળીભદ્રની મા શાળીભદ્રને નીચે બોલાવે છે, એનું શરીર પારિજાતક જેવું સુકુમાર છે. અનંત સમૃદ્ધિ છે. ઘડીભર શ્રેણિકને થયું : "હું આ મગધનો રાજા, જે નથી માણતો એ શાળીભદ્રના સેવકો માણે છે !" ત્યાં એને ભગવાન મહાવીર યાદ આવ્યા. એમણે કહેલી પુણ્યની વિવિધતાની વાત સાંભરી આવી. કર્મની

પ્રકૃતિઓના ભિન્ન ભિન્ન પ્રકારો તે આનું નામ. પુણ્ય ભોગવવાની પ્રકૃતિઓ-જુદી છે. કોઈ રાજા બની જાય પણ શાતા-વેદનીય સુખ ન અનુભવી શકે અને કોઈ શાતાવેદનીય અનુભવતો હોય પણ રાજા ન હોય. એકને ભોગાવળી પુણ્યનું સુખ છે, બીજાને રાજ્યનું અનુશાસન કરવાનું પરાઘાત નામનું કર્મ છે. શ્રેણિકે વિચાર કર્યો: "મને અનુશાસનનું, હુકમ કરવાનું પુણ્ય મળ્યું છે, જે શાળીભદ્રને નથી મળ્યું. અને એની પાસે વૈભવના ઉપભોગનું પુણ્ય છે તે મારી પાસે નથી. એની દુનિયામાં એ સમૃદ્ધ છે, મારી દુનિયામાં હું સમૃદ્ધ છું." મનમાં બળતરા નહિ, ઇર્ષ્યા નહિ. એટલે જ શાળીભદ્રને લૂંટીને રાજ્ય ભંડાર ભરવાનો વિચાર એને ન આવ્યો.

આજે આ જ્ઞાન વગરના, અધ્યાત્મ વગરના ભૂખ્યાઓને બોલાવો તો તમારા દુ:ખનું કારણ જ બને ને? પણ જે કર્મવાદને જાણતો હોય એ દુનિયામાં રહે ખરો પણ તૃપ્ત હોય. ધર્મ સમજાઇ જાય તો જીવનની દિશા બદલાઇ જાય.

દુનિયામાં કંજૂસને કૃપણ કહેવાય પણ અહીં મંદ બુદ્ધિવાળો કૃપણ કહેવાય. એ રાત દિવસ સાચું-જૂઠું કરીને, આર્તધ્યાન કરીને, મિત્રોને દગો દઇને, બીજાને માટે પૈસો ભેગો કરે અને પોતાને માટે દુર્ગતિનું ભાતું બાંધે એના જેવો કમઅક્કલ બીજો કોણ? માખીઓની જેમ ગુનગુન કરી મધપૂડો તૈયાર કરે અને કોઇ રીંછ આવી, હાથ મારીને બધું લઈ જાય, બધું ખાઇ જાય; એવો આત્મા કૃપણ નહિ તો બીજું શું કહેવાય?

સાચાં મા-બાપ તો છોકરાંઓને સરસ ઉચ્ચ કેળવણી આપે, સંસ્કારો આપે અને કહે: "હવે તમે તમારું ભાગ્ય

નિર્માણ કરો, પાપથી ભેગું કરેલું તમને આપીને મારે તમને દુર્ગતિમાં નથી મોકલવા."

કૃપણો શાની અપેક્ષા કરતા હોય છે ? ધનની. પારકી વસ્તુ મળે તે કામ લાગશે માની પૂરતા જાય, ભરતા જાય, પોતાની જાતને સુખી માનતા જાય, પણ જ્ઞાનીઓ કહે છે કે જેનાથી કૃપણ પોતાને ભરાતો માને છે, પૂર્ણ માને છે, ગઢ જીતી ગયો માને છે એની.તું ઉપેક્ષા કર. કૃપણ માને છે તે ભ્રમ છે. એ ગઢમાં જશે ત્યારે ખબર પડશે કે ગઢ છે કે ગર્તા !

સાસુ જ્યારે વહુને લઈને ઘરમાં આવે છે ત્યારે કૂદતાં હોય છે, "આહાહા ! જાણે ગઢ જીતી આવ્યાં !" ખૂબ રાજી હોય. બાર મહીના પછી જુઓ, કયો અને કેવો ગઢ જીતી આવ્યાં ?

જેનાથી એ માને કે પુરાઇ ગયા, ભરાઈ ગયા, સુખી થયા એનાથી કોઈ પુરાતું નથી. પૌદ્ગલિક વસ્તુઓથી કોઇ પૂર્ણ બન્યું છે ખરું ?

અંતરની પૂર્ણતા શું છે ? જેનાથી કમઅકકલવાળા માણસો 'ભરાઇ ભરાઇ ગયા' એમ માને છે એની ઉપેક્ષા કરવી, એની સામે negligent બનવું, indifferent બનવું, એ જ પૂર્ણ બનવાની સુંદર અને ટૂંકી રીત છે. મનથી જે અપૂર્ણ છે એ પોતાને મળ્યું તેનો તો વિચાર જ નહિ કરે, પણ ન હોય તેનો જ સતત વિચાર કરશે. "આની પાસે આટલું બધું છે, કેવો સુખી છે ! મારી પાસે કાંઈ નથી." "અરે ભાઈ ! તને એના સુખની શી ખબર ? એ એક રોટલી ખાઇ શકતો નથી અને તું પાંચ રોટલી ખાઇ જાય છે ! એને ખાતાં પહેલાં ઈન્જેક્ષન injection ખાવું પડે છે, તું તો વગર

વિચારે ઝાપટે જ રાખે છે.”

થોડોક વિચાર કર. તને કેટલું સરસ શરીર મળ્યું છે. મળેલી અનુકૂળતાનો વિચાર કરશો તો લાગશે કે કંઈક પુણ્ય કર્યું તો આટલું મળ્યું. હવે જો પુણ્ય અને પાપનો ક્ષય થઈ જાય તો તો સીધો મોક્ષે જ પહોંચી જાઉં. આપણને મોક્ષમાં પહોંચવાની પરમ શકિત મળી છે, ધર્મ કરવાની અનુકૂળ સામગ્રી મળી છે; આપણા જેવું ભાગ્યશાળી કોણ ?

ધર્મસહિત, દુનિયામાં દાસ બનવું કબૂલ છે, પણ ધર્મવર્જિત કરોડપતિ બનવું નકામું છે. ધર્મવર્જિત કરોડપતિ મરીને દુર્ગતિએ જાય જ્યારે ધર્મસહિત નોકરી કરનારો સદ્ગતિએ જાય.

તમારું પુણ્ય જુદી પ્રકૃતિનું હોય અને તમે કોઈના સુખની ઝંખના કરો, તો એના જેવું મળે નહિ અને તમે તમારા જેવા રહો નહિ. “બીજાના અનુકરણમાં બીજાના જેવા થવાતું નથી અને જે છે તે રહેવાતું નથી.” કાગડો મોર બનવા બેસે તો તે મોર બની શકતો નથી અને કાગડાની દુનિયામાં પ્રવેશ મેળવી શકતો નથી: માટે માણસે પોતે પોતાની અવસ્થાનો વિચાર કરવો જોઈએ. બીજાના ધનની અપેક્ષા કરવી એના કરતાં ઉપેક્ષા કરવી સારી.

તમારામાં આજે બીજાની અપેક્ષા છે. અપેક્ષાને લીધે આખું જીવન કટુ બની ગયું છે. દરેકની પાસે અપેક્ષા. ‘આ મને પ્રણામ કેમ કરતો નથી, પેલો મને બોલાવતો કેમ નથી, તે આમંત્રણ મોકલતો કેમ નથી ?’

સર્વત્ર એકલી અપેક્ષા જ છે. પત્ની એમ ઈચ્છે કે પતિ મારે માટે અલંકાર લાવે, પતિ એમ ઈચ્છે કે હું રળીને

આવું ત્યારે એ મને સ્નેહ અને હાસ્યથી કેમ ન આવકારે ? ઘરડાં ઈચ્છે કે છોકરાઓ અમારો પડયો બોલ ઝીલે અને સાસુ ઈચ્છે કે વહુ મારો ખ્યાલ રાખે.

આ અપેક્ષાઓ પૂરી થતી નથી, ધાર્યું થતું નથી. એટલે અંદર ક્રોધનો, વિષનો અને કષાયનો દાવાનળ સળગવા માંડે છે.

"કૂપની છાયા કૂપ સમાણી
ઈચ્છા તેમ સબ ભાંગી."

ઝાડની છાયા પથિકને મળે, કૂવાની છાયા કોઈને ન મળે, એમાં જ પૂરી થાય. તેમ અપેક્ષા પણ અંદર પૂરી થાય. માણસ મનમાં તરંગો ઊભા કરે અને એ તરંગોની હારમાળામાં જીવન પૂરું થઈ જાય.

જેનાથી દુનિયા પૂર્ણ થવા માગે છે એની ઉપેક્ષા કરતાં શીખશો તો તમારા મનમાં કદાપિ બળતરા ઊભી નહિ થાય. સદા સંતોષી અને સુખી રહી શકશો. બીજાનાં સુખને જોઇને તમારી આંખોમાં અમી ઊભરાશે.

જે સત્ય અને અસત્ય; સાચું અને ખોટું; શાશ્વત અને અશાશ્વતનો વિવેક કરી શકે એને મનીષી, પ્રાજ્ઞ કહેવાય. એની દૃષ્ટિ કેવી હોય ? કૃપણો જેની ઝંખના કરતા હોય એની અપેક્ષા નહિ, ઉપેક્ષા.

એની દૃષ્ટિ પૂર્ણાનંદની સુધાથી મૃદુ બની ગઇ હોય છે, મીઠી અને સુકુમાર બની ગઈ હોય છે, ભાવાત્મક અને સ્નેહાર્દ્ર બની ગઈ હોય છે.

જેમ બળતી આંખોમાં મા આવીને કાજલ આંજે અને એમાં ઠંડક વળે તેમ પૂર્ણાનંદની દૃષ્ટિ નયનોમાં આવે અને અમૃત જેવી ઠંડક વળે. આવી આંખોમાં શીતળતા અને સ્નિગ્ધતા હોય.

એ સમજતો હોય છે કે વિશ્વમાં જે વિવિધતા દેખાય છે એ સહુ સહુના પુણ્યનો પ્રકાશ છે. જુદાં જુદાં કર્મોને લીધે જુદી જુદી વ્યકિતઓ વિકાસ પામી રહી છે. એક સરખું વ્યકિતત્વ કોઈનું નહિ મળે. બાપ જેવો દીકરો દેખાય ખરો પણ સ્વભાવમાં નહિ. એમ જ જો હોત તો તીર્થંકરના બધા પુત્રો તીર્થંકર અને ગાંધીજીના બધા દીકરા ગાંધીજી બની ગયા હોત, પણ એવું કદી બનતું નથી.

પુણ્યના ચાર પ્રકાર છે, માતાના સદાચારના પુણ્યથી સંતાન સંસ્કારી બને, પિતાના બુદ્ધિના પુણ્યથી પુત્ર કુશળ બને, કુળના ઉદારતાના પુણ્યથી સંતાન ઊદારદિલ બને અને આત્માના પોતાના પુણ્યથી એનો પરલોક સુધરી જાય.

જેનો આ ભવ નથી સુધર્યો તેનો પરભવ કેવી રીતે સુધરે ? પણ સુધરવું એટલે બધા પૈસાદાર થઇ જાય, મોટા હોદ્દા ઉપર આવી જાય એમ નથી સમજવાનું.

પૈસો આવ્યો, મોટાઇ આવી, પ્રતિષ્ઠા મેળવી એ બધું બહારનું છે, એથી અંદરની જાગૃતિ કયાંથી આવે ?

દૃષ્ટિ અંદરથી સ્નિગ્ધ–અમીભરી થાય પછી જગતને જોઇને, જગતની વિભૂતિમત્તાને જોઈને મનમાં આનંદ થાય. વિચાર આવે : ભગવાને પુણ્ય કેટલા પ્રકારનું બતાવ્યું છે ! એમાં કેટલી વિવિધતા છે !

ચાર બહેનો હોય; એક કરોડપતિને ત્યાં જાય, બીજી

મધ્યમ વર્ગમાં, ત્રીજી મહિને માંડ પૂરું કરે અને ચોથી દિવસનું પણ માંડ મેળવે. બધી જ બહેનો, પણ પુણ્યની પ્રકૃતિ જુદી. જ્ઞાનીને આ વાત સમજાય. અલબત્ત! પુણ્યની પ્રકૃતિમાં ફેર છે; કોઈને ત્યાં વધારો તો કોઇને ત્યાં ઘટાડો; એ તો સંસારમાં ચાલ્યા કરશે પણ આત્મામાં કાંઇ ફેર નથી.

આ જ્ઞાનદૃષ્ટિ આવે તો આ પળ, આ દિવસ, આ જીવન સંતોષથી સુધરે.

જેનામાં આ જ્ઞાનદૃષ્ટિ છે એને આ મંદિરો, શાસ્ત્રો, ઉપાશ્રય, જ્ઞાન અને દર્શન કામ લાગે. જેને નથી એને કાંઈ કામ ન લાગે. એ ભલે પ્રવચન શ્રવણ કરે પણ ઘરમાં પ્રવેશે એટલે જેવો હતો તેવો ને તેવો જ.

એક અજ્ઞાની રોજ ઘરમાં ઝઘડા કરે, લઢે. એ જાત્રાએ જવા તૈયાર થયો. એના જ્ઞાની મિત્રે કહ્યું : "તમે જાત્રાએ જાઓ છો તો એક કામ ન કરો ? આ તુંબડું લેતા જશો ? જ્યાં જ્યાં જાઓ ત્યાં ભગવાનનાં દર્શન આ તુંબડાને કરાવજો અને પવિત્ર નદીઓનાં પાણીમાં સ્નાન કરાવજો, જેથી આ તુંબડું છપ્પન તીર્થ જઇને આવે. પછી આને સમારીને એનું શાક બનાવીને ખાઈશું તો અમારામાં સદ્‌બુદ્ધિ આવશે."

અજ્ઞાની તુંબડું લઇને ગયો. ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી બધે ન્હવડાવ્યું, દર્શન કરાવ્યાં. ફરતો ફરતો હિમાલયથી હરદ્વાર સુધીના પવિત્ર ધામોમાં એ ફરી આવ્યો, તુંબડાને પણ ફેરવી આવ્યો. યાત્રાથી પાછો આવ્યો એટલે મિત્રે જમવાનું નિમંત્રણ આપ્યું. તુંબડાને સમારીને શાક બનાવ્યું. મોઢામાં મૂકયું ત્યાં મોઢું કડવું કડવું થઇ ગયું, થૂ થૂ કરવા લાગ્યો. મિત્રને કહ્યું : "ભાઇ ! પાણી આપો, મારે મોઢું ચોખ્ખું કરવું છે. શાક કરતાં પહેલાં કોઈએ ચાખ્યું પણ નહિ ?"

મિત્રે કહ્યું : "ભાઈ ! એમાં જોવાનું શું હોય ? બજારમાંથી લાવ્યા હો તો જોવાનું હોય પણ આ તો છપ્પન તીર્થની યાત્રા કરી આવેલું, દર્શન કરી આવેલું, પવિત્ર નદીઓમાં સ્નાન કરી આવેલું, પર્યટન કરી આવેલું તુંબડું છે. આમાં તપાસવાનું શું ?" યાત્રાએ જઇ આવેલા અજ્ઞાનીએ જ્ઞાનભર્યો જવાબ આપ્યો : "દર્શન અને સ્નાન તો બહારથી કરાવ્યાં એથી અંદરનો ભાગ કેવી રીતે સુધરે ?" ત્યારે મિત્રે કહ્યું: "અંદરની દૃષ્ટિ નહિ પલટાય, તૃષ્ણા ઓછી નહિ થાય તો બહાર ગમે ત્યાં ગમે તેટલાં તીર્થે જઈ આવીશું પણ અંદરનો સ્વભાવ નહિ પલટાય." શાક કડવું હોય તો ભોજનની મજા મારે એમ જીવન કડવું હોય (દૃષ્ટિ વિકૃત હોય) તો જીવનની મજા મારે.

સ્વભાવને પલટાવવાનો છે, એ પલટાય છે ત્યાં જીવન જુદું બને છે. જીવનમાં જીવવાની પણ મજા આવે છે.

આપણે આ દુનિયામાં જન્મ્યા, તે દુનિયાને બનાવવા માટે નથી આવ્યા. આપણે આપણા વિકાસ માટે આવ્યા છીએ. ઠીક છે, મેળો ઊભો થઇ ગયો, પણ એ ધ્યેય નથી.

અહીંથી પાલિતાણા જાઓ, મુસાફરી કરતાં ટ્રેઈનમાં પાંચ દસ મિત્રો બની જાય. જાત્રા માટે સાથે ચઢો, જાત્રા કરો પણ ઊતરવાનો સમય થતાં તમે કોઇની વાટ નથી જોતા. જાત્રામાં બધા ભેગા, પણ પોતાનું સ્ટેશન આવતાં સહુ સહુના બિસ્તરા લઇ ઊતરી જવાના.

આ આત્મા વિશ્વયાત્રામાં એકલો આવ્યો હતો અને બધા મળી ગયા. કોઈ પતિરૂપે આવે, કોઇ પત્ની રૂપે આવે, કોઈ મા રૂપે આવે. બધાં ભેગાં થયાં. તમે આ યાત્રાના

પ્રવાસી છો, બધાની સાથે મીઠો, કુમાશભર્યો, પ્રમાણિકતા અને નિષ્ઠાભર્યો સંબંધ રાખો જેથી છૂટા પડીને પાછા ક્યાંક મળો તો એ સંભારે, "કેમ? આપણે ક્યાંક મળ્યા હતા ને?" એમની સાથે દગાબાજી કે લુચ્ચાઇ કરો તો કહેશે કે આ તો ખિસ્સાકાતરૂ, પાલિતાણામાં મળ્યો હતો તે છે.

આપણે પહેલાં મળ્યા હતા, આજે મળ્યા છીએ અને ફરીથી ક્યાંક મળવાના છીએ.

*સહુની સાથે સારી રીતે વર્ત્યા હશો તો એકબીજાને* જોતાની સાથે આત્મામાં ઉલ્લાસ થવાનો. એકને જોઇને આનંદ થાય, બીજાને જોઇને દુઃખ થાય, કારણ? જેની સાથે ગયા જન્મમાં સારી રીતે વર્ત્યા એને જોઈને મનમાં ઉલ્લાસ, આનંદ અને ભાવ જાગે. જેની સાથે સારી રીતે નથી વર્ત્યા એને જોઇને થાય "આ ક્યાં?" એ કંટાળાજનક લાગે.

માણસમાં ફેર નથી. માણસે બાંધેલા પુણ્ય અને પાપનાં પરિણામોને લીધે એકને જોઈને ઉલ્લાસ થાય, બીજાને જોઇને ધિક્કાર છૂટે. એવું પણ બને કે એક ઘરમાં કોઈ કોઇના માટે કાંઈ ન કરે અને બહાર હજારોનું કરે.

એક કંજુસ માણસ અહીંથી પાયધુની જવું હોય તો ચાલીને જાય પણ એને એકની સાથે એવી લેણદેણ કે એને જરૂર હોય તો એ પચીસ રૂપિયા કાઢીને આપી દે. એ ભાઇ કહે: "મહારાજ! ગમે તે હોય પણ એને જોઉં છું અને આપવાનું મન થઇ જાય છે. એની ગરીબી કહો, કહેવાની રીત કહો પણ એ માગે તો આપી જ દઉં. કદાચ મેં ગયા જન્મમાં એની પાસેથી લીધું હશે, બાકી હું અમસ્તો એક પૈસો પણ વાપરતો નથી."

માણસ કોઈ કોઈને નથી આપતો. આપે છે તે માત્ર લેણદારને જ આપે છે.

જ્ઞાનીઓએ કહ્યું : "સ્નેહ, વેર તે કારણે દેખી પરસ્પર હોય." પૂર્વજન્મના પુણ્યને લીધે સ્નેહ ઉત્પન્ન થાય, પાપને લીધે દ્વેષ ઉત્પન્ન થાય. તમે જેને માટે કરો છો એ કાંઈ એના ઉપર ઉપકાર નથી કરતા! એણે કાંઇક આપેલું એટલે તમે એને માટે કરો છો.

જીવનપ્રવાસમાં સહુ સાથે સરસ વર્તન રાખતાં રાખતાં અંદર ધ્યાન રાખવું કે હું જવાનો છું. આ જીવનમાં એકલો આવ્યો છું; લોકોને રાજી કરવા, લોકો પાસેથી પ્રશંસા મેળવવા કે માનપત્ર લેવા નથી જન્મ્યો. કર્તવ્યની કેડી પર મારે ચાલ્યા જવાનું છે.

વિકાસ એ જીવનનો હેતુ છે. વિકાસ કરતાં કરતાં પૂર્ણતાને પામીએ તો આપણાં સ્નેહીઓને પણ એનો લાભ મળે. કદાચ પ્રશ્ન થાય કે આ તો selfish motive કહેવાય, સ્વાર્થવૃત્તિ કહેવાય. તમારું જ કરી લો બીજાનું કાંઈ નહિ! આત્માર્થી સ્વાર્થી ખરો પણ, એ જ ખરો પરમાર્થી બને છે. સારું જીવન જીવે, નીતિથી જીવે, પ્રમાણિકતા હોય, સ્વજનોને સારા માર્ગે લઇ જાય અને એના જીવનના પ્રકાશથી આસપાસના સ્વજનોનાં જીવનને રંગી નાખે. એ શું સાચો પરમાર્થી નથી? પણ જેના પોતાના જ જીવનમાં કાંઇ ન હોય તો એ સાથીઓને, પત્નીને, પુત્રને શું આપવાનો છે?

જીવન સુંદર બનાવી, જીવનની સુંદરતાનો લાભ સ્વજનોને મળે એ માટે વિકાસનો વિચાર છે.

હું આ જગતમાં વિકાસ કરવા આવ્યો છું. સહુ આત્મા પોતપોતાની સમજના પ્રકાશ પ્રમાણે વિકાસ કરી રહ્યા છે. જગત વિવિધતાથી ભરેલું છે. જેટલા જીવો છે એટલા પુણ્યની પ્રકૃતિના ભેદ છે.

સંસારમાં એકસરખા બે માણસો નહિ મળે; બહારથી દેખાય પણ વિગતથી જોવા જાઓ તો એક સરખા નહિ મળે.

સી. આઇ. ડી. ને અભણ માણસોની લેવામાં આવતી અંગૂઠાની છાપ (thumb impression) વિષે પૂછ્યું તો કહે: "મારા જીવનમાં પચાસ હજાર ચોર, ડાકુ અને ખૂનીની thumb impression લીધી છે પણ એકે ય print આજ સુધી બીજાની સાથે મળતી નથી આવી." નાના–શા અંગૂઠામાં આટલો ફેર તો આકાર, વિચાર અને સ્વભાવમાં ફેર કેમ ન હોય ?

પણ તમે તો એમ જ કહો છો, "મારા જેવો તું થા." એ કેવી રીતે બને ? સહુ પોતપોતાના કર્મ પ્રમાણે બને છે.

આ દૃષ્ટિ કોને આવે છે ? જે વિચાર કરે છે તેને મળે છે. બધાને નથી મળતી. આ સાંભળે ઘણા, પણ જેનું પુણ્ય હોય એ જ સાચો મનીષી બને છે. એ સાંભળીને વિચારે: "જે શ્રવણ કર્યું એની સાથે મારો સંબંધ શું છે ?" વિચારના દોરેદોરે એ ચાલ્યો જાય.

જે મનીષી નથી એમનો દોરો તૂટી જાય. એક દહાડો રંગમાં આવી જાય પણ બે ચાર દિવસે જેવો હતો તેવો ને તેવો. જે મનીષી છે એ વિચારના વિકાસક્રમમાં આગળ વધે છે.

સર્વને આ દૃષ્ટિ નથી મળતી. જે વિચાર કરે તેને જ

આવી આંતરદૃષ્ટિ મળે છે. જ્યાં આંતરદૃષ્ટિ મળી ત્યાં બાહ્યદૃષ્ટિનો રંગ જુદો લાગે. બહારની નજર ચામડાની છે. અંદરની નજર આત્માની છે.

યાત્રાએ સંઘ જતો હતો, એમની સાથે એક અંધ ભાઈ પણ ચાલ્યો જતો હતો. કો'કે પૂછ્યું : "તું કયાં આવે છે?" "આપની સાથે યાત્રાએ." "અરે, અમે તો ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ અને તું તો આંધળો....તું શું જોવાનો?"

જે કહેવાનું હોય તે જ કહો પણ યોગ્ય રીતે કહો. ઘણીવાર આંધળો કહેનારા દેખતા નથી હોતા.

અંધભાઇ સમજુ હતા, આંતરદૃષ્ટિ ખૂલી હતી. એણે કહ્યું : "હું ભગવાનને નહિ જોઉં પણ ભગવાન તો મને જોશે ને! મારી આ સ્થૂળ આંખોમાં ભગવાન નહિ આવે પણ હું તો ભગવાનની દિવ્ય નજરમાં આવી જઇશ ને? હું ભગવાનની નજરોમાં વસવા માગું છું."

આપણા મનમાં ભગવાન વસે તે કરતાં આપણે ભગવાનના મનમાં વસી જઈએ એ બહુ મોટી વાત છે. ભગવાનના મનમાં વસવું એ કાંઈ નાનીસૂની વાત નથી.

આ આંતરદૃષ્ટિ છે. આપણે ભગવાનની નજરોમાં આવીએ, ભગવાનની આંખોમાં વસીએ, એમના ચરણોમાં આપણું સ્થાન હોય એવું જીવન જીવીએ તો જ ત્યાં સ્થાન મળે.

બિરબલ ગરીબ હતો. એ અકબર પાસે ગયો. સરસ વાતો કરી. અકબરને પ્રસન્ન કર્યો. અકબરે પૂછ્યું : "શું જોઇએ છે?" બિરબલે કહ્યું : "બીજું કાંઇ નહિ, આપ જ્યારે સિંહાસન ઉપર બેસવા જાઓ ત્યારે કાનમાં આટલું ન કહો

કે અલ્યા બિરબલ, કેમ છે?" આપનો તુંકારો મારે મન ખૂબ છે." અકબર કહે: "અરે, આમાં તારું શું વળવાનું ? કહે તો થોડા પૈસા આપું." બિરબલે કહ્યું : "જહાંપનાહ! રોટલા કરતાં મન તૃપ્ત થાય એ બહુ મોટી વાત છે." અકબરે "હા" પાડી.

એ રથમાંથી ઊતરી સિંહાસન ઉપર બેસવા જાય ત્યારે એ પૂછે, "બિરબલ ! કેમ છે ?" આવું બે–ચાર દિવસ ચાલ્યું. ધીમે ધીમે ગામમાં વાત પ્રસરી ગઈ. બિરબલ બાદશાહનો માનીતો છે, રાજા સિંહાસન ઉપર બેસતાં પહેલાં એને જ પૂછે : "કેમ છે ?" એનું સ્થાન બાદશાહના મનમાં કેટલું મોટું હશે !

સૌ બિરબલને બોલાવવા લાગ્યા. શ્રીમંતો, મોટા સામંતો સૌ બિરબલને સલામ ભરે. "જેને બાદશાહ જાહેરમાં પૂછે એને એકાંતમાં તો કેટલા મળતા હશે ? આપણી વાત કરે તો આપણું કામ થાય. એની મહેરબાની મેળવો. અકબરની મહેરબાની નહિ મળે પણ બિરબલની તો જરૂર મળી શકે." ધીમે ધીમે એ મોટો થવા લાગ્યો, ભેટો આવવા લાગી.

અકબરને થયું : "માગનારા ઘણા આવ્યા પણ બિરબલે કાંઈ જ ન માગ્યું. એક મહેરબાની જ માગી." પણ ખરી રીતે એણે તો ઘણું માગી લીધું.

એક દિવસ અકબરે બિરબલને પૂછ્યું : "બિરબલ ! મેં તને કાંઈ આપ્યું નથી તેમ છતાં તું મસ્ત કેમ રહે છે?" "જહાંપનાહ ! તમારી નજરોમાં આવી ગયો, એટલે ગામની નજરોમાં વસી ગયો."

આનું નામ આંતરદૃષ્ટિ. પૂર્ણાનંદની સુધા એટલે અમૃતથી સ્નિગ્ધ બનેલી, સુકુમાર, ભાવાત્મક બનેલી દૃષ્ટિ મનીષીની છે. આ દૃષ્ટિમાં પૂર્ણતા છે, આ દૃષ્ટિમાં દિવ્યતા છે.

## પૂર્ણાષ્ટક (૬)

अपूर्ण : पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।
पूर्णानन्दस्वभावोऽयं, जगदद्‌भुतदायक :॥

કર્મો અનાદિકાળથી આપણા આત્માની સાથે હતાં અને છે. ઘણાના મનમાં પ્રશ્ન થાય છે: જો કર્મ આત્માને લાગ્યાં, તો લાગતાં પહેલાં આત્મા કેવો હતો ? અને એ શુદ્ધ આત્માને કર્મો શા માટે લાગ્યાં ? આત્મા જો નિર્મળ અને શુદ્ધ હતો તો આત્માને કર્મ લાગવાની શી જરૂર પડી ? અને આ વાત સ્વીકારીએ તો મોક્ષે ગયા પછી, શુદ્ધ થયા પછી પણ પાછાં આત્માને કર્મો નહિ લાગે ?

ઉત્તર આ છે : કર્મો આત્માને લાગ્યાં નથી પણ લાગેલાં જ હતાં. 'લાગ્યાં' એટલે નિશ્ચિત સમય, અમુક point of time નક્કી કરવામાં આવે છે. પણ 'લાગેલાં જ હતાં' એમ કહેતાં અનાદિકાળ infinite time નો ઉલ્લેખ થાય છે. આત્મા અને કર્મ અનંતકાળથી નિગોદમાં મળેલાં જ પડયાં હતાં. એમ ન જ કહેવાય કે અમુક સમયે કર્મ અને આત્મા ભેગાં થયાં. ભેગાં જ હતાં એમ સ્વીકારીને આગળ વધવાનું છે.

તમે સોનાની ખાણ (goldmine)માં જાઓ તો ત્યાંથી નીકળતી ચમકતી રજ જોઈને તમને નહિ લાગે કે આ સોનું છે. સરસ છે. તમને તો એમ જ થાય કે ઘરે વાસણ

માંજવા કામ લાગશે. અધિકારી કહેશે : "ભાઇ સાહેબ! આ કાંઇ ધૂળ નથી. આ તો સોનું છે." કઇ અવસ્થામાં છે ? ધૂળની અવસ્થામાં છે, gross element ની સાથે સોનું મળેલું છે. કોઈ પૂછે કે કયારે મળ્યું ? કેટલા હજાર વર્ષ પહેલાં મળ્યું ? કોણે મેળવ્યું ? શા માટે મેળવ્યું ? તો શું ઉત્તર મળશે ? સોનું ધૂળની સાથે અનાદિકાળથી ભેગું હતું જ, જે સમયને મર્યાદા જ ન આપી શકાય. જેવી રીતે સોનું ધૂળની સાથે મળેલું છે એમ આત્મા કર્મની સાથે મળેલો છે.

કોઇ પૂછે કે 'આત્માનો જન્મ કયારે થયો ? કેટલાં કરોડ વર્ષ પહેલાં થયો ?' એ બિચારાને ફિલસૂફીની કાંઈ ખબર જ નથી. વિજ્ઞાનનો આ એક સિદ્ધાંત છે : જેનો જન્મ થયો એનું મૃત્યુ થવાનું જ., આપણે કહીએ છીએ કે આત્મા અમર છે તો પછી આત્માનો જન્મ કયાંથી ? આત્માને કોઇએ બનાવ્યો નથી. જયાં બનાવ્યો એમ સ્વીકાર્યું ત્યાં એનો અંત સમજી જ લેવાનો. જેનું સર્જન થાય એનું વિસર્જન થવાનું જ. સર્જન construction અને વિસર્જન destruction એ એક વસ્તુના બે છેડા છે. જે આત્માનો વિનાશ નથી એનું સર્જન કોણે કર્યું ?

આ કર્મની અસરને લીધે માણસની વૃત્તિઓમાં ફેરફાર થાય છે.

"કર્મ નચાવત તેમ હી નાચત."

આ isntinct કોણ આપે છે ? વૃત્તિઓ કોણ ઊભી કરે છે ? ઇચ્છાઓ કેમ ઉત્પન્ન થાય છે ? આત્મા પર આઠ કર્મની અસર છે અને દરેક કર્મનું પરિણામ અને રૂપાન્તર

(result અને manifestation) જુદાં જુદાં છે. દરેક કર્મ પોતાના ઉદય પ્રમાણે મનને નચાવે છે.

તમે કર્મના હાથમાં આવી ગયા પછી કર્મના ઇશારા પ્રમાણે જ તમારે નાચવું પડે છે. એકવાર તમે વાહનનું selection કર્યું, નક્કી કર્યું પછી વાહનના હાથમાં તમે આવી જાઓ છો.

ટ્રેઇનમાં બેસી ગયા અને અધવચ્ચે તરંગ આવે કે સ્ટેશન આવતાં પહેલાં જ મારે ઊતરી જવું છે તો તમે નહિ ઊતરી શકો, બીજા સ્ટેશન સુધી જવું જ પડશે. વચ્ચે ગાડી ઊભી ન રહે. તમે એમ કહો કે મારા મનમાં થયું કે લાવ, વગડામાં ઊતરી જાઉં, એટલે મેં સાંકળ ખેંચી. તો કાં દંડ ભરવાનું કહે, કાં ગાંડામાં ખપી હોસ્પિટલ ભેગાં થવું પડે! કલ્પના આવી એટલે કાંઇ અધવચ્ચે ઉતરાય ?

તમે પ્લેનમાં બેઠા, પ્લેન આકાશમાં ઊડવા લાગે અને તમે કહો I don't like it, મને નથી ગમતું મારે ઊતરી જવું છે તો નહિ ચાલે. તમારા એકની ખાતર પ્લેન નીચે નહિ ઊતરે.

જુઓ, પૈસા તમે આપ્યા છે, પ્લેન તમે પસંદ કર્યું છે પણ બેઠા પછી તમે એને આધીન બની ગયા. પછી તમારું કાંઈ જ ન ચાલે.

એવી રીતે આ જીવ કર્મરૂપી વાહનમાં ગોઠવાઇ જાય છે પછી કર્મ પ્રમાણે ઉડ્ડયન કરવું પડે છે. તમે કહો કે આ નહિ ચાલે, તો તે નહિ ચાલે, તમારે ચલાવવું જ પડશે.

આ કર્મની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ છે, એની પરિણતિઓ એ જ instinct છે.

"To be or not to be" થવું કે ન થવું, એ પ્રશ્નમાં જ આખું જીવન પૂરું થઇ જાય છે. જેમને ચિત્તની સ્વસ્થતા, મનની સમજ અને જીવનનો તાગ નથી મળ્યો એ જ આવા પ્રશ્નો કરે છે. પણ કર્મવાદ સમજાઈ જાય તો તમને To be અસ્તિત્વનો અનુભવ થાય; Not to be નો પ્રશ્ન જ નથી. જયાં ચૈતન્ય ધબકાર કરતું હોય ત્યાં Not to be નો પ્રશ્ન આવે જ કયાંથી ?

જીવન જયારે કોઇ instinct પ્રમાણે; કોઈ વૃત્તિ પ્રમાણે, કોઇ ધક્કા પ્રમાણે કામ કરતું હોય ત્યારે એની પાછળ આઠ કર્મોમાંથી એકાદું કર્મ કામ કરી રહ્યું હોય છે.

અજ્ઞાન હોય ત્યારે જાણવું કે જ્ઞાનાવરણીય કર્મ કામ કરે છે; ભૂખ ખૂબ લાગી હોય ત્યારે વેદનીય કર્મ કામ કરતું હોય છે; વાસનાઓમાં મન બહુ દોડતું હોય તો વેદમોહનીયનો ઉદય સમજવો.

આ કર્મોની પ્રકૃતિ shades જુદી જુદી છે. એક એક કર્મ માણસને કેવી વિચારણામાં અને જીવનની જુદી જુદી પરિસ્થિતિમાં મૂકી દે છે! આખું જગત કર્મની અસર influence પ્રમાણે કામ કરતું લાગે છે.

હમણાં અમેરિકામાં નવું drink નીકળ્યું છે, "એલ એસ ડી" કહેવાય છે. Hippies ખૂબ લે છે. એ લીધા પછી જુદા જુદા વિચારોના ઉદ્દયનો આવે. પંદરમે માળે બેઠેલાને પીણું લીધા પછી થાય કે હવે હું પક્ષી થઈ ગયો છું,

આ ગગન મારા ઊડવા માટે છે. એમ કરીને બારી આગળથી હાથ લાંબા કરી કહેઃ "આ ઊડયો", એ કયાં જાય ? ઠેઠ નીચે –તળિયામાં. કેટલાકને વળી આ જગત મૃદુ લાગે, જુદા રંગોથી રંગાયું દેખાય, હવામાન સુવાસિત લાગે અને પદાર્થો પારદર્શક દેખાય. મન જુદી જ ભૂમિકામાં જાય. પીણાની અસર નીચે આવતા માનવી પાગલ બને છે. એ એને ન કરવાનું પ્રેરે છે, દોરે છે, અને કયાંક લઇ જાય છે. એ વખતે એ વ્યકિત જે ભૂલ કરે છે, એ વ્યકિત નથી કરતી પણ એના ઉપર પેલા પીણાની અસર છે એટલે એ કરે છે. એને ખબર નથી કે drink એની પાસે આ કરાવે છે.

એમ આ જીવ પેલાં કર્મની અસરને લીધે ન કરવાનું કરે છે.

ઘણાને એમ થાય કે આ ન કરું, આ સારું નથી, છોડવા લાયક છે. પણ એ ઘડી આવતાં એ કરી બેસે છે. એનાથી થઇ જાય છે. કેમ થાય છે ? જે જાતનાં કર્મ કર્યાં છે એ જાતની instinct ઊભી થાય છે.

સારામાં સારો માણસ ગાંડા જેવી વાતો કરવા લાગે છે. આવો ડાહ્યા, આવો પ્રજ્ઞ, આવી નાદાન ચેષ્ટા કેમ કરે છે ? એ નાદાન ચેષ્ટા સારો માણસ નથી કરતો પણ એનામાં રહેલું કર્મ એને એ રીતે કરાવી રહ્યું છે.

કોઈકવાર એનું આયુષ્ય પૂરું થવાનું હોય ત્યારે સારામાં સારો અને ડાહ્યામાં ડાહ્યા માણસ નાની વાતમાં આપઘાતનો વિચાર કરી બેસે છે.

બળવાન નિમિત્ત મળી જાય તો એ બચી પણ જાય છે.

ઉપાદાન હોવા છતાં નિમિત્તની મહત્તા અને શ્રેષ્ઠતા ગણવામાં આવી છે. બાકી કર્મનો ઉદય તો આવવાનો જ. એ વખતે ધ્યાન રાખી વિચાર કરવો રહ્યા કે આવો ઉદય કેમ આવ્યો ? જ્ઞાનની જાગૃતિમાં કયું કર્મ કેવી રીતે આવીને કઈ રીતે કામ કરાવી રહ્યું છે એની સમજણ આવે છે. અને એ સમજણને કારણે એ વિચાર કરતો થાય કે આ ઔદોયિક ભાવોની અસર નીચે મને કેવા કેવા વિચારો આવી રહ્યા છે ! મારા જેવા માણસને આવા વિચારો કેમ ? જ્યારે એ ઔદોયિક ભાવની અસર પૂરી થાય છે ત્યારે એ પાછો મૂળ સ્વભાવમાં, જ્ઞાનમાં આવીને ઊભો રહે છે.

આત્મા જેમ જેમ કર્મથી વધારે લદાય છે તેમ તેમ સંસારમાં વધારે પરિભ્રમણ કરતો ફરે છે; જેમ જેમ એનાં કર્મ ઓછાં થતાં જાય છે તેમ તેમ એ હળવો અને ગરવો બનતો જાય છે.

આત્માએ અંદર આ ખરાબ જડ કર્મ તત્ત્વ ભરી રાખેલું છે એટલે જ એ અપૂર્ણ છે. રસ્તાનો ભિખારી પોતાની ઝોળીમાં કાગળના ડૂચા ભરે, ડબલાં ભરે; પણ એની કિંમત value જોવા જાઓ તો કાંઈ નથી. સોની નોટ નાનકડી હોય પણ એ કેવી કિંમતી? પસ્તીના ઢગલે ઢગલા મૂકો તો પણ એની કિંમત ન થાય.

એમ આપણે કેટલું બધું ભેગું કર્યું, પણ તે પસ્તી જેવું. દેખાય ખૂબ પણ કામ કાંઈ નહિ લાગે. હમણાં ઉપડવાનો વારો આવે તો બધું મૂકીને જવું પડે.

આમ ને આમ રહી જાય. એ ટળવળતો રહે, દેખતો રહે, દુભાતો રહે પણ એને કામ ન લાગે.

એણે એવું ભેગું કર્યું છે જેને જીવનભર સાચવવાની ચિંતા અને જાય ત્યારે સાથે કાંઈ ન આવે. એની ચિંતા કેટલી ?

અપરિગ્રહીને કેવું સુખ ! સાડા નવે તો ઊંઘી જાય. તમને ઊંઘ કેમ નથી આવતી ? ચિંતા છે. કાલે શું આવશે ? પૈસા કેમ ગોઠવવા ? કયાં રોકવા ? કયાં વ્યાજ વધારે મળશે ? જેમાં invest કરવા માગું છું એ કંપની ડૂબી જાય એવી તો નથી ને ? એ ખાધમાં જાય તો મારા બધા શેરો ડૂબી જાય.

કંપનીનો એક શેર લેવો હોય તો આખી કંપનીનું બજેટ અને balance sheet જોઈ જાય. એનાં મેનેજિંગ ડિરેક્ટર કોણ વગેરે બધું વિચારે.

એક માટે કેટલાની ચિંતા ? જેને હજારોના અને લાખોના શેર રાખવા પડતા હશે એને શું સુખિયો કહેવો ? હા, તમે એને સુખી માનો છો !

કોઈકે ઠીક જ કહ્યું :

બહોત વણજ, બહોત બેટિયાં, દો નારી ભરથાર, ઉસકો કયા અબ મારીએ, માર રહ્યા કિરતાર.

જેને ઘણા વેપાર હોય, ગામેગામ ઘણી પેઢીઓ હોય એને બિચારાને તો કિરતાર પોતે જ મારી રહ્યો છે; એવાને તમારે મારવાની શી જરૂર છે ?

પણ તમે તો અતિ વ્યાપાર કરનારને સુખી માનો છો, પણ એના મન ઉપર, એના જ્ઞાનતંતુઓ ઉપર કેટલી તાણ પડી રહી હોય છે એની તો તમને કલ્પના યે શેની હોય ? જીવન ન તૂટયું હોય તો પણ તૂટી જાય.

આ પદાર્થને સાચવવામાં, એની વ્યવસ્થા કરવામાં,

આખી જિંદગી ઉપાધિ કરવી પડે. અને ખૂબીની વાત એ છે કે મૃત્યુ આવે તો એ મિનિટમાં બધું મૂકીને ચાલ્યા જવું પડે. બધું Investment ચાલ્યું જાય !

આ જીવે કેટલું બધું ભેગું કર્યું, કેટલી બધી ચિંતા કરી, છતાં એ બિચારો અપૂર્ણ જ રહ્યો.

હવે કરવાનું શું છે ? જે બહારથી ભર્યું છે તે બહાર કાઢવાનું છે. સોનાને ધૂળથી જુદું પાડવાનું છે, આત્માને કર્મથી જુદો પાડવાનો છે. આત્માના એક એક પ્રદેશમાં અનંત કર્મ ભરાઇ ગયાં છે. આત્મા જેમ જેમ કર્મથી ભરાતો જાય, વાસનાથી લદાતો જાય તેમ તેમ એ ક્ષીણ થતો જાય છે.

કર્મવાસનાથી તેને જુદો પાડો તો એ શુદ્ધ થાય. સોનાને ધૂળથી જુદું પાડો તો શુદ્ધ સુવર્ણ થાય. મલિન સોનું હોય કે આત્મા, એનો શુદ્ધ ભાવ નહિ આવે. જેટલા પ્રમાણમાં અશુદ્ધ તત્ત્વ મળેલું છે એટલી એની કિંમત ઓછી. જેટલા પ્રમાણમાં શુદ્ધ તત્ત્વ વધતું જાય એટલી એની કિંમત વધતી જાય.

આપણો આત્મા જેટલા પ્રમાણમાં વાસનાઓથી, વૃત્તિઓથી, વિકારોથી, કર્મથી, પરિગ્રહથી, સંગ્રહથી ભરેલો હોય તેટલા પ્રમાણમાં આધ્યાત્મદૃષ્ટિએ એની કિંમત ઓછી થતી જાય.

દુનિયા કોની કિંમત આંકે છે તે ન જોશો. એ તો ગમે તેની ગમે તે કિંમત કરે કે કહે, પણ આધ્યાત્મિક જગતમાં તો જે વાસનાથી અપૂર્ણ છે એ જ પૂર્ણ છે. કોનાથી અપૂર્ણ ? કર્મથી અપૂર્ણ. જેનાં કર્મ ખરી ગયાં, જે કર્મથી શુદ્ધ થયો અને જે કર્મ વગરનો બની ગયો તે જ પૂર્ણતા પામી ગયો !

જેવો હાથ છોડો કે તરત એ પટ્ટીઓ તૂટી જાય અને બધું બહાર નીકળી આવે.

એવી જ આપણી માનસિક અવસ્થા છે. સારી સારી વાતો અંદર રહી શકતી નથી, તરત ભુલાઈ જાય છે અને ખરાબ વાતો એટલી બધી છે કે બહાર નીકળતી નથી.

ભગવાનની પાસે શા માટે જઇએ છીએ? કારણ કે એ પૂર્ણ છે. જે કાંઈ એમને કર્મનું દેવું ચૂકવવાનું હતું તે એમણે ચૂકવી દીધું. એમણે કહ્યું: "લઇ લો."

તમે જ્યારે ચૂકવવા બેસો ત્યારે લેણદારો હાજર જ હોય શાહુકાર પાસે લેવા જાય પણ પાર્ટી ખલાસ જ થઈ હોય તો લોકો શું કહે? "હવે એની પાસે શું છે? નકામો પેટ્રોલનો ખરચો થશે, હમણાં પૈસા આપે તેમ નથી." જેવી લોકોને ખબર પડે કે આસામી ચૂકવવા તૈયાર છે તો લેણદારો દોડાદોડ કરી મૂકે. "ચાલો હવે એ દેવા માટે તૈયાર થયો છે તો આપણું લેણું આપણે પહેલાં લઈ લઇએ."

જે માણસ કર્મના દેવાથી છૂટો થવા માગે છે એની પાસે કર્મ લેવા આવે છે, "મારું પહેલાં આપી દો." જે ધર્મના માર્ગે જાય તેને બહુ મુસીબત પડે છે, જે સાચે માર્ગે જાય તેને બહુ દુ:ખ પડે અને જે આત્માને માર્ગે જાય તેને ન ધારેલી વિપત્તિઓ આવીને કસોટી કરે છે.

ત્યારે લોકો શું કહે? "જુઓ, ધર્મીને ઘરે ધાડ પડી અને પાપીને ઘરે પેંડા." વાત સાચી છે. પ્રામાણિકને આપવું છે અને દેવાળિયાને આપવું નથી. આ તો તૈયાર થઈ ગયો છે

'લઇ લો, હવે હું જાઉં છું, હું આખા વિશ્વના (gravitationના) કર્મના નિયમમાંથી છૂટો થવા માગું છું.'

ભગવાન મહાવીર ત્રીશ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, ત્યાં સગવડ અને સુખની છોળો ઊછળતી હતી. પણ જે દિવસે દીક્ષા લીધી તે રાતથી જ ઉપદ્રવો શરુ થયાં. સાડાબાર વર્ષ સુધી આકરી કસોટી થઇ. નિર્મળ થયા, મુકત થયા, તો દુઃખને બદલે આનંદરૂપ બની ગયા.

એક ડોશીમા કર્મવાદમાં સમજે નહિ અને આવીને કહે: "બિચારા મહાવીર તો દુઃખી દુઃખી થઈ ગયા." એને ભગવાન ઉપર દયા આવી! "ઘરમાં ત્રીશ વર્ષ સુધી રહ્યા ત્યાં સુધી દુઃખ ન પડયું અને બિચારા સાધુ થયા એટલે દુઃખી જ દુઃખી."

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એમણે નોકરના કાનમાં સીસું રેડાવ્યું હતું તે કર્મ ઝબકીને આવ્યું. "લાવ, આજ હું તમારા કાનમાં ખીલાં નાખું." ભગવાન સમતા રાખે છે. 'લે તું પણ લઈ જા. તું ખીલા નથી મારતો, દેવું લે છે.' દેવું જ દેવાનું હતું, બાકી કાંઈ નહિ. ન મનમાં દ્વેષ, ન ધિકકાર કે ન તિરસ્કાર!

આપણને તો એક કીડી કરડે અને ઊંચા નીચા થઇ જઈએ. સામાયિક નહિ કરી શકો, માળા નહિ ગણી શકો. ધ્યાનમાં હો અને પહેલે નવકારે કીડી ચટકે તો શું તમે ત્રણ નવકાર સુધી કીડીને લોહી પીવા દેશો? ટાઈમ બહુ લાંબો નથી પણ તમે કેટલી ધીરજ રાખી શકો? તમે તો કહો "શુભસ્ય શીઘ્રમ્." પહેલાં એને કાઢો!

જેમ જેમ કર્મથી પ્રભુ ખાલી થતા ગયા તેમ તેમ પૂર્ણ બનતા ગયા.

પૂર્ણતાની આ એક નવી વિશિષ્ટતા છે. જે આત્મા કર્મથી અપૂર્ણ બને છે, બધા જ કર્મોને ખંખેરી નાખે છે, અંદર ભરેલા કર્મોને કાઢી નાખે છે તે અંદરથી પૂર્ણ થતો જાય છે.

માટે જ વેરઝેરને, જૂના કલેશોને કાઢી નાખો કોઈ યાદ કરાવે તો કહો: હવે એ વાતને જવા દો, ભૂલી જાઓ. ઝઘડા થયા હતા; થયા હશે, કઈ સાલમાં થયા હતા? ૧૯૬૦ માં થયા હતા, તો અત્યારે ૧૯૬૮ ચાલે છે, આઠ વર્ષ થઈ ગયાં.

એવો કયો મૂર્ખો હશે જે જૂના ઘાને કાપો કરીને પાછો જીવતો કરે?

લોકો જૂની જૂની વાતો જ યાદ કરતા હોય છે. "આણે મને આમ કહ્યું, આણે મારું અપમાન કર્યું."

આવી જૂની વાતો મગજમાં ભરીભરીને આપણે સ્ફૂર્તિ-મય, સુંદર, તાજી વાતો વસાવી શકતા નથી. સુંદર તાજી વાતોને લાવવા અને વસાવવા આ સડેલી વસ્તુઓને કાઢવી પડશે.

તમારે કોઈની સાથે પાછો સારો સંબંધ થયો હોય તો બીજા આવીને યાદ કરાવે: "તમે એની સાથે બેસતા થઈ ગયા? તમારે તો એની સાથે ઝઘડા થયા હતા ને? ભૂલી ગયા?" શું એવું વિષપાન કરાવનારા નથી?

પણ જે ડાહ્યા છે એ તો કહે: "ભૂલી જાઓ."

જેટલા હેરાન કરનારા છે એ બધા ય લેણિયાતો છે. જો લેણિયાત ન હોય તો તમારો અને એનો ભેટો થાય જ કેમ? તમારે અને એને સંયોગ થાય જ કેમ? લેણિયાત છે તો સંયોગ છે. લેણિયાતોને જે લેવું હોય તે ભલે લઈ જાય; પણ તમે તમારા મનની સ્થિરતા રાખો. એ વખતે વધારે દ્વેષ, વધારે તિરસ્કાર, વધારે ક્લેશની પસ્તી આત્મામાં ન ભરો તો જ સારી વસ્તુ માટે ત્યાં અવકાશ રહેશે.

જે ખાલી છે, જેનો કર્મનો કચરો નીકળી ગયો છે એ આનંદથી પૂર્ણ છે. દ્વેષથી અપૂર્ણ એટલે પ્રેમાનન્દથી પૂર્ણ!

એક કૂવામાંથી ગામના માણસો પાણી અને કચરો કાઢતા હતા, કૂવાને ખાલી કરતા હતા. પૂછ્યું: "શું કરો છો?" "કૂવાને સુંદર પાણીથી ભરવું છે." પૂછ્યું: "કેવી રીતે?" કહે: "આ કચરો, ગંદુ પાણી અમે ઉલેચીને કાઢી નાખીશું તો પાતાળ કૂવામાંથી નવો પ્રવાહ (flow) ફૂટશે. જ્યાં સુધી આ કચરો છે અને ગંદુ પાણી છે ત્યાં સુધી પાતાળનું નવું પાણી અંદર નહિ આવે."

નિર્મળ પાણી આવે ક્યારે? કચરો, ગંદુ પાણી નીકળે ત્યારે; અપૂર્ણ થાય ત્યારે પૂર્ણ થાય. કચરો કાઢ્યા વિના છૂટકો નથી. કચરો રાખવો અને પૂર્ણ બનવું એ બે કદી બનતું નથી. વેર રાખવું, ધિક્કાર રાખવો અને ધર્મ કરવો એ કદી નહિ બની શકે.

જેને ધર્મી બનવું છે એને તો બધું જ કાઢવું જોઇએ, ખાલી થવું જોઈએ. અપૂર્ણ થયો એટલે પૂર્ણતા અંદરથી ઊભરાશે.

પણ જો તમે પૂરવા માંડશો, બહારથી ભરવા માંડશો, ઉપરથી કચરો નાખવા માંડશો તો ધીમે ધીમે ઓછું થશે, ક્ષય થશે અને અધૂરું થઇ જશે.

જે અંદરથી પૂર્ણ બનીને આનંદસ્વરૂપ બન્યા છે. એ પૂર્ણાનંદ આત્માઓનો આ અદ્ભુત સ્વભાવ છે. અદ્ભુત શા માટે? કારણ કે જગતમાં આવું કદી બન્યું નથી, જગતમાં તો કાંઈ જુદું જ બને છે. જગતમાં વસ્તુઓથી ભરાયેલો માણસ પૂર્ણ કહેવાય છે જ્યારે અહીં અપૂર્ણ માણસ પૂર્ણ બને છે. આ વાત જગતમાં અદ્ભુત અને આશ્ચર્યકારક છે.

આપણો અત્યાર સુધીનો અભ્યાસ, સંસ્કાર અને વિચાર, દુનિયામાં જે ભરેલો છે, વધારે સાધનવાળો છે એને પૂર્ણ કહે છે. લોકો શું કહે? "તમને શું ખામી છે? તમે તો પૂરેપૂરા સુખી છો." સુખી તો ખરા પણ પૂરેપૂરા સુખી!

અત્યાર સુધી જમણા હાથે લખતા આવ્યા છો, હવે ડાબા હાથે લખવાની જરૂરિયાત ઊભી થાય તો શું થાય? અક્ષર જલદી પડતા નથી અને પડે તો અક્ષરો સીધા આવતા નથી.

એમ અત્યાર સુધીની ભરવાની, સંઘરવાની ટેવ, રસ્તામાં ડબલું પડયું હોય તો ય કો'કવાર કામ લાગશે સમજીને વીણવાની ટેવ છે એને છોડવી પડશે. સંગ્રહની વૃત્તિમાંથી નીકળવું પડશે.

આત્મા જેમ જેમ વૃત્તિઓ, વિષયો અને વાસનાઓથી ભરાતો જાય તેમ તેમ એ પોતાના સ્વભાવને ઓછો કરતો જાય છે: વાસના, વૃત્તિઓ, વિચારોથી ખાલી થાય તો જ અંદરથી ભરાય.

ખાલી આત્મા ભરાઈ જાય છે અને ભરાયેલો આત્મા ખાલી થાય છે.

દુનિયાના દરેક ધર્મમાં, ભાષામાં સારા માણસો થયા છે. સારા માણસો ન હોય તો એ દેશ, એ પ્રજા જીવી જ ન શકે.

અંદરની પૂર્ણતા બહારના વૈભવના ભભકાનો ઉપહાસ કરે છે. માનવી એવી કક્ષાએ પહોંચે છે ત્યારે સોનું પણ એમની આગળ શરમાઈ જાય છે. પ્રભુના ચરણોમાં સોનું પણ આળોટતું હતું, કહે; 'મારા ઉપર પગ મૂકો તો હું પણ ધન્ય થઈ જાઉં."

જેણે બધું છોડયું એના ચરણ આગળ કમળ પણ સોનાનાં થઈ ગયાં. આત્માની આ ભૂમિકા છે. આ ભૂમિકાનો સ્પર્શ થતાં સોના પ્રત્યેની મૂર્છા, મમતા નીકળતાં વાર નહિ લાગે.

ભરત મહારાજે ભરાવેલી સુવર્ણ અને રત્નની પ્રતિમાઓને ગુફામાં મૂકવી પડી. શા માટે ? લોકોનાં મન ભગવાનને જોવાને બદલે રત્ન અને સોનાને જોવા લાગ્યાં. ભગવાનને જ લોકો વેચી ખાવા તૈયાર થયા.

લોકોમાં અક્કલ નથી. ફરી પાછા સોના ચાંદીના ભગવાન બનાવવા લાગ્યા. પૈસા અદ્ધરના આવે એટલે બુદ્ધિ પણ સદ્ધર થવાને બદલે અદ્ધર થાય. દેરાસરમાં ચોરોનો વધારો કરે.

પછી છાપામાં આવે કે ભગવાન ચોરાઇ ગયા. ભગવાન નથી ચોરાયા, સોનું અને ચાંદી ચોરાયાં છે. ભગવાન તે કદી

ચોરાતા હશે ? ભગવાનને ચોરનારો તો તરી જાય. પણ એ તો સોના ચાંદીનો ચોર છે.

અરબસ્તાનમાં રાબિયા નામની સજ્જનબાઇને પરમાત્મામાં ખૂબ વિશ્વાસ. એનો નિયમ કે રોજનું જોઈએ એટલું રાખે, બાકીનું આપી દે; સંગ્રહ નહિ, સંગ્રહ કરે તો લેવાવાળા આવે. જ્યાં સંગ્રહ ત્યાં કીડીઓ.

એક ધનિકને થયું કે રાબિયા 'બિચારી' બહુ ગરીબ છે, રોજ ભગવાનનું નામ લે છે પણ બિચારીની ગરીબી ટળતી નથી. અશરફીઓથી ભરેલી, જરીની નાની થેલી લઈને એ રાબિયાને બારણે આવ્યો. વિચાર આવ્યો 'આને આપવી કેમ ?' એની હિંમત જ ન ચાલે. રાબિયાનાં તેજ, એકાગ્રતા અને પ્રસન્નતા આગળ એ પોતે જ નાનો લાગવા લાગ્યો. એની આગળ આ વસ્તુ ધરવી કેમ ?

એટલામાં રાબિયાના અંતેવાસીને આવતો જોયો. એણે પૂછયું: "શાહુકાર આપ અહીં કેમ ઊભા છો ?" "ભાઈ ! મારે આ ભેટ ધરવી છે, રાબિયાને આ અશરફીઓ ધરવી છે, મારું આ કામ તમે ન કરો ?" એણે હા કહી અને અંદર આપવા ગયો.

પ્રણામ કરી રાબિયાને કહ્યું: "રાબિયા ! આપને એક ધનવાન શેઠ કાંઈક ભેટ ધરવા માગે છે." "શું ભેટ ધરવા માગે છે ? આત્માની કાંઈ વાત આપે છે ? કોઇ નવો સંદેશો લાવ્યો છે ? મારા મનમાં વસેલાની કોઈ વાત છે ?" "ના ના, એ તો એક નાની અશરફીઓની થેલી લઈને આવ્યો છે."

રાબિયાએ કહ્યું: "તું આટલા દિવસથી મારી પાસે

આવે છે છતાં મને સમજતો નથી ? અશરફીઓ રાખીશ તો ચોરો આવવા માંડશે. પછી અહીં આવનાર લોકોની આંખમાં પ્રભુનો પ્રેમ નહિ; પૈસો હશે; શ્રદ્ધા નહિ, સોનું હશે.

"તું સાંભળ ? જે ભગવાનને નથી માનતા, જે ઈશ્વરના વિરોધી છે એમને પણ ખાવા, ઓઢવા અને રહેવા મળે છે તો જે ચોવીસે કલાક ભગવાનના ગુણ ગાય છે, એનાં ચરણોમાં જેણે પોતાનું જીવન આપી દીધું છે એને શું ખાવા, પીવા અને રહેવા નહિ મળે ? નથી માનતા એને જો મળે છે તો હું તો એને માનનાર છું ! મને નહિ મળે એવો મારે અવિશ્વાસ શા માટે રાખવો જોઈએ ?"

આવી અસીમ શ્રદ્ધા કેટલી સાધના પછી આવે છે ? આવી શ્રદ્ધાનો ઉદય થયા પછી વાતો પણ એની, વિચારણા પણ એની, સ્વપ્નાં પણ એનાં.

જીવનમાં કો'ક એવી પળો તો આવી હશે જ્યારે થયું હશે કે હવે કાલે શું કરીશ ? પછી બેંકના પૈસા ભરવાના હોયકે કોઈ આસામીના પૈસા ચૂકવવાના હોય; ઘરે લગ્ન પ્રસંગ આવ્યો હોય કે કોઈ સારા પ્રસંગે કોઈને આપવાનું હોય. તમને એમ કદીક તો થયું જ હશે કે કાલે શું કરીશું ? કોણ જાણે કેમ, રાતના અગર સવારના કોઈ આવે અને તમને એ વસ્તુ આપી જાય. તમે શું કહો ? 'ભગવાને લાજ રાખી.'

તમારામાં તમને પૂરેપૂરો વિશ્વાસ હશે તો એ વિશ્વાસ વસ્તુને ખેંચીને, લાવીને તમારી આગળ મૂકી દેશે.

પણ માણસ પાસે એવો વિશ્વાસ નથી. દરેક બાબતમાં શંકા, દરેક કામ શંકાથી જ શરૂ કરવામાં આવે તો તે પાર કેમ ઊતરે ?

શંકા અને કંકા એ તો દર્શનાચારના અતિચાર ગણવામાં આવ્યા છે.

જે કાંઈ કામ કરો તે શ્રદ્ધાથી કરો તો જ તમે જરૂર પાર ઊતરી જાઓ.

તર્કે નુકશાન પણ કર્યું છે, કોઈ બાબતમાં એ દઢતાથી વિશ્વાસ જ કરી શકતો નથી. બધી બાબતમાં ભયથી વિચારે, 'આ થાશે કે નહિ થાય?' 'નહિ થાય' એ વાકય છેલ્લું આવે છે એટલે લગભગ છેલ્લું વાકય જ ઊભું રહે.

પણ જે નક્કી કરીને જાય છે, "થશે જ" એને સફળતા મળ્યા વિના રહેતી નથી.

આ શંકાઓના કચરાને કાઢીને ખાલી થાઓ, અપૂર્ણ બનો તો શ્રદ્ધા અંદર આવીને નિવાસસ્થાન કરશે. જ્યાં શ્રદ્ધા આવીને વસી ત્યાં પાર વિનાનો પ્રકાશ છે.

આજે એટલા બધા મંત્રો શરુ થયાં છે કે મૂળ તત્ત્વ જ ચાલી ગયું. કો'ક દેવલાનો ગણે, કો'ક દેવલીનો ગણે. એમ કરતાં મૂળ મંત્ર નમો અરિહંતાણં"ની શ્રદ્ધા ચાલી ગઈ.

એને ખબર નથી કે દુનિયાના બધા જ દેવો અને દેવીઓ અરિહંતના, જેણે અંદરના શત્રુઓને હણી નાખ્યા છે તેના ચરણોનું પ્રક્ષાલન કરી રહ્યા છે. જેના ચરણોમાં દેવદેવીઓ બેસીને આરાધના કરે એ અરિહંત તમારા મનમાં વસ્યો છે? તો બીજા દેવદેવીઓની શી જરૂર?

પણ આપણને એમ કે 'નમો અરિહંતાણં' એ તો common મંત્ર છે, આપણને તો special મંત્ર જોઈએ. હવે એ special મંત્ર ક્યાંથી કાઢવો? એટલે બાપડા મહારાજો

આગળ પાછળ ૐ, હ્રીં આવું કાંઈક ગોઠવીને આપે- કે લઈ જા, આ તારે માટે special મંત્ર. માણસને શ્રદ્ધા આપવાની છે.

જેમ દરદી ડોકટરની પાસે જાય અને કહે: "સાહેબ, આ દવા કામની નથી, બીજી આપો." ડોકટર શું કરે? બીજો રંગ નાખી આપે, બીજું કરે પણ શું? મને લાગે છે કે નવકાર જેવો શક્તિશાળી અને મહામંત્ર એકે નથી રોજ એવી શ્રદ્ધાથી ગણો અને કહો: "આ જ મારું સર્વસ્વ છે." જ્યાં અરિહંતને નામે ન થાય તો બીજાના નામે શું થઈ શકે? પણ એ વસી જવું જોઈએ.

જ્યાં સુધી શંકા પડી છે ત્યાં સુધી સિદ્ધિ થતી નથી. સિદ્ધિ અને શંકાને સંબંધ જ નથી. જ્યારે શંકા કાઢી નાખો છો ત્યારે જ સિદ્ધિ અવતરે છે.

પહેલાં તમે શંકાને અને વિષયોના કચરાને કાઢી નાખો. એટલે અપૂર્ણ બનશો. જ્યાં અપૂર્ણ બન્યા પછી પૂર્ણ બનવામાં વાર નથી લાગતી.

## પૂર્ણાષ્ટક (૭)

परस्वत्व कृतोन्माथा भूनाथा न्यूनतेक्षिण :
स्वस्वत्वसुखपूर्णस्य, न्यूनता न हरेरपि ॥

જે પારકું છે એને પોતાનું માને, એના ઉપર સ્વામિત્વનો અધિકાર કરે, એને પોતાનામાં સમાવી દે અને પારકામાં પોતે એકરૂપ બની જાય, આ છે ઉન્માદઅવસ્થા. જ્યાં સુધી પોતે પોતાની અવસ્થામાં હોય ત્યાં સુધી એ સ્વસ્થ છે પણ જ્યા પારકી વસ્તુમાં સ્વત્વનો અને સ્વામિત્વનો અધિકાર આવે એટલે ઉન્માદ ઉત્પન્ન થાય.

ખચ્ચર ઉપર નાની પાલખીમાં વિઠોબાની પ્રતિમા ગોઠવી ભક્તો એક મંદિરથી બીજે મંદિર લઈ જઈ રહ્યા હતા. બજાર આવે ત્યાં બધા દુકાનદારો પ્રણામ કરવા ઊભા થાય. વાજાં વાગે, ઢોલ વાગે અને ચારે બાજુથી શેઠિયાઓ ઊતરી ઊતરીને દર્શન કરવા આવે. ખચ્ચરને થયું : આટલા આટલા લોકો મારી આગળ ચાલે, ઢોલ, નગારાં વાગી રહ્યાં છે, અરે, મારી તો મને કિંમત જ નહોતી, મારા તો ભાવ જબરા છે! ખચ્ચર રંગમાં આવી ગયું. ઢોલ વાગતું જાય અને ખચ્ચરના પગ તાલ પુરાવતા જાય. ખચ્ચર ખચ્ચર ન રહ્યું. ત્યાં મંદિર આવ્યું, પ્રતિમાને ઊતારી ખચ્ચરને છૂટું કર્યું.

ખચ્ચર તો છાતી કાઢતું બજારમાં ગયું. ચાલો, પેલા વેપારીઓને ત્યાં જાઉં, મન ભાવતી વસ્તુમાં મોઢું નાખું અને પેટ ભરીને ખાઈ લઉં. મોઢું નાખ્યું ત્યાં તો દુકાનદારો મારવા જ માંડયા. હવે ખચ્ચરને ખાવા દે ?

ખચ્ચર એ ન સમજ્યું કે ઢોલ વાગતાં હતાં, વંદન થતાં હતાં એ સન્માન તને ન હતું, તારા ઉપર જે તત્ત્વ હતું તેને હતું. તું જુદો હતો, એ તત્વ જુદું હતું. વિઠોબાની પ્રતિમા તારા ઉપર હતી. તું કયાં વિઠોબા હતો ?

તમારી પાસે પૈસો આવે. સત્તા આવે કે જે. પી. (J. P.)ની પદવી આવે તો લોકો સવારથી સહી કરાવવા આવે. તમને થાય "વાહવાહ ! મારે ત્યાં તો લોકોની કતાર લાગે છે !" મનમાં ઉન્માદ આવી જાય.

અરે ભાઈ ! કોઈ તારા દર્શને નથી આવતું. શા માટે આવે છે ? તારી પાસે જે ફરફરિયું તને સરકાર તરફથી મળ્યું છે તેને લીધે આવે છે.

વસ્તુ અને પોતે, આ બેને જુદાં પાડવાં જોઈએ. જુદા પાડી શકતા નથી–જીવનની અજ્ઞાનતા ત્યાં જ છે. પારકાંને મળતું માન પોતાને માની લે છે.

વર્ષો પહેલાંની આ વાત છે. ગરીબ ભાઈ, બહેનને ત્યાં ગયો. બહેને જેમતેમ જમાડીને રવાના કર્યો. ભાઈ. ધંધો કરવા બહારગામ ગયો. ધનવાન થયો. પાછા વળતાં બહેનને ત્યાં ગયો. બહેને ઉમળકાભેર સ્વાગત કર્યું. સન્માન કર્યું. જમતી વખતે ભાઇએ ભાણા આગળ ગીનીઓ ગોઠવી. બહેને પૂછ્યું: "તું આ શું કરે છે?" "કેમ? જેમને માટે આ ભોજન છે તેમને ગોઠવું છું. આ મને કયાં છે? ત્રણ વર્ષ પહેલાં પણ હું જ હતો ત્યારે રોટલોય પૂરો નહોતો. આજે પાંચ પકવાન, મીઠાઇઓ છે આ બધું ગીનીઓને નથી? 'સોના-મહોરો! તમે પેટ ભરીને ખાઓ, તમારે માટે આજે રસવંતી રસોઈ છે, મારે માટે તો રોટલો હતો."

કો'કવાર કો'ક વસ્તુને લીધે માન મળે, સન્માન મળે, પુજાય, પુછાય. પણ આ જીવ કેવો અજ્ઞાની! એ માની લે: "ઓહો, મારો ભાવ કેટલો બધો! શું માન મળી રહ્યું છે!" મનમાં ફુલાય, છાતી કાઢીને ફરે. એમાં કદીક કોઈ અપમાન કરે, બોલાવે નહિ તો જોઈ લો એનું મોઢું! તમારી સામે પણ નહિ જુએ. મારું અપમાન? માન કે અપમાન તને હતું જ કયાં? પૈસા હતા, પૈસાને માન હતું. પૈસા ગયા, તું તો પાછો એનો એ જ. પૈસા ગયા, માન ગયું તો હવે અપમાન સિવાય શું રહ્યું?

પારકી વસ્તુ ઉપર આ જીવ મમત્વ આરોપણ કરે છે.

જેમ જેમ એને પોતાની બનાવતો જાય છે તેમ તેમ ભૂખ ઊઘડતી જાય છે.

પછી એ ભૂનાથ હોય કે રાજાઓનો રાજા હોય પણ એને બધે ન્યૂનતા દેખાય, મનમાં ઓછું લાગે. પોતાના રાજ્યમાં, પોતાની વસ્તુઓમાં બધે ઓછું લાગે. મારી પાસે કેટલું બધું ઓછું છે, પેલાની પાસે કેટલું બધું છે!

એક રાજા મોટું લશ્કર લઈને યુદ્ધ કરવા નીકળ્યો. રસ્તામાં એક મસ્ત ચિંતક બેઠો હતો. રાજાએ પ્રણામ કર્યા. ચિંતકે ઊંચું જોયું, "રાજન! ક્યાં ચાલ્યા?" "બીજા દેશ ઉપર ચઢાઈ કરવા." "શા માટે?" "વિજય મેળવવા." "પછી શું કરશો?" "બીજો દેશ જીતવા નીકળીશ." "ત્યાંથી ક્યાં જશો?" "ત્યાંથી આગળ વધતો જઈશ." "આટલા બધા દેશો જીત્યા પછી શું કરશો?" "પછી આરામ કરીશ. પછી છેલ્લા દિવસોમાં શાંતિથી જીવનયાત્રા પૂરી કરીશ."

ચિંતકે હસીને કહ્યું: "આટલું યુદ્ધ કરીને, આટલા માણસોનો સંહાર કરીને, આટલી લોહીની નદીઓ વહાવીને પછી પણ શાંતિ લેવાના હો તો આજથી જ શાંતિ કેમ લેતા નથી? આજે તમારી શાંતિને તમારા સિવાય કોણ નષ્ટ કરે છે? તમારે અત્યારે શું ઓછું છે? ખાવા ભોજન છે, મોટો રાજ્ય ભંડાર છે, રહેવા મહેલ છે, શરીર ઢાંકવા સુંદર વસ્ત્રો છે તો પછી તમારી શાંતિમાં કોણ આડું આવે છે?"

"વળી શું તમને ખાતરી છે કે તમે જીત મેળવીને પાછા આવશો જ?"

રાજા તો આગળ વધ્યો, યુદ્ધ કર્યું. યુદ્ધમાં એ માર્યો

ગયો. મહેલમાં શાંતિ ન મળી તો શાંતિ એને રણના સ્મશાનમાં મળી.

માણસમાં રહેલી ન્યૂનતાની દૃષ્ટિને લીધે એ આખી જિંદગી સુધી દોડાદોડ કરે છે. એ નથી દોડતો પણ એનામાં ઓછપ છે, એ દોડાવે છે. શું ન્યૂન છે એ એને ખબર નથી. પણ ન્યૂનતા સતત લાગ્યા કરે છે. પોતાના માપનો પોતાને જ ખ્યાલ નથી.

તમે મુંબઈ આવ્યા ત્યારે શું વિચાર હતો? પચાસ હજાર રૂપિયા મળી જાય, રહેવા માટે ડબલ રૂમ મળી જાય તો સરસ, શાંતિથી જીવશું. આજે પચાસ હજાર ઉપર કેટલાય મીંડાં વધી ગયા પણ શાંતિ નથી.

માણસ માને છે કે મારા જેટલી અકકલ કોઈનામાં નથી અને સામા માણસના જેટલો પૈસો પોતાની પાસે નથી પૈસામાં ઓછા અને અકકલમાં વધારે. નાનું બાળક શું કહે? "પપ્પા, તમે નહિ સમજો. મમ્મી તું શું કરવા માથાકોડ કરે છે? તું આ બાબત નહિ સમજે."

"હા ભાઈ! તું જ બધું સમજે છે, અમે નહિ સમજીએ."

આ વાત પૈસામાં હોય તો સારી છે. પણ ના, પૈસામાં ઊંધું છે. ત્યાં તો હું ગરીબ છું, આ કેટલો પૈસાદાર! અમારી પાસે તો માંડ લાખ રૂપિયો હશે. બીજાની ગણતરીમાં પોતાને નાચીજ માની લીધો છે. પોતાની બાબતમાં ન્યૂનતાને જ જુએ, ઓછું જ દેખાય.

લગ્નના receptionમાં તમે જોયું હશેઃ સરસ હીરાના હાર પહેરીને બાઈ આવી હોય પણ એની નજર પોતાના હાર ઉપર નહિ, પણ બીજાના હાર ઉપર હોય 'એણે કેવો સરસ કિંમતી હાર પહેર્યો છે!'

'પારકે ભાણે લાડવો મોટો.' બીજે ઠેકાણે વસ્તુ સરસ દેખાય, તમારે ઘેર કાંઇ પણ ન લાગે. આમ લઘુતાગ્રંથિ (Inferiority complex) વધે. આ લઘુતાની ચિંતામાં આખી જિંદગીમાં કદી અંદરની પૂર્ણતાનો અનુભવ જ ન કરે.

પારકી વસ્તુઓને પોતાની બનાવીને, એના ઉપર મમત્વ રાખીને ભૂનાથ બની ગયા, દુનિયાની દૃષ્ટિએ મોટા બની ગયા, પણ અંદર ન્યૂનતા જ છે.

અઢાર વર્ષ પહેલાંની વાત છે. હું એક ગામડામાં હતો. ત્યાં એક મુસલમાન ભાઈ ટિનના ડબ્બાઓ repair કરે. સાંજે પાછા આવતાં એ રસ્તામાં મળે. હાથ જોડે. પૂછું, "મિયાં કૈસા હૈ?" કહે, "અલ્લાકી બરકત હૈ." આખા દિવસમાં એ રૂપિયા, સવા રૂપિયાથી વધારે નહોતો કમાતો. પણ એના વિચારોમાં બરકત હતી, વૃદ્ધિ હતી.

તમને? રોજના પચીસ–પચાસમાં પણ બરકત ન લાગે. કોઇ પૂછે: "કેમ છો?" શું કહો! "મરી ગયા! સરકારે મારી નાખ્યા."

મુખમાં આનંદનો શબ્દ નહિ.

સારું છે, શું ખોટું છે? ખાવા અન્ન છે, પહેરવા વસ્ત્રો છે, રહેવા મકાન છે. આથી વધારે શું જોઇએ? આમ કહેનારા કેટલા?

પુણિયાની મૂડી કેટલી ? સાડાબાર દોકડા, પણ મસ્ત. એ આનામાં બરકત, આનંદ જ આનંદ

ભગવાનની વાણી સાંભળે, ભકિત કરે, પ્રવચન સાંભળે અને સાધર્મિક ભકિત પણ કરે. ખવડાવીને ખાય.

એ સાડાબાર દોકડામાં મસ્ત! તમને સાડાબાર રોકડા મળે તો ય ફરિયાદ!

આ હરીફાઇના યુગમાં માણસ દોડી દોડીને કયા રણમાં ખલાસ નહિ થાય એ જ પ્રશ્ન છે. આજે આની સાથે હરીફાઈ તો કાલે પેલાની સાથે.

સમતાનું સુખ, શાંતિનું સુખ, મનની અંદર રહેલા સંતોષનું સુખ. આ સુખ કોનું છે? તમારું છે.

આંતરિક ગુણો જેમ જેમ આવતા જશે, અંદર ખીલતા જશે તેમ તેમ સ્વત્વનાં સુખથી પૂર્ણ બનતા જશો.

પછી ઇંદ્રની સમૃદ્ધિ જોવાથી પણ તમને મનમાં ન્યૂનતા નહિ લાગે. પછી થશે, ઇંદ્રની સંપત્તિ હોય તો પણ મારે શું ? હું તો મારી સંપત્તિમાં મસ્ત છું. પોતાના સુખમાં પૂર્ણ થાય પછી એને કોઈની ય સંપત્તિ અડતી નથી.

આત્માને પરમાત્માનો સ્પર્શ થતાં ક્રોધ, માન, અહંકાર અને તૃષ્ણામાં ઝંખતુ શરીર પરમાત્મામાં લીન બની એવું એકરસ બને છે કે આત્મા જ પરમાત્મરૂપ સુવર્ણની શુદ્ધતા અનુભવે છે.

જેનું જીવન દિવ્યતાના સ્પર્શે સુવર્ણ બન્યું નથી એ

રાજા હોવા છતાં ન્યૂનતા અનુભવે છે, જ્યારે સ્વના સુખમાં પૂર્ણ બનેલા આત્માને ક્યાંય ન્યૂનતા દેખાતી નથી.

તમારામાં જે ભગવંત સ્વરૂપ છે એનો અનુભવ કરો.

પારકી વસ્તુને પોતાની માનીને જે રાજા બન્યા છે તે રાજાઓ બનવા છતાં તેમના મનમાં ઉણપ અને હૃદયમાં ભિક્ષુક વૃત્તિ છે. સુખી, પૂર્ણ સુખી તે જ છે જે સ્વસત્તામાં સ્વસ્થ છે.

कृष्णे पक्षे परक्षीणे, शुक्ले च समुदञ्चति ।
द्योतन्ते सकलाध्यक्षाः, पूर्णानन्दविधोः कलाः ॥

## પૂર્ણાષ્ટક (૮)

આપણે આત્માના ઉત્તરગુણો વિશે સામાન્ય જાણતા હોઈએ પણ મૂળ ગુણો વિશે અજ્ઞાન છીએ. આપણે મૂળને છોડીને ડાળોને પકડીએ છીએ. ડાળો ગમે તેટલી મોટી હોય પણ મૂળની બરાબર ન થાય.

આત્માના મૂળ ગુણો જાણવાથી, ઉત્તરગુણો જીવનમાં સહજ રીતે જ આવતા જાય. મૂળ ગુણોનો ખ્યાલ આવતાં નીતિ, સદાચાર તો સહજ બની જાય. એને માટે બહારથી લદાયેલા સરકારના કાયદાઓનો કોઈ અર્થ નથી. અંદરની જાગૃતિથી એ વિચારે છે : હું સ્વરૂપે પૂર્ણ શુદ્ધ હોવા છતાં આ કેવા ધંધા કરી રહ્યો છું ? પોતાના ગુન્હાથી પોતાને જ શરમ આવે એવી પરિસ્થિતિ જ્યાં સુધી ઉત્પન્ન ન થાય ત્યાં સુધી બહારના કાયદાઓનો શું અર્થ ?

બહારથી સારા થવા માંડીએ ત્યાં જ દુઃખ ઊભું થાય છે. અંદર પલટો આવે નહિ તો બહારની વસ્તુ કેટલીક ચાલે ?

બીમાર માણસને સારા કપડાં પહેરાવીએ, કોલન–વૉટર છાંટીને, પાવડર ચોપડીને તાજોમાજો કરી બેસાડીએ તો એ કોલન–વૉટર અને પાવડરની સુરખી ક્યાં સુધી રહેવાની ? બીમારી અંદર પડેલી છે, પલટો અંદર લાવવાનો છે.

સમાજમાં બીજું બધું ઘણું વધી ગયું પણ અંદરના પલટાનો અભાવ છે. એટલે જ દેવદેવીઓ ખૂબ વધ્યાં છે, દેવતા ગુમ થયા છે. દેવતા ગુમ થાય ત્યારે જ દેવદેવીઓ પોતાનું સ્થાન જમાવે. દેવતા એક જ હોય–નિષ્ઠા. દેવદેવી અનેક હોય–શંકાઓ.

જેને એકનું જ્ઞાન થયું તે અનેક જાણે પણ જેને એકનો ખ્યાલ નથી તે અનેકમાં અટવાઇ જાય છે.

આત્માનું મૂળ સ્વરૂપ શું ? સચ્ચિદાનંદ. એ આ ભૂલી ગયો અને બાહ્ય વસ્તુઓ એની આસપાસ ચારેબાજુથી ફરી વળી. બાહ્ય વસ્તુઓનો સંગ્રહ વધતો જ ગયો.

લોકોએ ત્તારી વસ્તુઓનાં વખાણ કર્યાં અને તેં માની લીધું કે આ જ સુખ છે, છે. લોકોએ તને ભોળવ્યો, તું ભોળવાઇ ગયો.

ઠગ શું કરે ? બાળકના હાથમાં પાંચ પચીસ ચોકલેટ પકડાવી દે અને ધીમે રહીને એના હાથમાંથી સોનાનું કડું સરકાવી લે. હાથમાં candy કે ચોકલેટ આવી એટલે બાળક રાજી રાજી થાય, કૂદતો કૂદતો જાય, ઘરે આવી કહે: મમ્મી, જુઓ હું કેટલી બધી candy લાવ્યો ! મમ્મી જુએ કે candy આવી પણ કડું સરકી ગયું.

બાળકની જેમ આ જીવ વસ્તુઓ ભેગી કરે, રાજી રાજી

થાય. ઓહો! કેટલા પૈસા, કેટલું ધન, કેટલી સમૃદ્ધિ, કેટલી કીર્તિ! મુંબઈ આવ્યો ત્યારે દોરી લોટો હતો, બીજું કાંઈ નહિ અને આજે...રાજી રાજી થાય. મુંબઈ આવ્યો ત્યારની વાત યાદ કરે, આજની અવસ્થા સાથે સરખાવે, પોતાના બેંકના ઍકાઉન્ટને જોઈ ઘેલો ઘેલો થાય.

બધું આવ્યું પણ કાંડામાંથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યનું કડું તો સરકી ગયું. ભેગી કરેલી candy અને ચોકલેટો તો ઓગળી જવાની.

આ હવા જ એવી છે એ બધાને જ લાગુ પડે. પછી એ સાધુ હોય કે સંસારી; ઉપાધ્યાય હોય કે આચાર્ય; આ શરદીની હવા બધાને લાગે. પુદ્ગલ પ્રાપ્તિના પ્રવાહમાં બધા જ તણાય. આપણે ન તણાઈએ તો શું કહે? "તમને વહેવારનો ખ્યાલ નથી, એકલા નિશ્ચયમાં જ બેઠા છો. વ્યવહારમાં જેમ ચાલતું હોય એમ કરો. પ્રવાહની સામા ન થાઓ."

ચારે બાજુ પુદ્ગલની જ મહત્તા, Ice cream candy ની જ પ્રતિષ્ઠા. મૂળ વસ્તુ જ ગુમ.

આપણે મૂળ વસ્તુને શોધવાની છે, જાણવાની છે. અમાસમાંથી પૂર્ણિમા પ્રતિ પ્રયાણ કરવાનું છે.

કૃષ્ણ પક્ષનું અંધારિયું ક્ષીણ થતાં અને શુકલ પક્ષના અજવાળિયાનો ઉદય થતાં સર્વ જગત સમક્ષ પૂર્ણાનંદરૂપી ચંદ્રમાની કળા સોળે કળાએ ખીલી ઊઠે છે.

*દુનિયામાં કૃષ્ણપક્ષ એટલે ચંદ્રમાની કળાનો ધીરે ધીરે* અસ્ત અને શુકલપક્ષ એટલે ચંદ્રમાની કળાનો ધીરે ધીરે

ઉદય. જૈન તત્ત્વજ્ઞાનમાં આ વાત આત્માના ગુણમેં લાગુ પડે છે.

જેના ભવભ્રમણની મર્યાદા હજી નકકી ન થઈ હોય એવા પ્રકારના જીવને કૃષ્ણપક્ષવાળો જીવ કહેવાય. જ્યારથી સમ્યકત્વ થાય, હૃદયમાં સમજણભરી શ્રદ્ધાનો પ્રકાશ થાય, ત્યારથી એ શુકલપક્ષી કહેવાય.

અબજો મણ અંધારા કરતાં રતીભાર પ્રકાશ વધી જાય. મિથ્યાત્વઘેર્યા હૃદયમાં આત્મજ્ઞાનનો એક તણખો પ્રગટે એ સમ્યકત્વ. સમ્યકત્વ તરત્તમના ભેદે પાંચ પ્રકારનાં છે. પાંચ પ્રકારમાંથી ગમે તે સમ્યકત્વ હોય પણ એ તણખો અંધારાભરી ગુફામાં અજવાળું કરે છે.

ભોળાનાથે શું ગાયું? "એક જ દે ચિનગારી" એક ચિનગારી મળે તો બધો જ કચરો સળગી જાય, પણ ચિનગારી કયાં છે?

ગામડામાં દીવાસળી ન હોય તો શું કરે? પડોશમાં ચૂલો ચાલતો હોય તો એમાંથી છાણામાં એક અંગારો લઇ આવે, એનાથી આખાય ઘરની રસોઇ થાય.

એક તણખો આવે તો જીવન આખું ઉષ્માથી ભરાઇ જાય.

હે મહાનલ! હે પરમાત્મા! તારી પાસે પૂર્ણ સમ્યકત્વ–ક્ષાયિક સમ્યકત્વ છે એનામાંથી માત્ર એક તણખો માગું છું. આ ચિનગારી ન મળે તો બધું મળ્યું, ન મળ્યા બરાબર છે, અને એ મળી જાય અને કદાચ દુનિયાની હરીફાઈમાં આગળ ન નીકળો તોય કંઈ વાંધો નહિ. જે માટે આવ્યા હતા તે તો મળી ગયું!

આ સમ્યકત્વની અનુભૂતિ પછી જ જન્મ–મરણના ફેરા નક્કી થાય. આ સમ્યકત્વ પછી ગમે એવો પાપી હોય તો પણ એ અર્ધપુદ્ગલ પરાવર્તમાં તો મોક્ષે જાય જ.

પુદ્ગલપરાવર્ત એટલે આ ચૌદરાજલોકમાં જીવ એક ઠેકાણેથી મરીને, ભમીને પાછો એની બાજુમાં આવે, એમ કરતાં કરતાં ચૌદરાજલોકનું ચકકર પૂરું કરે ત્યારે એક પુદ્ગલ-પરાવર્ત.

ચોપાટીમાં જન્મ લીધો પછી પાયધુનીમાં જન્મ લે એમ નહિ, પણ ચોપાટીમાં જે ઠેકાણે જન્મ લીધો એની બાજુમાં હજારો ભવ ભમીભમીને આવે અને ત્યાં જન્મ લે, એમ કરતાં કરતાં ચૌદરાજલોકના બધા પ્રદેશો પૂરા કરે ત્યારે એક ચકકર પૂરું થાય.

હબકી જવા જેવી વાત છે! પણ ના. સમ્યકત્વ થાય પછી એ જીવના ભવ નક્કી થાય. સમ્યકત્વ થયા પછી વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તમાં તો આ જીવ મોક્ષે જવાનો જ.

કોઈ જીવ પ્રગતિના માર્ગે તીવ્રતાથી જતો હોય, સાધના ઉત્કૃષ્ટ કરતો હોય તો સાત કે આઠ ભવમાં પણ મોક્ષે જાય, નહિતર છેવટે અર્ધપુદ્ગલપરાવર્તમાં તો જાય, જાય અને જરૂર જાય.

આવું સમ્યકત્વ જેને થાય એ જીવને શુકલપક્ષી કહેવાય.

જે ઘડીથી આત્મામાં આ જાતની સમ્યકત્વની અનુભૂતિ થઈ તે સમયથી એ શુકલપક્ષમાં આગળ વધી રહ્યો છે.

એને આજ સુધી પુદ્‌ગલની મમતા હતી, હવેથી આત્માની સમજણ શરૂ થઈ. આત્માની સમજણ એટલે પુદ્‌ગલ મૂકી જ દે એમ નથી. કારણ કે જ્યારે બધાં કર્મો પૂરાં થાય ત્યારે જ આત્મા પુદ્‌ગલની પકડમાંથો છૂટી શકે. પણ સમજણ આવતાં હૃદયમાં દૃઢ સંકલ્પ લે. એ જગતમાં રહે ખરો, પણ જુદી દૃષ્ટિથી રહે.

આસક્તિ અને અનાસક્તિનો આ વિચાર ચાલે છે, ત્યારે થોડા સમય પર બનેલો એક પ્રસંગ યાદ આવે છે.

મોટી ઉંમરના એક ભાઈ પ્લેનમાં આવી રહ્યા હતા હવામાન ખરાબ થતાં પ્લેનનાં ups અને downs વધી ગયાં. પ્લેન એકાએક ઉપર જાય અને તરત જ નીચે જાય. Pilot સાવધાન છતાં ભયભીત બની ગયો, પરસેવો પરસેવો છૂટે, મૃત્યુ નજીક દેખાયું.

પ્લેનમાં બેઠેલાં આ ભાઇએ થોડાંક વ્યાખ્યાન સાંભળેલાં, અનુભવરસનો ઘૂંટડો પીધેલો. વિચારવા લાગ્યા : અત્યારે બૂમો પાડવી નકામી છે. કોઈ જ બચાવી શકે તેમ નથી, બચાવનારો પોતે જ મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. બીજુ કોઈ યાદ આવતું નથી.

અરિહંતનું શરણું લીધું. જે થવાનું હોય તે થાય. 'હે પ્રભુ! આ શરીર તારે ચરણે સોંપી દઉં છું. તારા સિવાય મારું બીજુ કોઈ નથી, શરણાગતિ સ્વીકારી જીવનનેમ સર્પિત કરી નાખ્યું.

પ્રભુના સ્મરણમાં ને સ્મરણમાં જાણે ઊંડી ગુફામાં ઊતરતા હોય તેમ એ ઊંડે ને ઊંડે ઊતરવા લાગ્યા. શાંતિમાં અંદર ઊતરી ગયા. અંદર અનુભૂતિ થઈ, જાણે મૃત્યુને અડી આવ્યા.

સાડા પાંચ-છ ફીટના માણસમાં અંદર અબજો ફીટનું ઊંડાણ પડયું છે. fathomless છે, એનું માપ કાઢવું જ અશક્ય છે.

એ શરણાગતિમાં દેહ સાથેનો સંબંધ તૂટી ગયો અને પરમતત્ત્વ સાથે સંબંધ જોડાઇ ગયો. આ માનસિક અનુભૂતિ અદ્ભુત હતી.

થોડીક ક્ષણોમાં હવામાન સુધરી ગયું. પ્લેન બરાબર ઊડવા લાગ્યું. આંખ ખોલી તો ચેતવણી (warning)ની લાલ નિશાની (light) બંધ થઇ ગઈ હતી. બધું જ બરાબર ચાલતું હતું.

પ્લેન નીચે ઊતર્યું અને એ ભાઈ બધાં કામને પડતાં મૂકી સીધા મારી પાસે આવ્યા. એમના મુખ પર અનુભવની સુરખી કોઈ જુદી જ હતી.

"મહારાજશ્રી ! જીવનનો એક નવો અનુભવ થયો. તમે વ્યાખ્યાનમાં ઘણીવાર અંદર ઊતરવાની વાત કરી હતી, પરમાત્માની સાથે જોડાણ કરવાની વાત કરી હતી, પણ મારા મનમાં બેસતું નહોતું, 'કેવી રીતે એ અનુભવ થાય?' આજે એનો જ અનુભવ થયો. અનુભવ ઝાંખો ન પડે, સ્મૃતિમાંથી સરકી ન જાય એટલે બધાં કામ બાજુમાં મૂકીને હું આપની પાસે દોડી આવ્યો.

"આજે મને સમજાયું કે જીવનમાં કોઇ કામ મહત્વનું (important) નથી. ગમે તેટલાં મહત્વનાં કામ હોય પણ જો વિમાન તૂટી ગયું તો એ અધૂરાં કામનું શું થાત? આજથી મેં નક્કી કર્યું છે કે દુનિયામાં કોઈ કામ આત્માનાં કામ કરતાં મહત્વનું નથી. મારે જે કરવાનું છે એ મારી શાંતિ

માટે કરવાનું છે. કોઈ કહે કે આ કામ મહત્ત્વનું છે, એના વગર રહી શકાય એમ નથી. તો કહીશ, 'ના, એવું નથી. સુલેહનું મહત્વભર્યું કામ કરનારા, શાંતિ સ્થાપવા માટે જનારા સંયુક્ત રાષ્ટ્રના મંત્રી Dag Hammarskjoldનું પ્લેન તૂટતાં મૃત્યુ થયું. તો એની જગ્યાએ બીજા આવીને ઊભા રહ્યા. એમનું કામ બીજાએ હાથમાં લીધું. માટે આ જગતમાં કોઈ કામ એવું અનિવાર્ય તો નથી જ એ મને સમજાયું. આજ સુધી હું માનતો હતો કે મારા વિના મારી ઓફિસમાં શું થશે? હું નહિ જાઉં તો બહારના call કોણ લેશે? ચેકો પર સહી કોણ કરશે? ધંધો કોણ સંભાળશે? પણ જો વિમાન તૂટી ગયું હોત તો આ બધું કરવા કોણ આવવાનું હતું? મારી જાતને હું જે રીતે ખોટી મહત્તા આપતો હતો એ ગર્વનો વિચાર નીકળી ગયો.

"પ્લેનમાં જ્યારે બધા ગભરાયા, બૂમાબૂમ કરવા લાગ્યા ત્યારે આત્મા અંગે મેં જે સાંભળ્યું હતું, વાંચ્યું હતું એ યાદ આવ્યું.

"આવી પળ આવતાં અંદર કેમ ઊતરવું એ સમજાયું. વીજળીની જેમ એ વિચાર ચમક્યો. બૂમાબૂમ કરવાં કરતાં પરમતત્ત્વને પકડીને અંદર કેમ ન ઊતરવું? એ એકત્વ ભાવનામાં એટલો અંદર ગયો કે જેનો સ્પર્શ નહોતો કર્યો એનો સ્પર્શ થયો, જેનો માત્ર વિચાર જ કર્યો હતો એની અનુભૂતિ થઈ. અનુભવની જે દુનિયામાં પગ પણ નહોતો મૂક્યો ત્યાં આખો ને આખો પહોંચી ગયો. એકાગ્રતાથી દીવાલો તોડીને અમરત્વનાં દ્વાર સુધી પહોંચી ગયો.

"આજસુધી મૃત્યુને ભયંકર માનતો હતો, મૃત્યુની બીક લાગતી હતી, એ બીક જ ન રહી. સમજાયું કે મૃત્યુ બીજું

કાંઈ નથી પણ એક અદૃશ્ય (unseen) મહાસાગરમાં અહીં ડૂબકી મારીને કયાંક નીકળી જવાનું છે. તરનારો જાણે છે, કયાંક ડૂબકી મારે અને કયાંક નીકળી જાય. વચ્ચેનો પચીસ હાથનો પટ એમ્નો એમ વિંધાઈ જાય. કો'કને થાય કે અહીં ડૂબકી મારીને કયાં ગયો ? પણ ડૂબકી મારનારો જાણે છે. ઊંડાણમાં ગયો, અંદર તરીને બહાર નીકળી ગયો. મૃત્યુ એ બીજું કાંઈ નથી, આ પારથી પેલે પાર જવાનું છે.

" આપણે સહુ આ જગતમાં ડૂબકી મારીએ છીએ અને બીજે ઠેકાણે નીકળીએ છીએ. જેની short sight છે એને દેખાતું નથી. પણ એ તો આઘે નીકળી ગયો. બહુ દૂર ગયો, નરી આંખેથી ન દેખાય, એ જોવા માટે દૂરબીન જોઇએ. આ દૂરબીન કોણ છે ?

" પ્રભુનો સ્પર્શ એ જ દૂરબીન છે. દૂરબીન બતાવે છે કે કોઇ મરી ગયું નથી. બધા યે બેઠા છે, માત્ર સ્થાન બદલાઇ ગયું છે.

" મેં ચિંતા કરવાનું છોડી દીધું. આ જ્ઞાન આવ્યું, અનુભવ થયો અને ચિંતા ચાલી નીકળી.

"એકાગ્ર બન્યો, ઊંડાણમાં ઊતર્યો, મૃત્યુને સ્પર્શવા ગયો તો મૃત્યુનું જ મૃત્યુ થયું."

આજના તર્કવાદના યુગમાં પરમાત્મા પ્રત્યેનું સમર્પણ અંધ શ્રદ્ધા (blind faith) લાગે. પણ તર્કની અમુક મર્યાદા છે. એવી પણ જગ્યા આવે છે જ્યાં તર્કની દીવાલો તૂટી જાય છે અને શ્રદ્ધા સાથે જોડાણ થાય છે. અનુભૂતિ થાય કે અહીં તર્ક કામ લાગે તેમ નથી.

જ્યાં સુધી બુદ્ધિ ચાલતી હોય, વસ્તુને બુદ્ધિથી ગ્રહણ કરી શકાતી હોય ત્યાં સુધી તર્ક કરો એ સારી વાત છે. પણ જીવનમાં એવી ક્ષણ આવે જ્યાં તર્ક નથી કરાતો, બોલવાનું બંધ થઈ જાય છે, ત્યાં માત્ર અનુભવ જ રહે છે.

આવી અનુભવની ક્ષણ જીવનમાં ક્યારે આવે? વિપત્તિઓ આવ્યા વિના આ દેહમાં રહેલાં તર્કનાં બંધનો તૂટતાં નથી.

માટે જ કહ્યું છે કે કેટલીકવાર વિપત્તિઓ સંપત્તિઓ બની જાય છે, Hardships are blessings in disguise.

એકલી સંપત્તિ બહુ ખરાબ છે. એકલું સુખ બહુ નુકસાનકારક છે, એકલો પૈસો માણસને ગાંડો કરી મૂકે છે. આ બધું થોડું થોડું આવે તો સારું.

કેરી ખાઓ છો તો સાથે કારેલાં નથી ખાતાં? નહિતર એકલી કેરીથી પેટમાં કરમિયા જ જન્મે.

બલ્બને લેમ્પમાં લગાડવો હોય તો સૉકેટમાં ગોળ ફેરવવો પડે છે. જ્યાં સુધી centre મળે નહિ ત્યાં સુધી ફેરવ્યા કરો. ફેરવતાં ફેરવતાં જોડાઈ જાય ત્યાં તરત પ્રકાશ થાય.

જીવનમાં બધા જ દિવસો સરખા નથી હોતા. કોઈ એક એવી પળ આવે છે અને એ પળમાં આત્માનું પરમાત્મા સાથે જોડાણ થાય. એ પળને પ્રાપ્ત કરવા માટેનો જ આ *પ્રયત્ન છે. અહીં રોજ આવો છો. દોડીદોડીને આવો છો.* રોજ દેરાસર જવાનું, રોજ પ્રવચન શ્રવણ કરવાનાં, મનન કરવાનું, શા માટે? એ પળ માટે કે જે પળમાં આ બલ્બ સૉકેટમાં બેસી જાય! કેન્દ્ર મળે તો પ્રકાશ થાય.

આજે કેટલી બધી ચિંતા લઈને બેઠા છો. સામાયિક કરો પણ જીવ શાકમાં હોય. ધ્યાન ધરવા બેસો અને શાકનો વિચાર કરો તો પરમાત્મા પાસે કેવી રીતે જઈ શકો ?

આવી ઘણી વાતો લઈને બેઠા છો. નકામી વાતો મગજમાંથી કાઢયા વિના સારી વસ્તુ નહિ આવે.

મનમાં ધિક્કાર છે, દાવપેચ છે, વેરઝેર છે. આ બધું લઈને ભગવાન પાસે કેવી રીતે જવાય ?

આ દાવપેચ અને પૂર્વગ્રહની દીવાલો તોડવા એકાગ્ર થવાનું છે. એકાગ્રતાથી દીવાલો તોડવાની છે. કોઈ પણ વાતને વીંધવી હોય તો એમાં ઊંડે ઊતરવું પડે છે, એના ઉપર એકાગ્ર થવું પડે છે.

એકાગ્રતા જેટલી વધતી જાય એટલું બહારનું હાર્દ સમજાતું જાય. ઊંડાણમાં ઊતર્યા વિના ત્યાં સુધી નથી પહોંચાતું. The longest journey is the journey inwards. બધે પહોંચાય પણ અંતરની મુસાફરી સહુથી લાંબી છે. ત્યાં એકાગ્રતા અને એકચિત્ત વિના ન પહોંચાય.

આ અનુભૂતિનો વિષય છે, શબ્દોનો નહિ. જ્ઞાનસાર સાંભળતાં સાંભળતાં અનુભવવાનું છે, વિવેચન નથી કરવાનું. બહારનું બધું સમેટી લઈને અનુભવ કરીએ, ડૂબકી મારીએ તો જ તળિયે પહોંચાય અને મોતી પમાય.

શુકલપક્ષનો ઉદય થાય તેમ અંધકાર ક્ષીણ થાય. પ્રકાશ સામે અંધારું ઊભું પણ રહી ન શકે. સમ્યકત્વના ઉદય સાથે મિથ્યાત્વ ક્ષીણ થાય. ધીરે ધીરે પ્રકાશ વધતો જ જાય.

આત્માનો માર્ગ ઉતાવળિયાઓનો નથી. એ માર્ગ બહુ શાંતિનો, બહુ ધીરજનો છે. આત્મજ્ઞાન પ્રશાન્ત સાગર છે.

કોઇ કહે કે આત્મજ્ઞાન એકદમ થઈ જાય તો એને કહેજો કે સૂર્ય પણ ધીમે ધીમે ઊગે છે. બાર વાગે જેટલો પ્રખર તાપ હોય છે એ સવારના જો છ વાગે હોય તો પ્રકાશની તીવ્રતાથી લોકો આંધળા થઇ જાય.

દિવાળીનો દિવસ હતો. આખી રાત અંધકારમાં અમે પ્રભુના નામસ્મરણમાં વીતાવી. વહેલી સવારે મંદિરમાં દર્શન કરવા ગયા તો ત્યાં એટલી બધી ટ્યુબ લાઇટો ચાલુ કરેલી કે અમને તેજનાં તમ્મર આવ્યાં અને આંખો કંઈ જ ન જુએ.

આત્મજ્ઞાનનો પ્રકાશ એકદમ થાય તો માણસ ગાંડો થઈ જાય, એ ઝીલી ન શકે.

ધીમે ધીમે એ પ્રકાશ આપણામાં આવે; શાંતિથી ઉદય પામે તો એ નાનકડા તણખામાંથી મહાન જ્યોતિ બને.

પૂર્ણાનંદરૂપી ચંદ્રની કળા ધીમે ધીમે ખીલતી જાય છે. બીજની કળા ખીલતી દેખાય છે, પણ એકમે કળા નથી એમ ન માનશો. કળા તો એકમે પણ છે, પણ એ કળા એટલી સૂક્ષ્મ છે કે લોકો જોઈ શકતા નથી અને બીજની કળા બધાને દેખાય છે.

અમે નાના હતા ત્યારે બીજના ચંદ્રનાં દર્શન અવશ્ય કરતા. એક રાત્રે બીજનો ચંદ્ર જરા સુંદર દેખાયો. હું મારી ફોઇનો હાથ ખેંચીને બહાર આવ્યો. કહ્યું : "ફૂઈબા, જુઓ બીજનો ચંદ્ર." ફૂઇબા કહે : "ભાઇ! મને તો કયાંય દેખાતો નથી. કયાં છે?" આંખો ખૂબ ખોલી પણ દેખાય શાનો? એમને મોતિયો આવ્યો હતો. એમ જ અજ્ઞાનનો મોતિયો હોય ત્યારે આત્માનો ચન્દ્ર પણ અજ્ઞાનીને કયાંથી દેખાય?

એકમથી શરૂ થતી બીજરેખા પૂર્ણિમા આવતાં સોળે કળાએ પૂર્ણ ખીલે. એમ કોઇકવાર આપણામાં ઉદય થયો હોય પણ આપણને ન દેખાય.

પણ એટલું ચોક્કસ કે એ આપણામાં છે અને એટલે જ એના તરફ આપણી અભિરુચિ છે.

પૂજા કરવા ગયા હો અને બાજુમાં પ્રવચન ચાલતું હોય. થાય, લાવ સાંભળું તો ખરો! સાંભળવાનું મન કેમ થયું? કારણ કે એકમની કળા છે. એને ખબર નથી કે હું આત્મા માટે સાંભળું છું, પણ એનામાં એ રુચિ છે. એટલે જ એ તરફ મન ખેંચાય છે. જ્યારથી ખેંચાણ આ બાજુ થાય છે ત્યારથી અનુભૂતિ શરૂ થાય છે.

જેમ પૂર્ણાનંદરૂપી ચંદ્રની કળા ધીમે ધીમે વધતી જાય છે, એકમનો ચંદ્ર વધતાં વધતાં પૂર્ણ પ્રકાશ પાથરે છે એમ પૂર્ણતાને પંથે પ્રયાણ કરતો આત્મા પૂર્ણ થાય છે, સંપૂર્ણ ચંદ્ર બને છે, એ જ કેવળ જ્ઞાન છે, એ વખતે એનાં બધાં દ્વારો ખુલી ગયાં હોય.

પૂર્ણિમાના ચંદ્રને એક પણ કાળી કિનારી છે? બધી જ રૂપેરી અને પ્રકાશથી ભરેલી, પ્રકાશ મઢેલી.

આપણો આત્મા પૂર્ણ ક્ષાયિક સમ્યક્ત્વનો ધણી બને ત્યારે આત્મામાં એ જ પૂર્ણતા આવે છે. વાસનાઓની બધી જ કાળી કિનારો નષ્ટ થાય છે.

ભગવાનનું જ્ઞાન, ભગવાનનો પ્રકાશ એ માત્ર એમના પૂરતો જ નહોતો. જેટલા જેટલા એમના સમાગમમાં આવતા,

એમના સાન્નિધ્યમાં વસતા, એમની વાણીનું પાન કરતાં એ બધાને લાગતું કે આ આત્મા સંપૂર્ણ વિકાસ પામેલો છે, આ ખીલેલો પૂર્ણચંદ્ર છે. જે કોઈ આવતાં તે એકાગ્ર બની પ્રભુની વાણી સાંભળતા.

એકદા એક વૃદ્ધા માથે ભારો લઇને ખેતરથી આવી રહી હતી. ભારો વજનદાર હતો એટલે એ થાકી ગઈ હતી. એવામાં પ્રભુની વાણીના સૂર એના કાનમાં પડયા, અંદર ઊતર્યા, એના મનને ભાવી ગયા. એનું મન કહેવા લાગ્યું: લાવ, સાંભળી લેવા દે. ભાર તો જિંદગીનો છે. આવી મધુર-વાણી ફરી કયારે સાંભળવા મળશે ?

માજી એકરૂપ બનીને સાંભળવા લાગ્યાં. એ ભૂલી ગયાં કે માથે ભારો છે. જ્યારે દેશના પૂરી થઈ ત્યાં ભાર લાગવા માંડયો. અરે ! હું ભારો ઉંચકીને જ સાંભળતી હતી ?

વીતરાગરૂપ પૂર્ણચંદ્રની ચંદ્રિકાના આ જાદુ સકલ-અધ્યક્ષ છે ને ?

આજે પણ તમે સુખી ઘરના, એરકંડીશનના જીવો જ્ઞાનસાર વહાલું લાગતાં ભીંસાઇને બેસો છો ને ? આ ગુફા જેવા ખંડમાં બેસીને પણ સાંભળવા તૈયાર છો. આ મહા-પુરુષની વાણીનો પ્રભાવ છે. બીજે ઠેકાણે જવાનું હોય તો એક દિવસમાં તોબા તોબા પોકારી ઊઠો.

પણ આ જ્ઞાનરસને લીધે સહન કરતાં સુખ થાય છે, સહન કરવામાં કર્મની નિર્જરા થાય છે. પુદ્ગળ તો રોજનું છે, એને થોડી અગવડ ભલે પડે, પણ પ્રભુની વાણી કયાં વારંવાર સાંભળવા મળે છે !

ઉપાધ્યાયજી મહારાજ કેવળજ્ઞાની નહોતા, છતાં એમની વાણીમાં આટલો બધો આનંદ આવે, તો કેવળજ્ઞાનીની વાણીમાં તો શું નું શું ભર્યું હશે? જરા કલ્પી તો જુઓ. જે વાણી માલકોષમાં વહેતી હોય તે વાણી હૃદયને કેવું જકડી રાખતી હશે!

પૂર્ણાનંદની કળા બધાના દેખતાં ખીલે છે અને બધાને દેખતાં એ ખીલે છે–એમાં ફેર છે.

બાવીશ વર્ષના ભાઈ બેઠા બેઠા સારી અને ડાહી વાતો કરતા હતા ત્યાં બીજા ભાઈ આવ્યા. વાતવાતમાં કહ્યું: "મેં બીડી પીતાં તને જોયેલ." "હેં!" "હા." યુવાન જે ભાઈ બીડી નહોતા પીતા એવો દેખાવ કરતા હતા પણ વ્યસની હતા. ગભરાઈ ગયા. એણે ચોરીથી બીડી પીધી હતી, મનમાં ફફડાટ ઊભો થયો. કબૂલ કર્યું. પગે પડીને કહ્યું: "તમે મહારાજશ્રીને કહેશો નહિ. મારાં માબાપ ત્યાં રોજ જનારાં છે, એ એમને કહેશે તો મારું શું થશે?" પૂછ્યું: "તમે મને કયાં જોયો?"

બીજાભાઈએ હસીને કહ્યું કે મેં બીડી પીતા તને જોયો હતો. 'હું પોતે બીડી પીતો હતો એ વખતે મેં તને જોયો.'

તું બીડી પીતો હતો એમ નહોતું કહ્યું, પણ મેં બીડી પીતાં પીતાં તને જોયો એમ કહ્યું. વાકય એકજ છે પણ અર્થ ભિન્ન છે. છોકરો પકડાઈ ગયો.

સહુના દેખતાં કળા ખીલે છે અને કળા ખીલતાં એ સહુને જુએ છે.

આત્માની કળા પૂર્ણ ખીલે ત્યારે સહુના દેખતાં ખીલે, સહુ એને જુએ. પણ એ આત્મા સહુને દેખતો થઈ જાય. સહુ કેમ જીવે છે? શું વિચારે છે? પુદ્ગળનો શું સ્વભાવ છે?

કૃષ્ણપક્ષ ક્ષીણ થતાં શુકલપક્ષનો ઉદય થાય છે અને જગત સમક્ષ આ પૂર્ણાનંદનો ચંદ્ર સંપૂર્ણ તેજ જ્યોત્સ્નાથી ખીલી ઊઠે છે.

જ્ઞાનસારના સ્પર્શથી આપ સૌનો કૃષ્ણપક્ષ શુકલપક્ષમાં ફેરવાઓ અને પૂર્ણાનન્દની અનુભૂતિ કરો એ પ્રાર્થના...

## પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજનાં
## ચિન્તનસભર પુસ્તકો

| | | | | |
|---|---|---|---|---|
| ધર્મરત્નનાં અજવાળાં | (કર્તવ્યનું દર્શન) | આ. | ત્રીજી | ૩–૫૦ |
| પૂર્ણના પગથારે | (જીવનનું દર્શન) | ,, | બીજી | ૩–૦૦ |
| ઊર્મિ અને ઉદધિ | (પ્રાર્થનાઓ) | ,, | પહેલી | ૨–૦૦ |
| પૂર્ણિમા પાછી ઊગી | (પ્રવચનો) | ,, | પહેલી | ૨–૨૫ |
| હવે તો જાગો | (પ્રવચનો) | ,, | પાંચમી | ૨–૦૦ |
| સૌરભ | (ચિન્તનકણિકાઓ) | ,, | છઠ્ઠી | ૨–૦૦ |
| જીવનમાંગલ્ય | (મનનીય પ્રવચનો) | ,, | છઠ્ઠી | ૧–૭૫ |
| ચાર સાધન | (પ્રવચનો) | ,, | ત્રીજી | ૧–૫૦ |
| ભવનું ભાતું | (વાર્તાઓ) | ,, | ચોથી | ૧–૫૦ |
| બિંદુમાં સિંધુ | (પ્રસંગો) | ,, | છઠ્ઠી | ૦–૭૫ |
| પ્રેરણાની પરબ | (રત્નકણિકાઓ) | ,, | ત્રીજી | ૦–૫૦ |
| બંધન અને મુક્તિ | (પ્રવચન) | ,, | ચોથી | ૦–૫૦ |
| આંતર વૈભવ | | | | ૧–૫૦ |

## હિંદી

| | | |
|---|---|---|
| जीवन पाथेय | प्रथम आवृति | ०–५० |
| बंधन और मुक्ति | ,, ,, | ०–४० |
| जीवन मांगल्य | ,, ,, | ०–२५ |

## IN ENGLISH

| | |
|---|---|
| The Beacon | 4–00 |
| Lotus Bloom | 4–00 |
| Fountain of Inspiration | 4–00 |
| Bondage & Freedom | 4–50 |
| To the citizens of To-morrow | 1–00 |
| Inspiring Anecdotes | 4–50 |
| Essence & Spirit of Jainism | 1–00 |
| Training the Mind | 1–00 |